# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

06 SEPTEMBER-2026 SUNDAY

વર્ષ-15 । અંક-292 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ -10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-09

દુનિયાની નંબર 1 બેટર બની સ્મૃતિ મંધાના; આંકડા જોઈ ગર્વ થશે....





પેજ-09

'હું ઈમ્પેક્ટ પ્લેયર તરીકે નહીં રમું...' IPL 2027 પહેલા જ ધોનીના નિવેદનથી ....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 32.00 | 26.00 |




પેજ 5

ઈન્ડિયનઓઈલે CSIR-NCL પુણે ખાતે ભારતના મુખ્ય એનર્જી .....





પેજ 10

ભારતે સાચું કહ્યું હતું, અમે સમજવામાં મોડું કર્યું!....


**.....સુવિચાર.....**

જે તમને સમજે છે એમને તમારી ચોખવટની જરૂર નથી, જે તમને નથી સમજતા એની પાસે ચોખવટ કરવાનો શું મતલબ?

# પુતિને 72 કલાક માટે યુદ્ધ રોકવાનો આપ્યો આદેશ

## યુએસના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર યુક્રેન યુદ્ધ પર વાટાઘાટો માટે મોસ્કોની મુલાકાતે

(એજન્સી) રશિયા | તા.05

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિને રશિયન દળોને ત્રણ દિવસ સુધી કિવ પર હુમલો ન કરવાનો આદેશ આપ્યો છે, કારણ કે યુએસના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર યુક્રેન યુદ્ધ પર વાટાઘાટો માટે મોસ્કોની મુલાકાતે છે. રશિયાની રાજ્ય સમાચાર એજન્સી TASS એ ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવને ટાંકીને કહ્યું કે પુતિન શનિવારે વિટકોફ અને કુશનર સાથે વાતચીત કરશે. ક્રેમલિને જાહેરાત કરી હતી કે તે યુએસના વિશેષ પ્રતિનિધિઓ સાથે રશિયન નેતાની વાતચીત પછી મીડિયાને સંક્ષિપ્ત કરશે. ક્રેમલિનને ટાંકીને એપીના અહેવાલ મુજબ, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કિવ પર 72 કલાક માટે હુમલા રોકવાનો આદેશ આપ્યો છે.



### ટ્રમ્પના દૂત મોસ્કો પહોંચ્યા, શું છે મામલો?

રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના તાજેતરના પ્રયાસમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર શનિવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત માટે મોસ્કો પહોંચ્યા.

### ઝેલેન્સકીએ યુદ્ધ વિશે શું કહ્યું?

પુતિનનો આદેશ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું હતું કે કિવ યુએસ રાજદૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરની મુલાકાત દરમિયાન તેના હવાઈ હુમલાઓ અટકાવશે અને મોસ્કોને પણ આવું કરવા વિનંતી કર્યાના એક દિવસ બાદ આવ્યો છે.

## કોંગ્રેસે પંજાબના પ્રભારી બદલ્યા; ભૂપેશ બઘેલની જગ્યાએ સચિન પાયલટ



(એજન્સી) પંજાબ | તા.05

પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા, કોંગ્રેસ પાર્ટીએ તેના સંગઠનાત્મક માળખામાં નોંધપાત્ર ફેરફાર કર્યા છે. સચિન પાયલટને પંજાબના પ્રભારી મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દરમિયાન, અગાઉ પંજાબ માટે આ ભૂમિકા સંભાળતા ભૂપેશ બઘેલને આસામના પ્રભારી મહાસચિવ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. વધુમાં, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને ગુજરાતના પ્રભારીઓમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. ચાલો જોઈએ કે કયા નેતાઓને કયા રાજ્યો માટે મહાસચિવ અને પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. કોંગ્રેસે ભૂપેશ બઘેલને આસામના પ્રભારી મહાસચિવ, ગુજરાત માટે રણદીપ સુરજેવાલાને અને પંજાબ માટે સચિન પાયલટને નિયુક્ત કર્યા છે. વધુમાં, સુખદેવ ભગતને છત્તીસગઢના પ્રભારી, શ્રીવેલા પ્રસાદને મહારાષ્ટ્રના પ્રભારી અને પીવી મોહનને આંધ્રપ્રદેશના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રણદીપ સુરજેવાલા કર્ણાટકના પ્રભારી તરીકે પણ સેવા આપતા રહેશે.

## ચારેય હુમલાખોરો ખતમ!, જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોએ 'ઓપરેશન અશદર' હેઠળ મોટી કાર્યવાહી....

# 'ઓપરેશન અશદર' : પહલગામ હુમલાનો પાકિસ્તાની આતંકી યાસિર ઠાર



(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.05

જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોએ 'ઓપરેશન અશદર' હેઠળ મોટી કાર્યવાહી કરતા પહલગામ આતંકી હુમલા સાથે જોડાયેલા વધુ એક કુખ્યાત આતંકવાદીને ઠાર કર્યો છે. બડગાંવ જિલ્લાના અશદર ગલીના દુર્ગમ પહાડી વિસ્તારમાં થયેલા ઘર્ષણમાં



સુરક્ષાદળોએ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી યાસિરને મોતને ઘાટ ઉતાર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આ આતંકવાદી પાકિસ્તાનનો વતની હતો અને ત્યાંના પ્રતિબંધિત આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલો હતો. સુરક્ષા એજન્સીઓએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગુનેગારો ગમે ત્યાં ભાગી શકે છે પરંતુ છૂપી શકતા નથી. ઉલ્લેખનીય છે કે પહલગામ આતંકી હુમલા બાદ સુરક્ષા એજન્સીઓ દ્વારા ચાર મુખ્ય આતંકવાદીઓની સંયુક્ત તસવીર જારી કરવામાં આવી હતી.

### 3 દિવસ ચાલ્યું ભીષણ ઓપરેશન

સુરક્ષાદળોને બાતમી મળી હતી કે બારાગાંવના ગાઢ જંગલોમાં આતંકવાદીઓનું એક મોટું જૂથ છુપાયેલું છે. પાક્કી ગુપ્ત માહિતીના આધારે ત્રણ દિવસ અગાઉ જ્યારે ઘેરાબંધી કરીને ઓપરેશન શરૂ કરવામાં આવ્યું ત્યારે આતંકીઓ જંગલના ઊંડાણમાં ભાગી ગયા હતા.

### સર્ચ ઓપરેશન તેજ કરવામાં આવ્યું

યાસિરના માર્યા ગયા બાદ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારમાં ઘેરાબંધી કડક કરીને સર્ચ ઓપરેશનનો વ્યાપ વધારી દીધો છે. ભાગી છૂટેલા બાકીના આતંકીઓને શોધવા માટે ડ્રોન અને સ્નિફર ડોગ્સની મદદ લેવામાં આવી રહી છે. આ 5 મોટા આતંકી હુમલાઓમાં સામેલ હતો યાસિર: 4 મે 2024 (ધનાશાહ સિતાર, પૂંછ): ભારતીય વાયુસેના (IAF) ના કાફલા પર કાયરતાપૂર્ણ હુમલો, જેમાં એક એરફોર્સ જવાન શહીદ થયા હતા. 11 ઓક્ટોબર 2021 (ભટ્ટા દુર્રિયાં, પૂંછ): સેના પર થયેલા આતંકી હુમલામાં 9 જવાનો વીરગતિ પામ્યા હતા. 25 ઓક્ટોબર 2024 (બૂટા પથરી, બારામુલ્લા): સેનાના વાહન અને સિવિલિયન પોર્ટરને નિશાન બનાવ્યા, જેમાં બે જવાનો અને બે પોર્ટર શહીદ થયા હતા. 20 એપ્રિલ 2023 (ભટ્ટા દુર્રિયાં, પૂંછ): સેનાના વાહન પર થયેલા હુમલામાં સેનાના 5 બહાદુર જવાનો શહીદ થયા હતા. 21 ડિસેમ્બર 2023 (ડેરા કી ગલી, પૂંછ): સેનાના કાફલા પર ઓચિંતો હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં 4 જવાનો શહીદ થયા હતા.

### NIA એ 13 આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી

NIAએ લખનૌની સ્પેશિયલ NIA કોર્ટમાં ગાઝિયાબાદ જાસૂસી કેસમાં 13 આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં પ્રવીણ, રાજ વાલ્મીકી, શિવ વાલ્મીકી, રીતિક ગંગવાર, સમીર ઉર્ફે શૂટર, દુર્ગેશ નિષાદ, નૌશાદ, ગગન કુમાર, વિવેક, શિવરાજ, મીરા ઠાકુર અને શેન ઇરામ ઉર્ફે મહેક નામોશામેલ છે. NIA એ ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023 ની કલમ 61(2) અને 152; સત્તાવાર ગુપ્તતા અધિનિયમની કલમ 3 અને 5 હેઠળ આ કાર્યવાહી કરી છે; અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UA(P)A) ની કલમ 13, 17 અને 18. આ કેસમાં સંડોવાયેલા પાંચ કિશોરો અંગેનો વિગતવાર તપાસ અહેવાલ (DIR) 18 મે, 2026 ના રોજ ગાઝિયાબાદના જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ (JJB) ને સુપરત કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, આ કેસ મૂળ 14 માર્ચ, 2026 ના રોજ ગાઝિયાબાદ કમિશનરેટ હેઠળના કૌશાંબી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. આ કેસના સંદર્ભમાં અત્યાર સુધીમાં 21 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

## સૌથી ઓછા સ્કોરનો બન્યો રેકોર્ડ

# ભારતે પાકિસ્તાનને ફક્ત 55 રનમાં કર્યું ઢેર

(એજન્સી) નવી દિલ્હી | તા.05

એશિયા કપ 2026માં ભારત-પાકિસ્તાન મહિલા ટીમો વચ્ચે ટક્કરના મુકાબલાની આશા હતી. ભારતીય ખેલાડીઓએ તો દમદાર બોલિંગ કરી પણ પાકિસ્તાની ખેલાડીઓ બેટિંગમાં સુપર ફ્લોપ રહી. હાલમાં જ પાકિસ્તાનની પુરુષ ટીમની ઈંગ્લેન્ડમાં ભારે ફજેતી થઈ હતી, હવે મહિલા ટીમની યુએઈમાં બેઈજ્જતી થઈ હતી. મહિલા એશિયા કપ 2026માં ટીમ ઈન્ડિયાએ ગ્રુપ સ્ટેજ મેચમાં પાકિસ્તાનને ફક્ત 55 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. આનાથી મહિલા T20 આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી ઓછા સ્કોરનો નવો રેકોર્ડ બન્યો. અગાઉ, પાકિસ્તાનનો સૌથી ઓછો સ્કોર 56 હતો. શ્રી ચારણી, પ્રેમા રાવત અને દીપ્તિ શર્માની સ્પિન ત્રિપુટીએ પાકિસ્તાની બેટ્સમેનોને ક્રિઝ પર તકવા જ દીધા નહીં, જેના કારણે વિરોધી ટીમ સતત ત્રીજી મેચમાં 60 રનથી ઓછા રન સુધી મર્યાદિત રહી. શનિવાર, 5 સપ્ટેમ્બરના રોજ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે એશિયા કપ 2026 ના ગ્રુપ A મેચમાં પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો.






SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360, RENAULT ANAND Ph: 8448792901, RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268, RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

### વરસાદ પણ નથી અને હવે બોરમાં પાણી પણ નથી થયા, ખેડૂતોની પરિસ્થિતિ અત્યંત ખરાબ

# ખેડૂતો, મજૂરોને જ્યારે સાચી જરૂરત પડી છે ત્યારે નેતાઓ અને આગેવાનો ગુમ થઈ ગયા છે: ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રીને પત્ર લખવા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના ધારાસભ્યોને અપીલ કરી હતી. આ મુદ્દે તેમણે એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, અત્યારે ખેડૂતો ખૂબ જ દુ:ખી છે. હું ગામડે જતો હોઉં છું તો જોઈ રહ્યો છું કે ૩૦૦-૪૦૦ ફૂટના બોરમાં અત્યારથી જ પાણી નથી, પશુને પીવડાવાય એટલું પાણી પણ નથી. તો 108 તાલુકા જે અછતગ્રસ્ત છે તેને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો અને સરકાર પર દબાણ લાવવા તથા વિધાનસભામાં મુદ્દો ઊઠે એ માટે 57 ધારાસભ્યોને પણ પત્ર લખ્યો હતો. મેં તમામ ધારાસભ્યોને પત્રમાં વિનંતી કરી છે કે "તમે મુખ્યમંત્રીને પત્ર લખો, આપણે



તમામ લોકો ખેડૂતો, માલધારીઓ અને પશુપાલકોના દીકરાઓ છીએ. અત્યારે ખેડૂતો, મજૂરો, ભાગ્યાઓ પાયમાલ થઈ રહ્યા છે અને એ લોકોના મતે તમે ચૂંટાઈને આવ્યા છો તો શું એ ખેડૂતો અને મજૂરોના દુ:ખમાં સહભાગી નહીં બનો?" જ્યારે ચૂંટણી આવે છે ત્યારે પેજ પ્રમુખો, જાતિના આગેવાનો, જ્ઞાતિના આગેવાનો, ભાજપના નેતાઓ, તાલુકાના જિલ્લાના લોકો, અને ગામના આગેવાનો મેદાને ઉતરી જાય છે અને અત્યારે ખેડૂતોને સાચી જરૂરત પડી છે ત્યારે આ તમામ લોકો ગુમ થઈ ગયા છે.વધુમાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, કેટલાક ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે એ બદલ એમનો ખૂબ ખૂબ આભાર અને જે લોકોએ પત્ર નથી લખ્યા એ લોકોને અપીલ કરું છું મુખ્યમંત્રીને પત્ર લખો અને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની અને કુલ ચાર માંગણીઓ છે તેને સમર્થન આપો, વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવીને કોઈપણ રીતે સરકારને ઝૂકાવીએ એવો પ્રયાસ કરવા માટે હું આપ સૌને અપીલ કરું છું. ખેડૂતોને એમ થવું જોઈએ કે અમારા ધારાસભ્યો અમારી સાથે ઊભા છે. મારે કોઈ ક્રેડિટ નથી જોઈતી પરંતુ તમે તમારા ખેડૂતો માટે આ કામ કરો, શું તમે તમારી પ્રજા માટે લેટર પણ નહીં લખી શકો? જો આવું થશે તો તમે ખૂબ જ નિષ્ઠુર ગણાશો અને આગામી સમયમાં મારે તમારા નામ પણ જાહેર કરવા પડશે. ૯ તારીખથી આંદોલનનો બીજો તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે તો હું 108 તાલુકાના અછતગ્રસ્ત ખેડૂતોને અપીલ કરીશ કે આંદોલનના બીજા તબક્કામાં જોડાઓ. મજબૂતાઈથી આપણે આ મુદ્દો ઉઠાવીશું અને જ્યાં સુધી ખેડૂતો, ખેતમજુર, ભાગ્યાઓ અને પશુપાલકો પરેશાન છે ત્યાં સુધી અમારી આખી ટીમ આ મુદ્દે શાંત બેસવાની નથી.

## લોકો ટેક્સ આપે છે પરંતુ બદલામાં હલકી ગુણવત્તાવાળું કામ મળે છે કારણ કે કોન્ટ્રાક્ટમાં પહેલાથી હિસ્સેદારીઓ વહેંચાઈ ગયેલી હોય છે: ડૉ. કાયનાત અન્સારી આથા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.કાયનાત અન્સારી આથાએ એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે, ભાજપના લેટરહેડમાં લખેલો એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે. આ લેટરહેડમાં અંજાર શહેર ભાજપની ટીમે ભાજપના જિલ્લા પ્રમુખને ફરિયાદ કરતા કહ્યું છે કે નગરપાલિકાના જે પ્રમુખ છે તેમના પતિ કોન્ટ્રાક્ટમાં હિસ્સેદારી માંગી રહ્યા છે. અહીંયા સવાલ ઉભો થાય છે કે વિકાસ જનતાનો થાય છે કે ભાજપના લોકોનો? ભાજપના પોતાના લોકો આ ફરિયાદ કરી રહ્યા છે તો ભાજપનું નેતૃત્વ ચૂપ કેમ છે? એ લોકોએ નિષ્પક્ષ તપાસ કરવી જોઈએ. આ આખી સિસ્ટમ હિસ્સેદારીની સંસ્કૃતિ પર ચાલે છે. નાગરિકોને રોડ, રસ્તા, ગટર વ્યવસ્થા જેવી માળખાકીય સુવિધાઓ જોઈતી



હોય છે, અને આ તમામ વસ્તુ માટે લોકો ટેક્સ આપે છે પરંતુ બદલામાં લોકોને હલકી ગુણવત્તાવાળું કામ મળે છે કારણ કે કોન્ટ્રાક્ટમાં પહેલાથી હિસ્સેદારીઓ વહેંચાઈ ગયેલી હોય છે, આ વાત ભાજપના લોકો પોતે કહી રહ્યા છે.વધુ આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કાયનાત અન્સારી આથાએ જણાવ્યું હતું કે, હું વિચારી રહી છું કે આના પર અત્યાર સુધી એ કોઈ એક્શન લેવામાં કેમ નથી આવ્યું અને તમામ લોકો ચૂપ કેમ છે? આ મેસેજને લોકો ફોરવર્ડ કરી રહ્યા છે પરંતુ કોઈ પગલાં કેમ નથી લેવામાં આવતા? કોન્ટ્રાક્ટરને જ્યારે ટેન્ડર મળે છે પછી ક્વોલિટી એનાલિસિસના નામે કશું થતું નથી અને દરેક ક્વોલિટી એનાલિસિસના સ્તરે હિસ્સેદારીઓ વહેંચાઈ રહી છે, તો પછી કામ કઈ રીતે થશે, પૈસા તો હિસ્સેદારીમાં જતા રહે છે. તમામ હિસાબની પારદર્શિતા કેમ નથી? અંજારની જનતા ભાષણની જગ્યાએ હિસાબ માંગશે, તો સાચી માહિતી બહાર આવશે. સફાઈ પર 33 લાખનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ અંજારમાં સફાઈ ક્યાં છે બતાવો? રોડ પણ બનેલા નથી અને તમે પૈસા ખાઈ જાઓ છો. શાસક પક્ષ ચૂપ છે એની હું કડક શબ્દોમાં નિંદા કરું છું અને હું ઈચ્છું છું કે ભાજપનું ટોચનું નેતૃત્વ આ મુદ્દે જવાબ આપે.

# આદિવાસી વિસ્તારના ધાર્મિક પ્રવાસનને મળશે વધુ વેગ

નર્મદા | નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ શ્રી યાહામોગી માતાજી મંદિર, દેવમોગરા આદિવાસી સમાજની આસ્થા અને શ્રદ્ધાનું મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળ છે. દેવમોગરા ખાતે શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓને વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વિવિધ તબક્કાઓમાં વિકાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત ફેઝ-૧ હેઠળ રૂ.૧૧.૩૩ કરોડના ખર્ચે ધર્મશાળા, સેન્ટ્રલ વિસ્ટા, ટોઈલેટ બ્લોક, પથ્થરના પ્રવેશદ્વાર, પાર્કિંગ, પાથવે તથા ૨૯૫ દુકાનો જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી હતી. આ સુવિધાઓના નિર્માણથી દેવમોગરા ખાતે આવતા શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓ માટે જરૂરી પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. હવે દેવમોગરાના વધુ વિકાસ માટે ફેઝ-૨ના રૂ.૧૩.૦૨ કરોડના ખર્ચના પ્રોજેક્ટની નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ફેઝ-૨ હેઠળ બે નવા ટોઈલેટ બ્લોક, ટ્રસ્ટની જગ્યામાં ધર્મશાળા તથા શ્રી યાહામોગી માતાજી મંદિરના ગર્ભગૃહનું રિનોવેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. આ વિકાસ કામગીરીથી દેવમોગરા ખાતે આવતા શ્રદ્ધાળુઓ માટે રહેઠાણ, સ્વચ્છતા તથા મંદિર પરિસરની સુવિધાઓમાં વધારો થશે અને ધાર્મિક પ્રવાસનને વધુ વેગ મળવાની સાથે સ્થાનિક રોજગારી તથા આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે.

# GCCI બિઝનેસ વુમન કમિટીને મળ્યા નવા ચેરપર્સન

અમદાવાદ | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) પરિસર આશ્રમ રોડ, અમદાવાદ ખાતે GCCI બિઝનેસ વુમન કમિટી (BWC) નો નેતૃત્વ હસ્તાંતરણ સમારોહ યોજાયો હતો, જેમાં સહાય ના સહ-સ્થાપક અને ફ્રીડમ એનજીઓના ચીફ ટ્રસ્ટ ઓફિસર સુશ્રી જીલ શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. GCCIના સભ્યોની હાજરીમાં, વિદાય લેતા BWC ચેરપર્સન આશા વઘાસિયાએ, BWC ચેરપર્સન તરીકે કાર્યભાર શાલુ લેખડિયાને સોંપ્યો હતો. સભાનું સ્વાગત કરતા GCCIના પ્રમુખ શ્રી રાજેશ ગાંધીએ GCCIની પ્રવૃત્તિઓમાં બિઝનેસ વુમન કમિટીના નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી હતી અને ૨૦૨૫-૨૬ દરમિયાન તેમના અનુકરણીય નેતૃત્વ અને સમર્પિત પ્રયાસો માટે વિદાય લેતા ચેરપર્સન સુશ્રી આશા વઘાસિયાને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સુશ્રી જીલ શાહનું સ્વાગત કર્યું હતું અને તેમની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા માનવતાવાદી કાર્યોની સરાહના કરી હતી. નવસર્જિત BWC ચેરપર્સન સુશ્રી શાલુ લેખડિયાને અભિનંદન આપતા શ્રી ગાંધીએ તેમને સફળતાની શૂભેચ્છાઓ પાઠવી હતી અને કમિટીને ઉદ્યોગસાહસિકતા તથા રાષ્ટ્ર-નિર્માણમાં તેનું યોગદાન વધુ મજબૂત કરવા જણાવ્યું હતું. તેમણે સભ્યોને બ્રાન્ડ GCCI ને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવા પણ વિનંતી કરી હતી. વિદાય લેતા ચેરપર્સન



સુશ્રી આશા વઘાસિયાએ તેમના કાર્યકાળ દરમિયાન કમિટી દ્વારા હાથ ધરવામાં આવેલા વર્ષભરના વિવિધ પ્રોજેક્ટ્સ અને પહેલો પર પ્રકાશ પાડ્યો હતો અને GCCIના નેતૃત્વ તથા સભ્યોનો તેમના સહયોગ બદલ આભાર માન્યો હતો. ચાર્જ સ્વીકારતા નવનિયુક્ત ચેરપર્સન સુશ્રી શાલુ લેખડિયાએ તેમનામાં વિશ્વાસ મૂકવા બદલ GCCI નેતૃત્વનો આભાર માન્યો હતો અને સુશ્રી આશા વઘાસિયાને તેમના સફળ કાર્યકાળ માટે અભિનંદન આપ્યા હતા. તેમણે GCCIના ઉદ્દેશ્યો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી, સભ્યોને BWCની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી હતી અને મહિલા ઉદ્યોગસાહસિકોને વિકસિત ભારત @૨૦૪૭ ના વિઝનમાં યોગદાન આપવા જણાવ્યું હતું. BWCના સહ-અધ્યક્ષ સુશ્રી બંસી શાહે સ્વાગત પ્રવચન દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું અભિવાદન કર્યું, જ્યારે કાર્યક્રમના અનુગામી તબક્કે BWCના સહ-અધ્યક્ષ સુશ્રી નમ્રતા શાહે મુખ્ય અતિથિનો ઔપચારિક પરિચય કરાવ્યો. મુખ્ય અતિથિ સુશ્રી જીલ શાહે GCCI બિઝનેસ વુમન કમિટીના કામગીરીની પ્રશંસા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કમિટીની પહેલો સમાજના વધુ સારા ભલા માટે હોવી જોઈએ અને સકારાત્મક તથા અર્થપૂર્ણ પ્રભાવ ઉભો કરવો જોઈએ. આ સમારોહનું સમાપન BWCના સભ્ય સુશ્રી માનસી પટેલ દ્વારા આભારવિધિ સાથે થયું હતું.

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવે
Western Railway

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડતી સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવામાં આવ્યા છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નંબર 09088 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલના ફેરા 10 સપ્ટેમ્બરથી 26 નવેમ્બર, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09087 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સ્પેશિયલના ફેરા 09 સપ્ટેમ્બરથી 25 નવેમ્બર, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.ટ્રેન નંબર 09088/09087ના વિસ્તૃત ફેરાઓ માટે બુકિંગ તમામ PRS કાઉન્ટરો તેમજ IRCTCની વેબસાઈટ પર શરૂ છે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લે.

## શિક્ષણને આગળ વધારવું હોય તો શિક્ષકો તરફ ઊંડાણપૂર્વક ધ્યાન દેવું પડશે, ખાલી ફોર્માલિટીથી કંઈ નહીં થાય: જયદીપસિંહ ચૌહાણ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી જયદીપસિંહ ચૌહાણે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરી શિક્ષક દિનની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આજે શિક્ષણ વિભાગ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી તમામ શિક્ષકોને પત્ર પાઠવીને શિક્ષક દિવસની શુભકામનાઓ પાઠવી છે. અમે આ બાબતને વધાવીએ છીએ, પરંતુ સરકારને સવાલ પૂછીએ છીએ કે શું તમે શિક્ષકને ક્લાસરૂમનો રાજા રહેવા દીધો છે ખરો? શું તમે શિક્ષકની વ્યથા જાણો છો? શિક્ષકને કોમ્પ્યુટરની ગુલામી તરફ આગળ વધારી રહ્યા છો. શિક્ષક કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરતો રહે છે પરંતુ એ વર્ગખંડમાં કેટલો સમય આપે છે શું એ



સરકારને ખબર છે? દુ:ખ સાથે કહેવું પડે છે કે સરકારની શિક્ષણ વ્યવસ્થામાં કચાશ છે. આજે તમે શિક્ષકને બીપીની ગોળીઓ ગળતો કરી દીધો છે.વધુમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી જયદીપસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, બિનજરૂરી કામ કરવામાં બિનજરૂરી ડોક્યુમેન્ટેશનમાં અને બિનજરૂરી સરકારનું માર્કેટિંગ કરવામાં શિક્ષકોનો ઉપયોગ થઈ રહ્યો છે, તેનાથી ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ચિન્હ આવી જાય છે. તમે જ્ઞાન સહાયક યોજના લાવ્યા પરંતુ આજે ઘણી સ્કૂલો શિક્ષક વિહોણી છે. જો તમારે શિક્ષણને આગળ વધારવું હોય તો શિક્ષકો તરફ ઊંડાણપૂર્વક ધ્યાન દેવું પડશે, ખાલી ફોર્માલિટીથી કંઈ નહીં થાય. અને જો 2047 સુધી વિકસિત દેશ બનાવો હશે તો આ મુદ્દે તમારી ચોક્કસ કડક પગલાં લેવા પડશે.

# સબ જેલમાંથી ફરાર ખૂનનાં ગુનાના આરોપીને મહારાષ્ટ્રના શિરસગાંવથી ઝડપી પાડતી ડાંગ એલ.સી.બી પોલીસની ટીમ

### નામ અને દેખાવ બદલી દ્રાક્ષ-દાડમની વાડીમાં ખેતમજૂરી કરતો આરોપી 3 માસ બાદ ડાંગ LCB પોલીસના હાથે ઝડપાયો

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા સબ જેલમાંથી જેલગાર્ડને ધક્કો મારી ફરાર થયેલા તથા ખૂન અને મારામારીના ગુનામાં વોન્ટેડ આરોપીને ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લાના શિરસગાંવ ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપી છેલ્લા ત્રણ માસથી નામ અને દેખાવ બદલી દ્રાક્ષ તથા દાડમની વાડીમાં ખેતમજૂરી કરીને નાસતો ફરતો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, સુરત વિભાગ, સુરતના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ (IPS) દ્વારા "નો વોન્ટેડ ઈન સાઉથ ગુજરાત અભિયાન" અંતર્ગત નાસતા-ફરતા તથા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.જેના અનુસંધાને ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી અને જનેશ્વર નલવૈયાની સૂચના હેઠળ ડાંગ એલ.સી.બીનાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટર જે.જી. અનડકટ તથા તેમની ટીમે આરોપીને ઝડપી પાડવા માટે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો હતો.લોકલ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ ટીમે ડાંગ તથા આસપાસના જંગલ અને પહાડી વિસ્તારોમાં દિવસ-રાત પગપાળા ટ્રેકિંગ કરી તેમજ હ્યુમન સોર્સ



મારફતે માહિતી એકત્રિત કરી હતી.આ દરમિયાન એલ.સી.બી. ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, વઘઈ પોલીસ સ્ટેશનના ખૂનના ગુનામાં વર્ષ ૨૦૨૩થી આહવા સબ જેલમાં કસ્ટડીમાં રહેલો અને જેલગાર્ડને ધક્કો મારી ફરાર થયેલો વોન્ટેડ આરોપી વિજય મંગુભાઈ ધુમ નાસિક જિલ્લાના શિરસગાંવ ખાતે નામ અને દેખાવ બદલી દ્રાક્ષ તથા દાડમની વાડીમાં ખેતમજૂરી કરી રહ્યો છે.આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમ મહારાષ્ટ્ર પહોંચી હતી અને અલગ-અલગ ટીમો બનાવી વેશપલટો કરીને વાડી વિસ્તારમાં આરોપીની વોચ ગોઠવવામાં આવી હતી.આ દરમિયાન શિરસગાંવ ખાતે 'અજય ગાયકવાડ' નામથી ખેતમજૂરી કરતો શખ્સ જ વોન્ટેડ આરોપી વિજય મંગુભાઈ ધુમ હોવાનું જણાઈ આવ્યું હતુ.જેથી પોલીસે દાડમ તથા દ્રાક્ષની વાડીને ચારે તરફથી કોર્ડન કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. .ડાંગ એલ.સી.બી.પોલીસે આરોપીને વધુ તપાસ તથા પુનઃ જેલ હવાલે કરવાની કાર્યવાહી માટે આહવા-ડાંગ ખાતે લાવી આહવા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પકડી પાડેલ આરોપી નામે વિજય મંગુભાઈ ધુમ, ઉંમર ૩૯ વર્ષ, રહે. નાની દાબદર ગામ, તા. વઘઈ, જિ. ડાંગનાઓ સામે (૧) વઘઈ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૯૦૦૭૨૩૦૧૭૨/૨૦૨૩, ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબના ગુનામાં પોતાની પત્નીની હત્યા કરવાના આરોપસર આહવા સબ જેલ ખાતે કસ્ટડીમાં હતો.(૨) આહવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૯૦૦૨૨૬૦૩૦૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૬૧(૨), ૨૬૨, ૧૫૭, ૨૬૪ અને ૧૩૨ મુજબના ગુનામાં આહવા સબ જેલ ખાતે કસ્ટડી દરમિયાન જેલગાર્ડને ધક્કો મારી ફરાર થયો હતો. ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી. એસ.આઈ.જે.જી.અનડકટ સહીત પોલીસ કર્મીઓએ સફળ કામગીરી હાથ ધરી આરોપીને ફરી જેલનાં સળિયા પાછળ ધકેલી દીધો છે.

# ધરમપુરની વનરાજ કોલેજમાં વિદ્યાર્થીઓ પર હુમલા મુદ્દે આમ આદમી પાર્ટીએ ભાજપને ઘેરી



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી કમલેશ પટેલે એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, અમારા ધરમપુરમાં એક વનરાજ કોલેજ આવી છે અને તેની સાથે હોસ્ટેલ પણ આવેલી છે. જન્માષ્ટમીની ઉજવણી દરમિયાન થોડી ધક્કા મુક્કી થઈ અને અરાજકતા ફેલાઈ હતી અને પોલીસ આવી અને ત્યાં સમાધાન પણ થઈ ગયું હતું પરંતુ રાત્રે બીજેપી અને એબીવીપીના લોકો દ્વારા વિદ્યાર્થીઓને લાકડી, સળિયા, હાથના પંચ, કડા જેવા હથિયારો લઈને હુમલો કરવામાં આવ્યો અને ચાર વિદ્યાર્થીઓ એમાં ઘાયલ થયા છે અને માથામાં પણ વિદ્યાર્થીઓને મારવામાં આવ્યું છે. બપોરના બાર વાગ્યા સુધી આ વિદ્યાર્થીઓને કોઈ પૂછવા માટે પણ આવ્યું નહોતું. આ આદિવાસી વિદ્યાર્થીઓને કોઈ પ્રોગ્રામ હોય ત્યારે બોલાવવામાં આવે છે, અને ઉજવણી પછી દ્વેષ રાખીને આવો વિદ્યાર્થીઓ પર હુમલો કરવામાં આવ્યો, હુમલો થયો ત્યારે વોર્ડન પણ ન હતા.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા કમલેશ પટેલે જણાવ્યું હતું કે, રાત્રે હોસ્પિટલ ગયેલા વિદ્યાર્થીઓનું બપોરે 2:00 વાગ્યે સિટી સ્કેન થયું ત્યારે બહાર આવ્યું કે વિદ્યાર્થીને ગંભીર ઈજા થઈ છે, ત્યારબાદ 307 જેવી કલમ દાખલ થઈ અને ૯ જેટલા ઈસમોને પકડવામાં આવ્યા છે. ધારાસભ્ય ચૈતર વસાવા પર ગ્લાસ મારવાના આરોપમાં કેસ કરી દેવામાં આવ્યો હતો પરંતુ અહીંયા તો હોસ્ટેલમાં લોહી પણ પડેલું છે વિદ્યાર્થીઓને ગંભીર ઈજા પહોંચી છે અને હાફ મર્ડર થયું છે છતાં પણ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી નહોતી અને આપણને બધાને ખબર છે કે ઉપરથી તેમના પર દબાણ હતું. અમે લોકોએ સાથે મળીને અને વિદ્યાર્થીઓએ દબાણ કર્યું ત્યારે કલમો દાખલ કરવામાં આવી. આદિવાસી વિદ્યાર્થીઓને અને લોકોને આગળ વધવા નથી દેતા અને તેમના પર ગુનાઓ દાખલ કરવામાં આવે છે. અમે એક વખત જ્યારે ધારાસભ્ય પર હુમલો થયો હતો ત્યારે તેમને બચાવવા ગયા હતા અને તેમની સાથે બેઠા હતા તો અમારી ઉપર પણ ગુનો દાખલ કરી દેવામાં આવ્યો હતો. અમારી સાથે આવી ઘટનાઓ ઘટી રહી છે તો અમે ગામે ગામ અને જિલ્લાઓમાં જઈશું અને અમારા પર જે અત્યાચાર થઈ રહ્યો છે તે મુદ્દે લોકોને જાગૃત કરીશું અને જરૂર પડશે તો આંદોલન પણ ચલાવીશું.

# 8 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગુજરાતમાં આગમન

ગાંધીનગર | 8 સપ્ટેમ્બર, 2026ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વડોદરા અને નવસારીની મુલાકાતે આવશે. આ પ્રસંગે તેમના હસ્તે ગુજરાતમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વખતે ગુજરાતે વડાપ્રધાનશ્રીના સ્વાગત માટે એક નવો અભિગમ અપનાવ્યો છે. સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાનને જન આંદોલનમાં રૂપાંતરિત કરવા માટે તેમના નેતૃત્વમાં થયેલી નોંધપાત્ર સફળતાને ધ્યાનમાં રાખીને, આ વખતે વડાપ્રધાનશ્રીનું 'સ્વચ્છતા સે સ્વાગત' કરવામાં આવશે. આ વિશેષ અભિયાનના ભાગરૂપે અત્યારે વડોદરા અને નવસારીમાં સપ્તાહભરથી વિવિધ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સ્વચ્છ ભારત અભિયાનના વિવિધ પાસાઓ



વિશે વડાપ્રધાનશ્રીએ હંમેશા દેશવાસીઓ સાથે સંવાદ કર્યો છે. તેમણે કહ્યું છે, _"સ્વચ્છતા અભિયાન માટે સબ કા સાથ, સબ કા વિકાસ અને સબ કા વિશ્વાસની સાથે સાથે, સબ કા પ્રયાસ મહત્વપૂર્ણ છે. વર્તમાન પેઢીએ સ્વચ્છતા અભિયાનને મજબૂત કરવા માટે પહેલ કરી છે. ટોફીના રેપર્સ હવે ગમે ત્યાં જમીન પર ફેંકવામાં આવતા નથી પરંતુ બાળકો તેને ખિસ્સામાં નાંખે છે. નાના બાળકો હવે વડીલોને ગંદવાડ ટાળવાનું કહે છે. સફાઈ એક જીવનશૈલી છે, સફાઈ એ જીવનનો મંત્ર છે."_ ઉલ્લેખનીય છે કે ગુજરાત મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં પ્રવાસનની સંભાવનાઓ વધારવા માટે શ્રી નરેન્દ્ર મોદીએ મહત્વપૂર્ણ પ્રયાસો હાથ ધર્યા હતા. તે સમયે તેમણે નિર્મલ ગુજરાત કાર્યક્રમ દ્વારા સ્વચ્છતાને એક જન આંદોલનનું સ્વરૂપ આપ્યું હતું. વડોદરા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા 'સ્વચ્છતા સે સ્વાગત'ના વિશેષ અભિયાન અંતર્ગત સ્વચ્છ, હરિયાળા અને સ્વસ્થ વડોદરાના નિર્માણના સંકલ્પ સાથે સમગ્ર જિલ્લામાં સઘન સફાઈ અને વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં જિલ્લાના આશરે 250 ગામોને તેમાં આવરી લેવામાં આવ્યા છે. અત્યાર સુધી કુલ 313 ચો.કિ.મી. વિસ્તારમાં સફાઈ, 505 કિ.મી. રસ્તાઓની સફાઈ અને આશરે 1835 મેટ્રિક ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આ કામગીરી હજુ પણ વિવિધ વિસ્તારોમાં પ્રગતિ હેઠળ છે. આ અભિયાન દરમિયાન મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, ગામના ચોરા, પંચાયત કચેરીઓ, શાળા અને આંગણવાડી પરિસરો, આરોગ્ય કેન્દ્રો, તળાવો, કુવાઓ અને જળાશયોની આસપાસના વિસ્તારોમાંથી કચરો, કાટમાળ અને ઝાડી-ઝાંખરા દૂર કરી સઘન સફાઈ કરવામાં આવી છે.

## શ્રાવણ વદ નોમ પર આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનો દિવ્ય 'પવિત્રા શ્રૃંગાર'

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રાવણ વદ નોમ પર્વ નિમિત્તે આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ સમક્ષ દિવ્ય 'પવિત્રા શ્રૃંગાર' કરવામાં આવ્યો હતો, જેમાં વિશેષ રૂપે નવગ્રહ શાંતિ અર્થે નવ પ્રકારના ધાન્ય (નવધાન્ય) વડે અલૌકિક યંત્રની પ્રતિકૃતિ કંડારવામાં આવી હતી. પવિત્રા શ્રૃંગાર: આત્મિક શુદ્ધતા અને સમર્પણનું પ્રતીક. 'પવિત્રા' – એટલે કે રેશમી પવિત્ર સૂતરની માળા. આ માત્ર એક સૂક્ષ્મ દોરો નથી, પરંતુ ભક્તના અંતઃકરણની શુદ્ધતા અને નિષ્કામ ભક્તિનું દિવ્ય પ્રતીક છે. આ પવિત્રા શ્રૃંગાર શૈવ અને વૈષ્ણવ પરંપરાના દિવ્ય ઐક્ય (હરિ-હર ભાવ)નું ઉત્તમ ઉદાહરણ છે. વૈષ્ણવ ભાવથી ભગવાન શિવની આરાધના કરી ભક્તો બંને પરંપરાઓના આધ્યાત્મિક સારનો અનુભવ કરે છે. નવધાન્ય વડે ગ્રહશાંતિ અને યંત્ર પ્રતિકૃતિશાસ્ત્રો અનુસાર દેવાધિદેવ મહાદેવ સમસ્ત બ્રહ્માંડ અને નવગ્રહોના પણ અધિપતિ (ગ્રહેશ્વર) છે. આજના પાવન દિવસે સોમનાથ મહાદેવના



જ્યોતિર્લિંગ પર નવધાન્ય વડે વિશેષ યંત્રની પ્રતિકૃતિ સર્જીને અદ્ભુત શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસમાં જ્યોતિર્લિંગ પર નવ પ્રકારના ધાન્ય અર્પણ કરવાથી કુંડળીના સમસ્ત નવગ્રહ દોષો શાંત થાય છે, નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને સુખ, શાંતિ તથા સમૃદ્ધિનું વરદાન પ્રાપ્ત થાય છે. વૈદિક મંત્રોચ્ચાર સાથે અલૌકિક પૂજનઆજે સોમનાથ મંદિરમાં ભૂદેવો દ્વારા વેદોક્ત ઋચાઓ અને દિવ્ય મંત્રોચ્ચાર વચ્ચે મહાદેવને પવિત્રા માળા, સુગંધિત ચંદન, પુષ્પો અને પ્રિય બિલ્વપત્રથી અલંકૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'ૐ નમઃ શિવાય'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.પવિત્રા શ્રૃંગાર આપણને એ દિવ્ય સંદેશ આપે છે કે, જેમ એક સૂક્ષ્મ તાંતણો ભક્તિની દોરી બની જીવને શિવ સાથે જોડે છે, તેમ બાહ્ય આડંબર છોડી શુદ્ધ મન, નિષ્કલંક ભાવના અને દૃઢ સંકલ્પ દ્વારા જ મનુષ્ય જીવનમાં શિવત્વ અને પરમ શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ગીરગઢડા તાલુકાના સોનારીયા ગામે પોલીસ દરોડો પાડી સાત જુગારીઓને ઝડપી લીધા

# PCR વાન પલ્ટી જતા આરોપીઓ-પોલીસકર્મીઓ ઘાયલ



(એજન્સી) ઉના । તા. 05

ગીરગઢડા તાલુકાના અંતરિયાળ સોનારીયા ગામે ગત રાત્રે સ્થાનિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી અચાનક દરોડાની કાર્યવાહી દરમિયાન જાહેરમાં જુગાર રમી રહેલા સાત શખ્સોને રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા હતા, પરંતુ આ તમામ આરોપીઓને પોલીસ વાનમાં બેસાડીને પોલીસ સ્ટેશન તરફ લાવવામાં આવી રહ્યા હતા ત્યારે બેડીયા ગામ નજીક અચાનક પીસીઆર વાન ગંભીર રીતે પલ્ટી ખાતા જુગારમાં પકડાયેલા સાત આરોપીઓ ઉપરાંત વાનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ સહિત કુલ દસ જેટલા વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સમગ્ર પંથકમાં ભારે હલચલ મચી જવા પામી છે.

રાજ્યભરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ સતત સક્રિય રહેતી હોય છે, પરંતુ આ પ્રકારે આરોપીઓને લઈને જતી પોલીસ વાનને અકસ્માત નડવાની ઘટના ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ અને આશ્ચર્યજનક માનવામાં આવે છે. મીડિયા અહેવાલ અનુસાર, સોનારીયા ગામમાં ચાલતી ગેરકાયદે જુગારની પ્રવૃત્તિ અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને સાત શખ્સોને પકડી લીધા હતા. આ કાર્યવાહીથી સ્થાનિક સ્તરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનવાનો દાવો કરવામાં આવી રહ્યો હતો, પરંતુ રસ્તામાં બનેલા આ અણધાર્યા અકસ્માતે સમગ્ર ઘટનાનો પ્રવાહ બદલી નાખ્યો છે અને કાયદાકીય તપાસ સાથે હવે વાહન અકસ્માતના કારણોની પણ ગંભીર તપાસ શરૂ કરવામાં આવી છે.

મૂળ ઘટનાની વિગતો મુજબ, પોલીસે દરોડો પાડીને રાજેશ મેર, પ્રવિણ બારીયા, મધુ મકવાણા, ગોપાલ બારીયા, રાજેશ બારીયા, જગદિશ બાંભણીયા અને ગિરીશ ડાળાવડીયા નામના સાત શખ્સોને પકડી લીધા બાદ તેમને ગીરગઢડા પોલીસ સ્ટેશને લાવવા માટે પીસીઆર વાનમાં બેસાડ્યા હતા. વાન જ્યારે બેડીયા ગામ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક ચાલકે કાબૂ ગુમાવતા વાન પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં પકડાયેલા સાત શખ્સો ઉપરાંત હેડ કોન્સ્ટેબલ વિપુલ લાખણોત્રા અને જીઆરડી જવાન રાજુ ડાળાવડીયા સહિત કુલ દસ લોકોને ઈજાઓ થઈ હતી. ઘટનાની ગંભીરતા જોઈને તુરંત જ ઈમરજન્સી સેવાઓ સક્રિય થઈ ગઈ હતી અને સોશિયલ મીડિયાના માધ્યમથી આ અકસ્માતના દ્રશ્યો પણ વાયરલ થયા હતા.

આ અકસ્માત બાદ સ્થાનિક સ્તરે અનેક પ્રકારની ચર્ચાઓ વ્યાપી ગઈ છે, જેમાં ખાસ કરીને પીસીઆર વાન ચલાવનાર ડ્રાઈવર દ્વારા નશાની હાલતમાં વાહન ચલાવવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ પણ સામે આવ્યો છે. આ આક્ષેપોને પગલે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ડ્રાઈવરનું બ્લડ સેમ્પલ લઈને લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યું છે, જેથી રિપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત બહાર આવી શકે.

પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ સમગ્ર મામલાની સઘન તપાસ કરવામાં આવી રહી છે અને ઘાયલ થયેલા તમામ ઈજાગ્રસ્તોને ગીરગઢડા તેમજ ઉનાની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં યોગ્ય સારવાર આપવામાં આવી રહી છે.

## વડોદરામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૩૦ ઈમ્પોર્ટેડ વાહનોની એન્ટ્રી, મોંઘી કારોનું રજીસ્ટ્રેશન થયું



વડોદરા | ગુજરાતના સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાં છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન વિદેશી બનાવટની અત્યંત આધુનિક અને મોંઘી લક્ઝુરિયસ કાર તથા ટુ-વ્હીલર ખરીદવાનો ભવ્ય શોખ ધરાવતા શોખીનો દ્વારા કુલ ૨૩૦ જેટલા ઈમ્પોર્ટેડ વાહનોની સત્તાવાર નોંધણી કરાવવામાં આવી છે, જેમાંથી અતિ મોંઘી મેક્લારેન કારથી લઈને કરોડો રૂપિયાની ઈલેક્ટ્રિક ગાડીઓનો સમાવેશ થાય છે અને આ બાબત સ્થાનિક સ્તરે ભારે ચર્ચાનો વિષય બની છે. સાંસ્કૃતિક અને ઔદ્યોગિક રીતે સતત વિકાસ પામી રહેલા વડોદરા શહેરમાં હવે ઉચ્ચ મધ્યમ વર્ગ અને ધનિક પરિવારોમાં વિદેશી બ્રાન્ડના વાહનો પ્રત્યેનું આકર્ષણ અદ્ભુત રીતે વધી રહ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, છેલ્લા ત્રણ વર્ષના સત્તાવાર આંકડાઓ પર નજર નાખવામાં આવે તો શહેરમાં વિદેશથી આયાત કરાયેલા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર મોટો ઉછાળો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન કુલ પંચાવન વાહનો રજીસ્ટર થયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૫માં આ આંકડો વધીને પંચાણું પર પહોંચ્યો હતો અને ચાલુ વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં સિત્તેરથી વધુ વાહનો નોંધાઈ ચૂક્યા છે.

## રાજકોટમાં સોની બજારના કારીગરો સાથે લાખોની ઠગાઈ, સોનાના માલની છેતરપિંડી

(એજન્સી) રાજકોટ । તા. 05

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ શહેરના મધ્યમાં આવેલા જાણીતા સોની બજાર વિસ્તારમાં સોનાના દાગીના ઘડવાનું કામ કરતા બે બંગાળી કારીગરો સાથે વિશ્વાસઘાત કરી અંદાજે એકત્રીસ લાખ રૂપિયા જેટલી માતબર રકમનું સોનું પચાવી પાડવાના ગંભીર કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં સ્થાનિક પેઢીના માલિકો દ્વારા લાંબા સમયથી ચાલતા ઓર્ડરના બહાને આ છેતરપિંડી આચરવામાં આવતા એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો નોંધાવવામાં આવ્યો છે અને પોલીસ પ્રશાસને તીવ્ર તપાસ હાથ ધરી છે.

રાજકોટનું સોની બજાર સમગ્ર રાજ્યમાં સોના-ચાંદીના વેપાર માટે ખૂબ જ પ્રખ્યાત છે અને અહીં હજારો કારીગરો પોતાની રોજીરોટી કમાવવા માટે મહેનત કરે છે. તાજેતરમાં બનેલી આ ઘટનામાં મૂળ બંગાળના અને હાલમાં રામનાથપરા વિસ્તારમાં રહેતા બે કારીગરોને શિકાર બનાવવામાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આરોપીઓ દ્વારા શરૂઆતમાં નાના ઓર્ડર આપીને વિશ્વાસ સંપાદન કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ મોટો માલ હાથમાં આવ્યા બાદ હિસાબ ચૂકતે ન કરીને આર્થિક ફ્રોડ આચરવામાં આવ્યો છે, જેના કારણે સોની બજારના વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. મૂળ ફરિયાદી અલ્ફાઝુદીન શેખ અને તેમના મિત્ર સુરજઅલી શેખ સોની બજારના દેવ કોમ્પલેક્ષમાં પોતાની પેઢી ચલાવીને સોનાના દાગીના બનાવવાની મજૂરી કરે છે. ડિસેમ્બર મહિના દરમિયાન જૂની ગધીવાડ શેરીમાં પેઢી ધરાવતા શખ્સો સાથે તેમનો પરિચય થયો હતો અને શરૂઆતમાં વીંટીઓ બનાવવાનો નાનો ઓર્ડર સફળતાપૂર્વક પૂરો કરાયો હતો. ત્યારબાદ ગત બીજી જાન્યુઆરીના રોજ બ્રેસલેટ બનાવવાનો મોટો ઓર્ડર પૂરો પાડવામાં આવ્યો હતો, જેની સામે લેવાના થતા સોનાના હિસાબ પેટે પૂરો માલ પરત આપવામાં આવ્યો ન હતો. જ્યારે કારીગરોએ બાકી નીકળતું સોનું માંગ્યું ત્યારે આરોપીઓ દ્વારા માલ અમદાવાદ પોલીસમાં પકડાઈ ગયાનું ખોટું બહાનું આગળ ધરીને ફોન બંધ કરી દેવામાં આવ્યા હતા.

## વડોદરા સાયબર ક્રાઈમ કૌભાંડ RTO ઈ ચલણ એપીકે ફાઈલ, મોબાઈલ હેક કરી ખાતામાંથી 15 હજાર ઉપડ્યા

(એજન્સી) વડોદરા । તા. 05

વડોદરા શહેરના આર.વી. દેસાઈ રોડ વિસ્તારમાં રહેતા અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા છત્રીસ વર્ષીય દિપકકુમાર બારોટના બેંક ખાતામાંથી અજાણ્યા સાયબર ઠગોએ ગત ત્રીજી મેના રોજ મોકલેલી એક શંકાસ્પદ એપીકે ફાઈલના માધ્યમથી છેતરપિંડી આચરી કુલ ચૌદ હજાર નવસો નવાણું રૂપિયા ઓનલાઈન ઉપાડી લીધા હતા, જે મામલે નવાપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસ પ્રશાસને તીવ્ર તપાસ શરૂ કરી છે.

આધુનિક ટેક્નોલોજીના યુગમાં સાયબર અપરાધીઓ દ્વારા રોજ નવા કીમિયા અપનાવવામાં આવી રહ્યા છે, જેમાં નાગરિકોને અલગ-અલગ પ્રલોભનો કે ડર બતાવીને ફસાવવામાં આવે છે. તાજેતરમાં બનેલી આ ઘટનામાં વાહન ચાલકોને ટ્રાફિક દંડ કે ઈ-ચલણના નામે ફસાવવાનું મોટું નેટવર્ક સક્રિય હોવાનું બહાર આવ્યું છે. સરકારી અધિકારીઓ પણ જ્યારે આવા સ્માર્ટ કૌભાંડનો ભોગ બને છે ત્યારે સામાન્ય પ્રજાની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થાય છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારના ફ્રોડ કરનાર ગેંગ મુખ્યત્વે બનાવટી મેસેજ મોકલીને લોકોના ફોનનો કાબૂ મેળવી લે છે.

મૂળ ફરિયાદી દિપકકુમાર બારોટને ત્રીજી મેના રોજ તેમના મોબાઈલ ફોન પર એક અજાણ્યો મેસેજ પ્રાપ્ત થયો હતો, જેમાં તેમની કારનું ઈ-ચલણ બાકી હોવાનું જણાવીને તેની સાથે એક 'ઈ-ચલણ રિપોર્ટ' નામની એપીકે ફાઈલ જોડેલી હતી. અજાણતા જ તેમણે આ ફાઈલ ઓપન કરી હતી જેથી દંડ ભરી શકાય, પરંતુ તે સમયે કોઈ પ્રક્રિયા થઈ શકી ન હતી અને મામલો સામાન્ય લાગ્યો હતો. ત્યારબાદ છઠ્ઠી જૂનના રોજ અચાનક તેમના બેંક ખાતામાંથી નાણાં ડેબિટ થયા હોવાના મેસેજ આવતા તેઓ ચોંકી ઉઠ્યા હતા અને બેંકમાં જઈને તપાસ કરતા તેમના ખાતામાંથી કુલ ચૌદ હજાર નવસો નવાણું રૂપિયા ગાયબ થઈ ગયા હોવાની જાણ થઈ હતી.

## વડોદરામાં સયાજી હોસ્પિટલના ડોક્ટર સામે કડક કાર્યવાહી, ડોક્ટરની ભાવનગર બદલી થઈ

(એજન્સી) વડોદરા । તા. 05

ગુજરાતની જાણીતી સયાજી હોસ્પિટલના માનસિક રોગ વિભાગમાં ફરજ બજાવતા ડોક્ટર ચિરાગ બારોટ દ્વારા રેસિડેન્ટ ડૉક્ટરોને માનસિક ત્રાસ આપવા તથા રેગિંગ કરવાના ગંભીર આક્ષેપો સાબિત થતાં, તાજેતરમાં હોસ્પિટલની મુલાકાતે આવેલા રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા તેમને તાત્કાલિક અસરથી ભાવનગર ખાતે ખસેડવાનો સપાટો બોલાવવામાં આવ્યો છે, જેનાથી સમગ્ર તબીબી આખા વર્તુળમાં ભારે ચર્ચા જાગી છે.

આ સમગ્ર પ્રકરણની શરૂઆત ત્યારે થઈ જ્યારે હોસ્પિટલના પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને સિનિયર રેસિડેન્ટ ડૉક્ટરો દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત ફરિયાદો કરવામાં આવી હતી કે વિભાગના વડાની મંજૂરી વગર તેમને અસહ્ય માનસિક ત્રાસ આપવામાં આવે છે. અગાઉના સમયમાં પણ આ જ અધિકારી સામે અનેક પ્રકારના ગંભીર વિવાદો અને ફોજદારી કેસો નોંધાયા હોવા છતાં તેઓ પોતાની આદતોથી બાજ ન આવ્યા હોવાના આક્ષેપો થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, આંતરિક રાજકારણ અને ડૉક્ટરોના સતત વિરોધને કારણે આખરે સરકારે હસ્તક્ષેપ કરવાની ફરજ પડી હતી. આરોપી ડૉક્ટર દ્વારા ડૉક્ટરો પાસે અંગત કામ કરાવવા, જાહેરમાં અપમાનિત કરવા, ફરજ દરમિયાન ગેરકાયદેસર ચીજવસ્તુઓ મંગાવવા અને પરીક્ષામાં નાપાસ કરવાની ધમકીઓ આપવાના અસંખ્ય બનાવો સામે આવ્યા હતા. આ તમામ અત્યાચારથી કંટાળીને તબીબી વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય જોખમાવ્યાની રજૂઆતો કરી હતી. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જ્યારે આરોગ્ય મંત્રીએ સ્થળ મુલાકાત લીધી ત્યારે તમામ હકીકતો બહાર આવી હતી અને ત્વરિત પગલાંરૂપે આ બદલીનો ઓર્ડર બહાર પાડવામાં આવ્યો છે. આ પ્રકારની કડક કાર્યવાહીથી હોસ્પિટલના જુનિયર ડૉક્ટરોમાં રાહતની લાગણી ફેલાઈ છે અને શૈક્ષણિક વાતાવરણ સુધરવાની આશા બંધાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હોસ્પિટલો જેવા પવિત્ર સ્થળોએ જો સત્તાનો દુરુપયોગ કરવામાં આવે તો તે સમગ્ર વ્યવસ્થા માટે હાનિકારક સાબિત થાય છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા લેવાયેલ આ સમયસરનો નિર્ણય આવકારદાયક બન્યો છે.

## તારાપુર અરણેજ નવી રેલવે લાઈન પ્રોજેક્ટ મંજૂર, મધ્ય ગુજરાત સૌરાષ્ટ્ર અંતર ઘટશે



આણંદ | મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ વચ્ચેનું મુસાફરીનું માળખું સંપૂર્ણપણે બદલી નાખવા માટે પ્રસ્તાવિત તારાપુર અને અરણેજ વચ્ચેની ૪૫ કિલોમીટર લાંબી નવી રેલવે લાઇનનો મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છેલ્લા ત્રીસ વર્ષથી સતત કાગળ પર જ ઘૂમી રહ્યો છે અને લાંબી રાહ જોયા છતાં હજુ સુધી જમીન પર કોઈ નક્કર કામગીરી શરૂ થઈ શકી નથી, જેના કારણે સ્થાનિક નાગરિકો અને વેપારી વર્ગમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. આ મહત્ત્વાકાંક્ષી રેલવે પ્રોજેક્ટને અગાઉના વર્ષોમાં વારંવાર ચર્ચામાં લાવવામાં આવ્યો છે અને આ લાઇનના નિર્માણ માટે અત્યાર સુધીમાં કુલ છ વખત અલગ-અલગ તબક્કામાં એન્જિનિયરિંગ સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આટલી બધી પ્રક્રિયાઓ અને સંસદના બંને ગૃહમાં અનેકવાર સવાલો ઉઠવા છતાં પ્રોજેક્ટ મંજૂરીના તબક્કે અટવાયેલો છે. આ સંભવિત રેલવે રૂટ માટે કુલ ચારસો કરોડ રૂપિયા જેટલો માતબર ખર્ચ થવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે, જેમાં જમીન સંપાદનની વાત કરીએ તો જરૂરી જમીનમાંથી સાઈઠ ટકા જેટલી જમીન રાજ્ય સરકારની માલિકીની છે જ્યારે બાકીની ચાલીસ ટકા જમીન જ સંપાદિત કરવાની રહે છે.

### ધાર્મિક પ્રવાસન અને સ્થાનિક રોજગારીને અદ્ભુત વેગ

# દેવમોગરા યાહામોગી માતાજી મંદિર વિકાસ કાર્યો માટે તેર કરોડ મંજૂર



(એજન્સી) ગાંધીનગર । તા. 05

નર્મદા જિલ્લાના અંતરિયાળ ગણાતા સાગબારા તાલુકાના પવિત્ર તીર્થધામ દેવમોગરા ખાતે લાખો આદિવાસીઓની આસ્થાના પ્રતિક સમાન શ્રી યાહામોગી માતાજી મંદિરના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે તિજોરીના મુખ ખુલ્લા મૂક્યા છે. નાયબ મુખ્યમંત્રી દ્વારા આ પવિત્ર ધામના કાયાકલ્પ માટે બીજા તબક્કા અંતર્ગત તેર કરોડ બે લાખ રૂપિયાના નવા વિકાસ કાર્યોને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓની વર્ષો જૂની સુવિધાઓ વધારવાની માંગ સંતોષાઈ રહી છે.

આદિવાસી સમાજની ગંગોત્રી સમાન ગણાતા આ પૌરાણિક ધાર્મિક સ્થળે આવતા ભક્તોને અગાઉ પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા વિવિધ તબક્કામાં પાયાની સવલતો વિકસાવવાનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. અગાઉ પૂરા થયેલા પ્રથમ તબક્કાના કાર્યોમાં કરોડો રૂપિયાના માતબર ખર્ચે વિશાળ ધર્મશાળા, આકર્ષક સેન્ટ્રલ વિસ્ટા, આધુનિક શૌચાલય બ્લોક, ભવ્ય પથ્થરના પ્રવેશદ્વાર, વાહનોના પાર્કિંગ માટે વિશાળ જગ્યા, ચાલવાના રસ્તાઓ તેમજ નાના-મોટા વ્યાપારીઓ અને સ્થાનિક વેપારીઓ માટે અસંખ્ય દુકાનોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ તમામ સુવિધાઓ ઊભી થવાથી અહીં આવનાર યાત્રિકોના પ્રવાસનો અનુભવ અત્યંત સુખદ અને સરળ બન્યો છે.

પ્રથમ તબક્કાની સફળતા બાદ રાજ્યના મુખ્ય પ્રધાનના માર્ગદર્શન હેઠળ પ્રવાસનને વધુ વેગ આપવા માટે બીજા તબક્કાની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ બીજા તબક્કાના પ્રોજેક્ટ અંતર્ગત મંદિર પરિસરની કાયાપલટ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. નવા નાણાકીય અનુદાનની ફાળવણી થવાથી હવે ટ્રસ્ટની માલિકીની જગ્યામાં વધુ એક ભવ્ય ધર્મશાળાનું નિર્માણ થશે, જેથી દૂર-દૂરથી પધારતા શ્રદ્ધાળુઓને રાત્રી રોકાણ માટે ઉત્તમ સગવડ મળી રહે. આ ઉપરાંત, મંદિરના ગર્ભગૃહનું સંપૂર્ણ રિનોવેશન કરીને તેને નવું અને દિવ્ય સ્વરૂપ આપવામાં આવશે, સાથેસાથે સ્વચ્છતાના ધોરણો જાળવી રાખવા માટે વધારાના બે નવા આધુનિક શૌચાલય બ્લોક પણ બનાવવામાં આવશે.

સરકાર દ્વારા લેવાયેલા આ જનહિતના પગલાંથી માત્ર ધાર્મિક પ્રવાસનને જ પ્રોત્સાહન નથી મળતું, પરંતુ સ્થાનિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારીના નવા દ્વાર પણ ખૂલી રહ્યા છે. અહી મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓના કારણે સ્થાનિક આદિવાસી યુવાનોને વેપાર-વણજ અને રોજગારની તકો મળી રહી છે.

### જૂનાગઢ રોડ પર યુવકનું મોત

# ધોરાજીમાં બાઈક ઓવરટેક મુદ્દે યુવાનની હત્યા

(એજન્સી) રાજકોટ । તા. 05

ધોરાજીથી જૂનાગઢ તરફ જઈ રહેલા મોટરસાયકલને ઓવરટેક કરવા જેવી સામાન્ય બાબતમાં થયેલી માથાકૂટને કારણે એક યુવકનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને મૃતકના પરિવારજનો દ્વારા અજાણ્યા શખ્સો સામે ગંભીર મારમારી હત્યા કર્યાનો આક્ષેપ કરાયો છે.

આ ઘટના ગુજરાતના રાજકોટ જિલ્લાના ઐતિહાસિક અને વેપારી મથક સમાન ધોરાજી શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં બની હતી. મીડિયા અહેવાલ અનુસાર, બહારપુરા વિસ્તારમાં રહેતા જયેશ વિંઝુડા પોતાના ભાઈ રાજ વિંઝુડા સાથે મોટરસાયકલ પર સવાર થઈને ધોરાજીથી જૂનાગઢ તરફ જઈ રહ્યા હતા ત્યારે તોરણીયા પાટિયા નજીક વાહન ઓવરટેક કરવા મામલે અજાણ્યા વાહનચાલક સાથે ઉગ્ર બોલાચાલી અને તકરાર થઈ હતી. આ



તકરાર ઉગ્ર બનતા આરોપીઓએ યુવકને ઢોર માર માર્યો હોવાનો આક્ષેપ પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે. મારામારી દરમિયાન યુવકના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હોવાનું મૃતકના ભાઈએ જણાવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસે તાત્કાલિક ધોરણે હસ્તક્ષેપ કર્યો હતો. આ બનાવ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં બન્યો હોવાથી ધોરાજી પોલીસે સત્વરે જૂનાગઢ પોલીસને જાણ કરી હતી અને પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને તાત્કાલિક ધોરણે ધોરાજીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબી સલાહ મુજબ મોતનું સાચું કારણ બહાર લાવવા માટે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનાને પગલે દલિત સમાજના આગેવાનો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને પોલીસ સમક્ષ કડક કાર્યવાહીની માંગ કરી હતી. મૃત્યુ મારમારીના કારણે થયું છે કે અકસ્માત કે અન્ય કોઈ કુદરતી કે અકુદરતી કારણસર, તે બાબત ફોરેન્સિક પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ જ સત્તાવાર રીતે સ્પષ્ટ થઈ શકશે. હાલમાં પોલીસ દ્વારા આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવાની સાથે અજાણ્યા શખ્સોની ઓળખ માટે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

### વડોદરામાં પતિની હત્યા કેસ પાછો ખેંચવા ધમકી

## હત્યા કેસના સાક્ષીને જીવથી મારી નાખવાની ધમકી

(એજન્સી) વડોદરા । તા. 05

સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરના અટલાદરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કલાલી ગોકુળનગર પાછળ ગત ત્રીજી જૂન 2026ના રોજ બનેલી એક ચકચારી હત્યાના બનાવમાં નજરે જોનાર મુખ્ય સાક્ષી અને મૃતકની પત્ની પૂજાબેનને આરોપીઓના પરિવારે કેસ પાછો ખેંચવા માટે સતત ગંભીર ધમકીઓ આપી ત્રાસ ગુજારવાનો નવો સિલસિલો શરૂ કર્યો હોવાની સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાતા સમગ્ર શહેરમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

મૂળ ફરિયાદી પૂજાબેનના પતિ ગીરીશભાઈ ભાલીયાની થોડા મહિના પહેલા જ દર્શન મારવાડી અને કરણ મારવાડી નામના શખ્સો દ્વારા ચપ્પુના ઘા ઝીંકીને જાહેરમાં નિર્દયતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી હતી. આ જઘન્ય અપરાધ બાદ સ્થાનિક અટલાદરા પોલીસ દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપીઓને ઝડપીને જેલના પાછળ મોકલી આપવામાં




આવ્યા હતા, અને આખા કેસમાં પૂજાબેન તેમજ તેમના કાકાના દીકરાને મુખ્ય નજરે જોનાર સાક્ષી બનાવવામાં આવ્યા હતા, પરંતુ હવે ન્યાય મેળવવાની લડાઈ લડી રહેલા આ પરિવાર સામે માથાભારે તત્વો દ્વારા ડરાવવાની ઘૃણાસ્પદ કોશિશો થઈ રહી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓના પરિવારજનો અને તેમના સાગરીતો દ્વારા અલગ-અલગ જગ્યાએ અવારનવાર રસ્તા રોકીને અદાલતી કેસ પાછો ખેંચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે.

### એસડી પે અને અપના પે એપ્લિકેશનથી લાખો રૂપિયા ખંખેર્યા

## સાવરકુંડલામાં 9 ટકા વળતરની લાલચ આપી 10 લાખનું સાયબર ચીટિંગ

(એજન્સી) સાવરકુંડલા । તા. 05

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં ટૂંકાગાળામાં આકર્ષક અને ઊંચું વળતર મેળવવાની લાલચમાં ઓનલાઈન એપ્લિકેશન મારફતે રોકાણ કરનારા સરળ ભોળા નાગરિકો સાથે અંદાજે દસ લાખ રૂપિયાની માતબર રકમનું સાયબર ચીટિંગ આચરવામાં આવ્યું હોવાની ગંભીર ઘટના સામે આવી છે, જેના પગલે સ્થાનિક સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા સમગ્ર પંથકમાં ભારે હલચલ મચી જવા પામી છે.આધુનિક ટેક્નોલોજીના આ યુગમાં સોશિયલ મીડિયા અને વિવિધ મોબાઈલ એપ્લિકેશનો દ્વારા છેતરપિંડી આચરતી ગેંગો સક્રિય થઈ રહી છે. તાજેતરમાં બનેલી આ ઘટનામાં સાવરકુંડલાના સ્થાનિક રહીશોને નિશાન બનાવવામાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આરોપીઓ દ્વારા એક ખાસ યોજના હેઠળ સોશિયલ મીડિયા અને ડિજિટલ માધ્યમોથી પ્રચાર કરીને લોકોને મોટી કમાણીની લાલચ આપવામાં આવતી હતી, જેથી લોકો અજાણતા જ આ ફ્રોડ નેટવર્કના જાળમાં ફસાઈ જતા હતા.

ફરિયાદી વનિતાબેન મનુભાઈ મારૂ દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદ મુજબ, આરોપીઓ દ્વારા 'એસડી પે' અને ત્યારબાદ 'અપના પે' નામની ઓનલાઈન એપ્લિકેશનો ચલાવવામાં આવતી હતી. આ એપ્લિકેશનો દ્વારા રોકાણકારોને દર મહિને પૂરા નવ ટકા જેટલું મસમોટું વળતર અને સાથે કેશબેક આપવાની લાલચ આપવામાં આવતી હતી. શરૂઆતના તબક્કામાં કેટલાક ગ્રાહકોને નાની રકમનું વળતર ચૂકવીને તેમનો વિશ્વાસ જીતી લેવામાં આવ્યો હતો, જેથી તેઓ અન્ય લોકોને પણ આમાં જોડાવા માટે પ્રેરિત કરે. આ રીતે વિશ્વાસ કેળવાયા બાદ મોટી સંખ્યામાં લોકોએ આર્થિક રોકાણ કર્યું હતું અને કુલ મળીને આશરે દસ લાખ રૂપિયા જેટલી માતબર રકમ આ ઠગોએ એકત્ર કરી લીધી હતી. નાણાં જમા થયા બાદ અચાનક આ એપ્લિકેશનની સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. ઘરનું કામ થકાવનારૂ હશે.

**મિથુન : ક. છ. ઘ.**

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કર્ક : ડ. હ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો.

**સિંહ : મ. ટ.**

મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે.

**કન્યા : પ. ઠ. ણ.**

બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો.

**તુલા : ર. ત.**

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**વૃશ્ચિક : ન. ય.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જ્યી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. રૉમાન્સ માટેની તકો દેખીતી છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે.

**મકર : ખ. જ.**

તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો.

**મીન : દ. ચ. ઝ. થ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે.

**સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ**

# પંપા સરોવર ખાતે 50થી વધુ પરિવારોનું હિન્દુ સમાજમાં પુનઃઆગમન કરાવવામાં આવ્યું

(એજન્સી) ડાંગ | તા.05




ડાંગ જિલ્લાનાં પવિત્ર અને ઐતિહાસિક ધાર્મિક સ્થળ પંપા સરોવર ખાતે તાજેતરમાં એક વિશેષ અને ભાવુક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમ અંતર્ગત આવલ્યામાળ, ટાંકલીપાડા અને વડપાડા સહિત આસપાસના વિવિધ ગામોના આશરે 50 જેટલા પરિવારોનું વૈદિક અને હિન્દુ રીતિ-રિવાજ મુજબ હિન્દુ સમાજમાં વિધિવત પુનઃઆગમન (ઘરવાપસી) કરાવવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે પંપા સરોવર પરિસરમાં સવારથી જ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક ગ્રામજનોનો મોટો સમુદાય એકત્ર થયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તાર પવિત્ર મંત્રોચ્ચાર અને ધાર્મિક વાતાવરણથી ગૂંજી ઉઠ્યો હતો. પંપા સરોવરના પવિત્ર સાનિધ્યમાં યોજાયેલી આ ધાર્મિક વિધિ દરમિયાન શુદ્ધિકરણ અને પરંપરાગત પૂજા-અર્ચના પૂરા ઉત્સાહ અને આસ્થા સાથે સંપન્ન કરવામાં આવી હતી.આયોજકોના જણાવ્યા અનુસાર, પોતાના મૂળ વિરાસત, પ્રાચીન ધર્મ અને પરંપરાઓ પ્રત્યેની ગાઢ આસ્થાને કારણે આ પરિવારોએ સ્વૈચ્છિક રીતે પોતાની સંસ્કૃતિ સાથે પુનઃજોડાવાનો હૃદયપૂર્વક નિર્ણય લીધો હતો. પોતાના સનાતન મૂળ તરફ પાછા ફરવાની ખુશીમાં ભાગ લેનાર તમામ પરિવારજનોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.આ સમૂહ પુનઃઆગમન પ્રસંગે સંબંધિત ગામોમાં અને પંપા સરોવર ખાતે કોઈ મોટા તહેવાર જેવો ઉજવણીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક સમાજના અગ્રણીઓ અને વિવિધ સંગઠનો દ્વારા પરત ફરેલા તમામ પરિવારોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં આવકારવામાં આવ્યા હતા. સંપૂર્ણ ધાર્મિક વિધિઓ, સંતો-મહંતોના આશીર્વાદ અને સામાજિક એકતાના સંદેશ સાથે આ કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો..

## જામનગરમાં જુદા-જુદા 5 વાહન અકસ્માતમાં 7 વ્યક્તિઓ ઘાયલ થઈ : બે વૃદ્ધ સહિત ત્રણની હાલત ગંભીર

(એજન્સી) જામનગર | તા.05

જામનગરમાં અલગ અલગ સ્થળે સર્જાયેલા પાંચ માર્ગ અકસ્માતમાં સાત વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. જેમાં બે વૃદ્ધ સહિત ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ચાર અકસ્માતમાં ટક્કર મારનાર વાહનચાલકો વાહન સાથે નાસી છૂટતાં પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.જામનગરના આલાપ સોસાયટીમાં રહેતા અને ગુરુદ્વારા ચોકડી ખાતેની બેંકમાં સહાયક મેનેજર તરીકે નોકરી કરતા 22 વર્ષીય શકતીરાજસિંહ ગુણવંતસિંહ ઝાલા તા.2 સપ્ટેમ્બરની રાત્રે લાલપુર બાયપાસ ચોકડીથી ચા લઈને પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા. અવધ હોન્ડાના શોરૂમ સામે પહોંચતાં કાળા રંગની અજાણી ફોરવ્હીલ ગાડીના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી પાછળથી ટક્કર મારતાં તેઓ રોડ પર પટકાઈ વાહન નીચે ફસાઈ ગયા હતા. આસપાસના લોકોએ વાહન ઊંચું કરી તેમને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં બંને ઘૂંટણ તથા ડાબા હાથમાં છોલછાલ ઉપરાંત ડાબા કાન પાછળ ગંભીર ઈજા થતાં જી.જી. હોસ્પિટલમાં ટાંકા લેવા પડ્યા હતા. સારવાર બાદ તા.4 સપ્ટેમ્બરે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બીજા બનાવમાં જામનગર નજીક ઠેબા ચોકડીથી વિંજરખી ગામ તરફ મોટરસાઈકલ પર જતા 65 વર્ષીય દાનાભાઈ નથુભાઈ પરમારને તા.3 સપ્ટેમ્બરે સાંજે થાવરિયા પાસે આઇ.ઓ.સી.ના ગેટ નજીક અજાણી ફોરવ્હીલ ગાડીએ અડફેટે લીધા હતા.

## જામનગરમાં પાણીના ધંધાની અદાવતમાં વેપારી યુવાન પર છરી વડે હુમલો : ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરના શરુ સેકશન રોડ પર માસ્તર સોસાયટી પાછળ ફીયોનીકા સોસાયટી નજીક રામાપીર મંદિર પાસે પાણીના ધંધાની અદાવતમાં વેપારી પર છરી વડે હુમલો કરવામાં આવ્યાની ફરિયાદ સિટી-સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.પોલીસ ફરિયાદ મુજબ, પાણીનો ધંધો કરતા મહેશભાઈ દામજીભાઈ પરમાર (ઉં.વ. 55) સાથે પાણીના ધંધાની અદાવત રાખી અશ્વીનભાઈ પોલાભાઈ વિરમગામા, નીલેશ અશ્વીનભાઈ વિરમગામા અને અશ્વીનભાઈનો પુત્ર ત્યાં આવ્યા હતા.આ દરમિયાન આરોપી નં. 1 અને 3એ મહેશભાઈને ગાળો આપી હતી, જ્યારે આરોપી નં. 2એ છરી વડે તેમના ગાલ પર છરકો મારી દેતાં લોહી નીકળતી ઈજા થઈ હતી. ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી હુમલો કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.આ બનાવમાં હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યાનો પણ ગુનો નોંધાયો છે. સિટી-સી ડિવિઝન પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 118(1), 296(ખ), 54 તથા જી.પી. એક્ટની કલમ 135 (1) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જામનગરના શરુ સેકશન રોડ પર માસ્તર સોસાયટી નજીક રામાપીર મંદિર પાસે, પાણીના ધંધાની અદાવતમાં 55 વર્ષીય વેપારી મહેશભાઈ પરમાર પર છરી વડે હુમલો થયો હતો. અશ્વિન વિરમગામા, નીલેશ વિરમગામા અને અશ્વિનના પુત્રએ ગાળો ભાંડી, નીલેશે મહેશભાઈના ગાલ પર છરી મારી ઈજા પહોંચાડી. સિટી-સી ડિવિઝન પોલીસે 3 આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં આર્થિક તંગીથી કંટાળી પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

જામનગર : જામનગરના કાલાવડ નાકા બહાર નેશનલ પાર્ક સોસાયટી વિસ્તારમાં રહેતી 24 વર્ષીય પરિણીતાએ ઘરમાં આર્થિક તંગી સર્જાતાં કંટાળી ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેણીને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.મળતી વિગતો મુજબ, નેશનલ પાર્ક સોસાયટી, આયશા મસ્જિદ પાસે રહેતી આયશાબેન સમીરશા શાહમદાર (ઉ.વ.24) ના પતિ સમીરશાને આશરે ત્રણ માસ પહેલાં પડી જવાથી કમરમાં ઈજા થઈ હતી. ઈજાના કારણે તેઓ ત્રણ માસથી કામ પર જઈ શકતા ન હોવાથી પરિવાર આર્થિક તંગીમાં મુકાયો હતો. આર્થિક સંકડામણથી કંટાળી તા.22 ઓગસ્ટની રાત્રે આશરે 11:15 વાગ્યે આયશાબેને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. ત્યારબાદ તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સોહીલશા સતારશા શાહમદારની જાણના આધારે સીટી-એ ડિવિઝન પોલીસે બી.એન. એસ.એસ. કલમ 194 મુજબ અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે. શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાએ તા.4 સપ્ટેમ્બરે સ્થળની મુલાકાત લીધી હતી.

**જામનગરના કોર્ડીનેટર સાથે ઓનલાઈન છેતરપિંડી**

## 'એમ-પરિવહન'ની બનાવટી એપ ડાઉનલોડ કરાવ્યા બાદ રૂ.9.85 લાખ ઉપાડી લીધા

(એજન્સી) જામનગર | તા.05

જામનગરમાં સાયબર ફ્રોડનો કિસ્સો સામે આવ્યો છે. સી.આર.સી. કોર્ડીનેટર મહેશકુમાર ખવા સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે. તેમને વોટ્સએપ પર 'એમ. પરિવહન એ.પી.કે.' ફાઈલ મોકલી ડાઉનલોડ કરાવ્યા બાદ બેંક ઓફ બરોડાના ખાતામાંથી 16 વ્યવહારો દ્વારા કુલ રૂ. 9,85,550 ઉપાડી લેવાયા હતા. પોલીસે ગુનો નોંધી, અજાણ્યા ઠગને શોધવા તપાસ શરૂ કરી છે. જામનગરના સમર્પણ સર્કલ નજીક રહેતા અને સી.આર.સી. કોર્ડીનેટર તરીકે નોકરી કરતા મહેશકુમાર મુરૂભાઈ ખવા (ઉ.વ.44) સાથે ઓનલાઈન છેતરપિંડીનો બનાવ બન્યો છે. અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપમાં 'એમ.પરિવહન એ.પી.કે.' ફાઈલ મોકલી તેને ડાઉનલોડ કરાવ્યા બાદ તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ 16 વ્યવહારો મારફતે કુલ રૂ.9,85,550 ઉપાડી લેવામાં આવ્યા હતા. ફરિયાદ મુજબ, ગત તા.7 જૂન, 2021ના રોજ સાંજે 7:34 વાગ્યે મહેશકુમારના મોબાઈલ પર 'એમ.પરિવહન એ.પી.કે.' ફાઈલ સાથેનો સંદેશ આવ્યો હતો. સંદેશ ખોલતાં ચલણ ભરવા માટેની એપ્લિકેશન ખુલેલી જણાઈ હતી, પરંતુ ચલણ ભરવાનો વિકલ્પ ન મળતાં તેમણે તે સમયે ખાસ ધ્યાન આપ્યું ન હતું.દરમિયાન તા.1 સપ્ટેમ્બર, 2026ના રોજ સાંજે 4:42 વાગ્યાથી તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ-અલગ રકમ ટ્રાન્સફર થવાના સંદેશા આવવા લાગ્યા હતા. મોબાઈલ નંબર બેંક ખાતા સાથે જોડાયેલો હોવાથી ખાતામાંથી કુલ રૂ.9,85,550 ઉપડી ગયાનું જાણવા મળતાં મહેશકુમારને પોતાની સાથે સાયબર છેતરપિંડી થયાની જાણ થઈ હતી.આ અંગે તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફોન કરી પ્રથમ અરજી કરી હતી. ત્યારબાદ ફરીથી ખાતામાંથી રકમ ટ્રાન્સફર થવાના સંદેશા આવતાં બીજી અરજી પણ કરવામાં આવી હતી.

ખાતામાંથી 1 સપ્ટેમ્બરના રોજ થયેલા 16 વ્યવહારોમાં રૂ.99,000, રૂ.45,664, રૂ.52,778, રૂ.43,927, રૂ.99,999, રૂ.99,999, રૂ.3,295, રૂ.39,897.59, રૂ.25,520, રૂ.33,361, રૂ.54,000, રૂ.40,907, રૂ.93,173, રૂ.89,208, રૂ.82,836 અને રૂ.81,986ની રકમ ટ્રાન્સફર થઈ હતી.આ બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વોટ્સએપ પર આવેલી 'એ.પી.કે.' ફાઈલ મારફતે મોબાઈલ તથા બેંક ખાતાની માહિતી મેળવી રકમ ઉપાડનાર શખ્સ સુધી પહોંચવા તપાસ હાથ ધરાઈ છે.

# જામનગર શહેર અને જામજોધપુર પંથકમાં પત્નીઓએ પતિને, ભાઈઓએ ભાઈને પોલીસ પાસે પકડાવ્યા

જામનગર : જામનગર પોલીસે દારૂ પીધેલી હાલતમાં ઘરમાં ઝઘડો અને તોફાન કરનારા 5 શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરી છે. પત્ની અને ભાઈઓએ જ 112 પર ફોન કરી પોલીસની મદદ લીધી હતી. જામનગરના અંધાશ્રમ, ડી-પ્લોટ, સેતાવાડ અને જામજોધપુરના શેઠવડાળા-વસંતપુરમાંથી દારૂડિયાઓને ઝડપી પડાયા હતા. પોલીસે દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે.જામનગર શહેર તથા જિલ્લામાં દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી પત્ની-પરિવાર સાથે ઝઘડો, ગાળાગાળી અને તોફાન કરનારા પાંચ શખ્સ સામે પોલીસે કાર્યવાહી કરી ધોરણસર ધરપકડ કરી છે. નોંધપાત્ર બાબત એ છે કે, આ પાંચ પૈકી કેટલાક કિસ્સામાં પત્નીઓએ પોતાના પતિને, જ્યારે ભાઈઓએ પોતાના ભાઈને પોલીસના હવાલે કરાવવા માટે જનરક્ષક સેવા 112માં ફોન કરી પોલીસની મદદ લીધી હતી. જામનગરના અંધાશ્રમ આવાસ બ્લોક નં. 27માં રહેતા ખુશીબેન જીતુભા જાડેજાએ 112માં ફોન કરી જણાવ્યું હતું કે, તેમના પતિ જીતુભા વસ્તાજી જાડેજા (ઉ.વ. 30) દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી તોફાન કરી તેમને હેરાન કરે છે. પોલીસ સ્થળે પહોંચી જીતુભાને પોલીસ મથકે લઈ ગઈ હતી. તપાસ દરમિયાન મોઢામાંથી કેફી પ્રવાહીની તીવ્ર વાસ, આંખો લાલ તથા ચાલતી વખતે શરીરનું સંતુલન જાળવી ન શકતા હોવાની સ્થિતિ જણાતાં અને કોઈ પાસ-પરમિટ ન હોવાથી દારૂબંધીના કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.જામનગરના ડી-પ્લોટ વિસ્તારમાં ગૌતમભાઈ મૂળજીભાઈ ચાંદ્રાએ પોતાના નાના ભાઈ દીનેશભાઈ મૂળજીભાઈ ચાંદ્રા (ઉ.વ. 25) વિરુદ્ધ 112માં જાણ કરી હતી. દીનેશભાઈ દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી ભાઈ સાથે બોલાચાલી અને ઝઘડો કરતા હોવાની જાણ થતાં પોલીસ પહોંચી હતી. તપાસમાં જીભ થોથરાતી, આંખો નશાથી લાલ તથા શરીરનું સંતુલન જાળવી ન શકતા હોવાનું જણાયું હતું. પાસ-પરમિટ ન હોવાથી કલમ 66(1)(બી) તથા 85(1) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરાઈ હતી.

જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામે રેનીશભાઈ જગદિશભાઈ વાઘેલાએ પોતાના નાના ભાઈ વિશાલભાઈ જગદિશભાઈ વાઘેલા (ઉ.વ. 29) દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી લથડિયા ખાતા અને બકવાસ કરતા હોવાની 112માં જાણ કરી હતી. પોલીસ સ્થળે પહોંચી વિશાલભાઈને પોલીસ મથકે લઈ ગઈ હતી. તપાસમાં જીભ થોથરાતી, આંખો લાલ અને શરીરનું સંતુલન જાળવી ન શકતા હોવાનું જણાતાં તથા કોઈ પાસ-પરમિટ ન હોવાથી તેમની સામે પણ પ્રોહિબિશન એક્ટની કલમ 66(1)(બી) તથા 85(1) હેઠળ કાર્યવાહી કરાઈ હતી.

### જામનગરના સરમત પાટિયા પાસેથી પાંચ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

જામનગર: ખંભાળિયા હાઈવે પર સરમત પાટિયા પાસે સિક્કા પોલીસની ટીમે વોચ ગોઠવી મોટરસાઈકલ પર વિદેશી દારૂ લઈને નીકળેલા બે શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે બંને પાસેથી વિદેશી દારૂની પાંચ બોટલ, કુલ કિંમત રૂ.2,950નો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.સિક્કા પોલીસને મળેલી બાતમીના આધારે સરમત પાટિયા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન બાતમીમાં વર્ણવેલી મોટરસાઈકલ પસાર થતાં તેને રોકી તલાશી લેતા બંને શખ્સોની વચ્ચે રાખેલી કાળી પ્લાસ્ટિકની કોથળીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પાંચ કાચની બોટલ મળી આવી હતી.પોલીસે સ્થળ પરથી મીતરાજસિંહ ઉર્ફે કારુ ડોલરસિંહ જાડેજા અને સ્વીભાઇ ઉર્ફે ગગો વિનેશપરી ગોસાઇ નાના લખીયા, તા.લાલપુર)ને ઝડપી લીધા હતા. બંને પાસેથી વિદેશી દારૂની ચાર બોટલ અને અન્ય એક બોટલ મળી કુલ પાંચ બોટલ કબજે કરવામાં આવી હતી.

## જામનગરની ઈન્ડિયન બેન્કની તિજોરીમાંથી રૂ.39.48 લાખના સોનાના દાગીનાની ચોરીનો પર્દાફાશ

જામનગર : જામનગરની ઈન્ડિયન બેન્કમાંથી રૂ. 39.48 લાખના સોનાના દાગીનાની ચોરીનો પર્દાફાશ થયો છે. બેન્કના પટાવાળા હસમુખ પારિયાએ તિજોરીમાંથી અસલ દાગીના કાઢી ડુપ્લિકેટ મૂક્યા હતા. તેણે મિત્ર વિજય વઘોરાને વેચવા આપ્યા હતા. શેરબજારના સટ્ટામાં પૈસા હારી જતાં આ તરકટ રચ્યું હતું. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી 3 દિવસના રિમાન્ડ મેળવ્યા છે.જામનગરના રણજીતસાગર રોડ પર આવેલી ઈન્ડિયન બેન્કની શાખાની તિજોરીમાંથી રૂ.39.48 લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી થયાની ફરિયાદ નોંધાવાતાં ચકચાર મચી છે. બેન્કના પટાવાળા તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ દિનેશભાઈ પારિયાએ તિજોરીની ચાવી મેળવી અસલ સોનાના દાગીના કાઢી તેની જગ્યાએ ડુપ્લિકેટ દાગીના મૂકી દીધા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ચોરાયેલા દાગીના તેના મિત્ર વિજયભાઈ આલાભાઈ વઘોરાને વેચવા માટે આપ્યા હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.બેન્ક મેનેજર હેમરાજભાઈ નરેન્દ્રકુમાર ગજરાએ પોલીસમાં કરેલી ફરિયાદ મુજબ, તા.3 સપ્ટેમ્બર, 2026ના રોજ પોલીસ દ્વારા આપવામાં આવેલી લેખિત યાદીના આધારે બેન્કની તિજોરીમાં રાખવામાં આવેલા ગોલ્ડ લોનના દાગીનાની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન ગ્રાહકોના અસલ સોનાના દાગીનાની જગ્યાએ ડુપ્લિકેટ દાગીનાના પેકેટ મળી આવ્યા હતા.ચકાસણીમાં પાયલ રાજેશકુમાર પાંચાલના રૂ.7.71 લાખની કિંમતના સોનાના દાગીના સામે રૂ.5.11 લાખની લોન, કાજલ દેવસીભાઈ કણજારિયાના રૂ.11.99 લાખની કિંમતના દાગીના સામે રૂ.7.50 લાખની લોન, વિશાલકુમાર અમૃતલાલ મારવાડિયાના રૂ.6.36 લાખની કિંમતના દાગીના સામે રૂ.4.50 લાખની લોન તથા જીગ્નેશ ધીરજલાલ પણસારના રૂ.13.41 લાખની કિંમતના દાગીના સામે રૂ.8.25 લાખની લોન લેવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

**અપમૃત્યુ**

## જામનગરમાં પેટમાં દુખાવાની સારવાર દરમિયાન 30 વર્ષીય યુવાનનું અપમૃત્યુ



(એજન્સી) જામનગર | તા.05

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા 30 વર્ષીય સંજયસિંહ ચુડાસમાનું પેટમાં દુખાવાની સારવાર દરમિયાન જી.જી. હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. 1 સપ્ટેમ્બરે સવારે દુખાવો ઉપડ્યા બાદ તેમને જી.જી. અને સમર્પણ હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. 2 સપ્ટેમ્બરે તેમનું નિધન થયું. સીટી-સી ડિવિઝન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા 30 વર્ષીય યુવાનનું પેટમાં દુખાવાની સારવાર દરમિયાન મૃત્યુ નીપજતાં સીટી-સી ડિવિઝન પોલીસમાં અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, ગોકુલનગર-2 વિસ્તારમાં રહેતા સંજયસિંહ ભીખુભા ચુડાસમા (ઉ.વ.30)ને તા.1 સપ્ટેમ્બરના રોજ સવારે આશરે આઠ વાગ્યે પેટમાં દુખાવો ઉપડ્યો હતો. તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ત્યારબાદ સમર્પણ હોસ્પિટલમાં સારવાર લેવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે ફરી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન તા.2 સપ્ટેમ્બરના રોજ સવારે 11:35 વાગ્યે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.બનાવ અંગે ભગીરથસિંહ વિક્રમસિંહ ગોહિલની જાણના આધારે તા.4 સપ્ટેમ્બરે સીટી-સી ડિવિઝન પોલીસે બી. એન.એસ.એસ. કલમ 194 મુજબ અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

**રાજ્યભરમાં કૃષ્ણ જન્મોત્સવની ધૂમ**

# મટકી ફોડ, રાસ-ગરબા અને ભજનોની રમઝટ સાથે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી



સમગ્ર ગુજરાતમાં જન્માષ્ટમી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ. મધરાતે 12 વાગ્યે કૃષ્ણ જન્મોત્સવના નાદથી મંદિરો અને શેરીઓ ગુંજી ઉઠી. લાઠીમાં રોશની, આતશબાજી અને દાંડિયારાસ, જ્યારે ગોધરાના રણછોડજી મંદિર ચોકમાં ભવ્ય મટકી ફોડ યોજાયો. નસવાડીમાં 30 વર્ષ જૂની પરંપરા મુજબ ગરબા અને પ્રસાદીનું આયોજન થયું.સમગ્ર રાજ્યમાં જન્માષ્ટમીના પાવન પર્વની ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. મધરાતે 12 વાગતા જ કૃષ્ણ જન્મોત્સવના નાદ સાથે મંદિરો અને શેરીઓ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'ના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. ક્યાંક ભવ્ય શોભાયાત્રા અને રથયાત્રા યોજાઈ, તો ક્યાંક મટકી ફોડ અને દાંડિયા રાસની રમઝટ બોલી હતી. અમરેલીના લાઠી શહેરમાં યુવા ગ્રુપ દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે આખું લાઠી શહેર રંગબેરંગી રોશનીથી ઝગમગી ઉઠ્યું હતું. ઢોલ-નગારાના તાલ અને ભવ્ય આતશબાજી વચ્ચે યુવાનો તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉત્સવમાં જોડાયા હતા. લાઠીની મહિલાઓ અને બહેનોએ પરંપરાગત દાંડિયા રાસ રમીને કાનુડાના જન્મોત્સવને વધાવ્યો હતો, જ્યારે યુવાનોમાં મટકી ફોડ કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર ખાતે પણ જન્માષ્ટમી પર્વની ધામધૂમથી ઉજવણી થઈ હતી. ગોધરાના અતિ ઐતિહાસિક એવા રણછોડજી મંદિર ચોક ખાતે રણછોડજી મંદિર યુવક મંડળ દ્વારા ભવ્ય મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ભક્તિમય માહોલ વચ્ચે મધરાતે કનૈયાના જન્મ બાદ ગોવિંદાઓએ મટકી ફોડીને જન્મોત્સવ મનાવ્યો હતો, જેને નિહાળવા માટે મોટી સંખ્યામાં ગોધરાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.છોટાઉદેપુર જિલ્લાના નસવાડીમાં આવેલ જલારામ બાપાના મંદિર ખાતે છેલ્લા 30 વર્ષથી ચાલતી જન્માષ્ટમી ઉજવણીની પરંપરા આ વર્ષે પણ ઉત્સાહભેર જળવાઈ રહી હતી. મોડી રાત્રે 12 વાગ્યે કૃષ્ણ જન્મોત્સવ બાદ ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવીને હિંચકે ઝુલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કનૈયાના જન્મ વધાવવા મટકી ફોડ, ભજન-કીર્તન અને મોડી રાત સુધી ગરબાના કાર્યક્રમો યોજાયા હતા. મોટી સંખ્યામાં ઉમટેલા ભક્તોએ કૃષ્ણ દર્શન અને પ્રસાદી ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

## અમરેલીમાં કૂવામાં પડી જતા મધ્યપ્રદેશના 43 વર્ષીય ખેત મજૂરનું કરુણ મોત, ફાયર ટીમે શબ બહાર કાઢ્યું

(એજન્સી) અમરેલી | તા.05

અમરેલીના બાબરા તાલુકાના પીરખીજડીયા ગામની સીમમાં એક કરુણ ઘટના બની છે. મધ્યપ્રદેશના 43 વર્ષીય ભીખાભાઈ સોલંકી, જેઓ ખેતમજૂરી કરતા હતા, તેમનું ખુલ્લા કૂવામાં પડી જવાથી મોત થયું છે. ફાયર વિભાગે 30 મિનિટની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, જેથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના પીરખીજડીયા ગામની સીમ વિસ્તારમાંથી એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં ખેત મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા મધ્યપ્રદેશના એક આધેડ અકસ્માતે ખુલ્લા કૂવામાં પડી જતા તેમનું કરુણ મોત નિપજ્યું છે. આ અકસ્માતના કારણે સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે અને શ્રમિક પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક વ્યક્તિની ઓળખ ભીખાભાઈ સોલંકી તરીકે થઈ છે, જેઓ 43 વર્ષીય હતા અને મૂળ મધ્યપ્રદેશના વતની હતા. તેઓ બાબરા વિસ્તારમાં રહીને ખેત મજૂરીનું કામ કરીને જીવનનિર્વાહ ચલાવતા હતા. ખેતરની સીમમાં કામ કરતી વખતે અથવા અવરજવર દરમિયાન અચાનક પગ સરકી જવાના કારણે તેઓ કૂવામાં પડી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઊંડા પાણીમાં ડૂબી જવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ફાયર વિભાગ અને તંત્રને જાણ કરવામાં આવી હતી.

## સ્વતંત્ર આવકના સ્ત્રોત અને સાઇડ બિઝનેસ ઊભા કરવા તરફ આગળ વધી રહી

# એક મહિનામાં રમતા રમતા લાખ રૂપિયા કમાવવા હોય તો 4 આઈડિયા અપનાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 05

આજના યુગમાં દર મહિને 1 લાખ કમાવવા શક્ય છે. ડિજિટલ માર્કેટિંગ એજન્સી, પ્રોફેશનલ કન્સલ્ટન્સી, રિયલ એસ્ટેટ અને ઈ-કોમર્સ જેવા 4 સાબિત થયેલા બિઝનેસ મોડલ દ્વારા આ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. યોગ્ય કૌશલ્ય અને આયોજન સાથે, નોકરી ઉપરાંત સ્વતંત્ર આવકના સ્ત્રોત ઊભા કરી ગુજરાતના યુવાનો આર્થિક સફળતા મેળવી શકે છે. આજના સમયમાં દર મહિને 1 લાખ કમાવવા એ માત્ર કલ્પના નથી, પરંતુ સંપૂર્ણપણે શક્ય અને વાસ્તવિક છે. જોકે, યોગ્ય વ્યૂહરચના, મહેનત અને આયોજન વિના આ શક્ય બનતું નથી. આજની પેઢી નોકરી ઉપરાંત પોતાની સ્વતંત્ર આવકના સ્ત્રોત અને સાઈડ બિઝનેસ ઊભા કરવા તરફ આગળ વધી રહી છે. જો યોગ્ય ક્ષેત્ર પસંદ કરીને ચોક્કસ કૌશલ્ય સાથે શરૂઆત કરવામાં આવે, તો આ લક્ષ્યાંક ઝડપથી પ્રાપ્ત કરી શકાય છે.અહીં એવા 4 મુખ્ય અને સાબિત થયેલા બિઝનેસ મોડલ્સની સંપૂર્ણ વિગત આપવામાં આવી છે:



### 1. ડિજિટલ માર્કેટિંગ અને એજન્સી સર્વિસિસ

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા, વેબસાઈટ ડિઝાઈનિંગ, ગૂગલ એડ્સ અને ઓનલાઈન બ્રાન્ડિંગ નાના-મોટા તમામ વ્યવસાયો માટે પ્રાથમિક જરૂરિયાત બની ચૂક્યા છે. જો તમે ડિજિટલ માર્કેટિંગ, કન્ટેન્ટ ક્રિએશન કે એડ મેનેજમેન્ટનું સામાન્ય કૌશલ્ય શીખી લો, તો પોતાની સર્વિસ એજન્સી શરૂ કરી શકો છો. શરૂઆતના તબક્કે માત્ર 2થી 3 ગ્રાહકો કે વિદેશી ક્લાયન્ટ્સ મેળવીને પણ દર મહિને $400થી વધુ (આશરે 30,000થી 35,000થી વધુ) કમાણી કરી શકાય છે, જે ક્લાયન્ટ બેઝ વધતાં ખૂબ જ સરળતાથી દર મહિને 1 લાખથી આગળ વધી જાય છે.

### 2. પ્રોફેશનલ કન્સલ્ટન્સી અને સ્પેશિયલાઇઝ્ડ સર્વિસિસ

જો તમારી પાસે ફાઈનાન્સ, લીગલ, ટેક્સેશન, હ્યુમન રિસોર્સિસ, બિઝનેસ ડેવલપમેન્ટ કે આઈટી જેવા ચોક્કસ ક્ષેત્રમાં ઊંડું જ્ઞાન અથવા અનુભવ હોય, તો કન્સલ્ટન્સી બિઝનેસ સૌથી વધુ નફાકારક સાબિત થાય છે. આ સેક્ટરમાં શરૂઆતમાં માત્ર 2-3 મોટા ક્લાયન્ટ્સ કે મંથલી રીટેઈનરશિપ કોન્ટ્રાક્ટ્સ મેળવીને માસિક 1 લાખથી વધુની કમાણી ઊભી કરી શકાય છે. આ માટે કોઈ મોટી ઓફિસ કે મોટા રોકાણની જરૂર પડતી નથી, માત્ર તમારી કુશળતા અને સલાહ જ તમારી મૂડી બને છે.

### 3. રિયલ એસ્ટેટ એન્ડ પ્રોપર્ટી મેનેજમેન્ટ / ઈન્વેસ્ટમેન્ટ

રિયલ એસ્ટેટનું માર્કેટ હંમેશાં તેજીમાં રહેતું અને ઊંચું વળતર આપનારું ક્ષેત્ર છે. આ સેક્ટરમાં પ્રોપર્ટી ખરીદ-વેચાણ, લીઝિંગ કે ભાડે આપવાની પ્રક્રિયામાં બ્રોકરેજ અથવા કન્સલ્ટન્ટ તરીકે કામ કરી શકાય છે. કોઈપણ એક સામાન્ય પ્રોપર્ટી ડીલિંગમાં મળતું 1%થી 2% કમિશન પણ એક જ સોદામાં હજારોથી લાખો રૂપિયાની સીધી કમાણી કરાવી આપે છે. આ ઉપરાંત પ્રોપર્ટી મેનેજમેન્ટ, સર્વિસ એપાર્ટમેન્ટ્સ કે રેન્ટલ સોલ્યુશન્સ આપીને દર મહિને ફિક્સ આવક ઊભી કરી શકાય છે.

### 4. ઈ-કોમર્સ અને નીશ પ્રોડક્ટ્સ સેલિંગ

ઓનલાઈન માર્કેટપ્લેસિસ (જેમ કે Amazon, Flipkart, Meesho અથવા પર્સનલ D2C વેબસાઈટ) દ્વારા કોઈ ચોક્કસ કેટેગરી કે નીશની વસ્તુઓ વેચીને દર મહિને તગડો નફો મેળવી શકાય છે. હેન્ડીક્રાફ્ટ, કસ્ટમાઈઝ્ડ ગિફ્ટ આઈટમ્સ, ઓર્ગેનિક ફૂડ પ્રોડક્ટ્સ, હોમ ડેકોર કે લાઈફસ્ટાઈલ એક્સેસરીઝ જેવી વિશિષ્ટ વસ્તુઓ પસંદ કરીને તેનું યોગ્ય સોશિયલ મીડિયા માર્કેટિંગ કરી શકાય છે. ઓનલાઈન ઓર્ડર્સ અને ડિલિવરી નેટવર્ક દ્વારા ઘરે બેઠા પણ પ્રોડક્ટ્સનું વેચાણ કરીને દર મહિને લાખો રૂપિયાનો ટર્નઓવર મેળવી શકાય છે.

## રેલવે મુસાફરો ચેતજો! ઓનલાઈન જનરલ ટિકિટ લીધી હોય તો આ ભૂલ ન કરતા, સીધો લાગશે 500 રૂપિયા દંડ

ભારતીય રેલવેએ જનરલ ટિકિટના નિયમો સ્પષ્ટ કર્યા છે. પશ્ચિમ રેલવે કોટા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સૌરભ જૈને જણાવ્યું કે, RailOne એપ દ્વારા બુક કરાયેલી ટિકિટ જ માન્ય ગણાશે. WhatsApp કે સ્ક્રીનશોટ બતાવનાર મુસાફરોને અમાન્ય ગણી રૂ. 500નો દંડ થઈ શકે છે. ટિકિટ રજિસ્ટર્ડ ફોનમાં જ એપ ખોલીને બતાવવી ફરજિયાત છે. ભારતીય રેલવેએ જનરલ ટિકિટને લઈને મુસાફરોમાં રહેલી મોટી મૂંઝવણ દૂર કરી છે. રેલવે તંત્રના જણાવ્યા અનુસાર, જો કોઈ મુસાફર જનરલ ટિકિટનો સ્ક્રીનશોટ અથવા WhatsApp પર આવેલી ટિકિટ બતાવશે, તો તેને અમાન્ય ગણાશે અને તે માટે મુસાફરને ભારે દંડ ભરવો પડી શકે છે.પશ્ચિમ રેલવે કોટા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સૌરભ જૈને સ્પષ્ટતા કરી છે કે, RailOne એપ દ્વારા બુક કરાયેલી જનરલ ટિકિટ જ માન્ય ગણાશે. આ ટિકિટ પણ માત્ર એ જ ફોનમાં માન્ય રહેશે જેમાં આ એપ રજિસ્ટર્ડ હોય અને ચેકિંગ દરમિયાન સીધી એપ ઓપન કરીને જ ટિકિટ બતાવવી પડશે. જો કોઈ અન્ય વ્યક્તિએ પોતાના ફોનમાંથી ટિકિટ બુક કરીને WhatsApp કે અન્ય કોઈ રીતે મોકલી હશે અથવા કોઈ સ્ક્રીનશોટ બતાવશે, તો તે અમાન્ય ઠરશે. તેથી મુસાફરી દરમિયાન એ જ ફોન સાથે રાખવો જરૂરી છે જેમાંથી બુકિંગ થયું હોય.

# News Brief

## થેલ્સ અને કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ લિમિટેડે 70-એમએમની રોકેટ સિસ્ટમ્સ માટે વ્યૂહાત્મક જોડાણની સમજૂતી કરી

નવી દિલ્હી : બેલ્જિયમના પ્રતિનિધિઓની ભારતની મુલાકાત દરમિયાન થેલ્સ અને ભારત ફોર્જ લિમિટેડની સંરક્ષણ ક્ષેત્રમાં કાર્યરત સંપૂર્ણ માલિકીની પેટાકંપની કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ લિમિટેડ (KSSL)એ એક વ્યૂહાત્મક ભાગીદારીની સમજૂતી કરી છે, જેનો ઉદ્દેશ ભારતીય સશસ્ત્રો દળો હાલ કરી રહ્યાં એ થેલ્સની 70-એમએમની રોકેટ સિસ્ટમ્સના અનગાઈડેડ અને લેસર-ગાઈડેડ વેરિઅન્ટ પર સાથસહકારની શક્યતાઓ ચકાસવાનો છે. આ ભાગીદારી ભારત-બેલ્જીયમ સંરક્ષણ સમજૂતીને મજબૂત કરવા અને ભારતને સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક કેન્દ્ર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. થેલ્સની અત્યાધુનિક રોકેટ ટેકનોલોજીઓ અને સંરક્ષણ ઉત્પાદન, સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને ઔદ્યોગિકીકરણમાં KSSLની કુશળતાનો સમન્વય કરીને બંને કંપનીઓ સ્થાનિક જરૂરિયાતો પૂર્ણ કરવા અને આંતરરાષ્ટ્રીય સમુદાયોને ટેકો આપવા સ્વદેશી ક્ષમતા ઊભી કરશે. આ જોડાણના ભાગરૂપે જ્યારે થેલ્સ પોતાની ભારત સાથેની લાંબા ગાળાની ભાગીદારીનો ઉપયોગ કરશે તથા બેલ્જિયમમાં 2.75 ઈંચ / 70 એમએમ રોકેટ અને લોંચર વિકસાવવામાં પોતાની આંતરરાષ્ટ્રીય કુશળતા પ્રદાન કરશે, ત્યારે KSSL આંતરરાષ્ટ્રીય ધારાધોરણોના માપદંડોને સુનિશ્ચિત કરીને થેલ્સની ક્વોલિફાઈડ સપ્લાય ચેઈનમાંથી ઘટકોના ઉત્પાદન અને ઈન્ટિગ્રેશનમાં મદદ કરવા પોતાની સ્થાનિક ઉત્પાદન અને પરીક્ષણ સુવિધાનો ઉપયોગ કરશે. થેલ્સ, ઈન્ડિયાના વાઈસ પ્રેસિડન્ટ અંકુર કનાગ્લેકરે કહ્યું હતું : "થેલ્સ દાયકાઓથી ભારત સાથે મળીને કામ કરે છે અને KSSLની સાથે આ જોડાણ સ્થાનિક ડિફેન્સ ઈકોસિસ્ટમની સાથે અમારા ગાઢ અને લાંબા ગાળાના જોડાણનો પુરાવો છે. બેલ્જિયમમાં અમારી કોમ્બેટ-પ્રૂવન (યુદ્ધમાં પુરવાર થયેલી અસરકારક ક્ષમતા) 70 એમએમ રોકેટની કુશળતા અને KSSLની એન્જિનીયરિંગ અને ઉત્પાદન ક્ષમતાનો સમન્વય અમારી એવી ક્ષમતાઓ તૈયાર કરી છે, જે ભારતની કામગીરીની તૈયારીને શ્રેષ્ઠ બનાવશે અને મહત્વપૂર્ણ સંરક્ષણ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતાના વિઝનને આગળ વધારશે." કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ લિમિટેડના સીઈઓ નીલેશ તુંગરે કહ્યું હતું : 'થેલ્સની વિશ્વસનિય ટેકનોલોજી અને કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સની અત્યાધુનિક ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, જેમાં આંધ્રપ્રદેશમાં અમારી આગામી એનર્જેટિક્સ સુવિધા પણ સામેલ છે, તેની સાથે આ વ્યૂહાત્મક ભાગીદારી આગામી પેઢીની રોકેટ સિસ્ટમના સ્વદેશી ઉત્પાદનનો પાયો નાંખે છે. આ ભારતીય સશસ્ત્ર દળોની કામગીરીની તૈયારીને મજબૂત કરવાની સાથે 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ'ના વિઝનને પણ આગળ વધારે છે અને ભારતની અત્યાધુનિક સંરક્ષણ ટેકનોલોજી માટે એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મક કેન્દ્ર તરીકે સ્થાપિત કરે છે.' તમામ 55 દેશોમાં 70 સશસ્ત્ર સેનાઓનો ભરોસો જીતનાર થેલ્સના 70 એમએમ સોલ્યુશન, હવા, જમીન અને દરિયાઈમાં અનેક પ્રકારના મિશન અને અલગ-અલગ પ્લેટફોર્મની સાથે કામ કરવાની સુવિધા આપે છે. તેમાં એડવાન્સ્ડ લાઈટ હેલીકોપ્ટર (ALH-WSI) અને લાઈટ કોમ્બાટ હેલિકોપ્ટર (LCH) જેવા રોટરી-વિંગ પ્લેટફોર્મ પણ શામેલ છે, જે ઓપરેશનની તૈયારી અને લડાઈમાં આગેકૂચ બનાવવામાં મદદ કરે છે. અનિશ્ચિત અને અમર્યાદિત યુદ્ધના નવા યુગમાં થેલ્સના 70 એમએમના રોકેડનું અત્યાધુનિક વર્ઝન કાઉન્ટર-ડ્રોન મિશન માટે બહુ ઉપયોગી પુરવાર થાય છે અને હવામાંથી વધતા જોખમો સામે ભરોસાપાત્ર અને અસરકારક સમાધાન પ્રદાન કરે છે.

## રેકોર્ડ ઉત્પાદન તથા સ્પર્ધાત્મક ભાવને પરિણામે સ્થિતિ સાનુકૂળ

# ભારત માટે અંદાજે ૧.૫૦ અબજ ડોલર મૂલ્યના ઘઉંની નિકાસની તક

મુંબઈ : રેકોર્ડ ઉત્પાદન, સ્પર્ધાત્મક ભાવ, સ્ટોકસનું સાનુકૂળ સ્તર તથા નિકાસમાં તબક્કાવાર છૂટને કારણે ભારત માટે અંદાજે ૧.૫૦ અબજ ડોલરથી વધુના મૂલ્યના ઘઉંની નિકાસની તક ઊભી થઈ છે. વિશ્વમાં ભારત ફરી એક વખત ઘઉંનો વિશ્વસ્નિય પૂરવઠેદાર દેશ બનવા સજ્જ બન્યું છે.

એસોચેમ ગ્લોબલ રિસર્ચ એન્ડ સ્ટ્રેટેજી સેન્ટર દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં ઘઉંની નિકાસ વધારવા ભારત માટે સ્થિતિ સાનુકૂળ હોવાનું જણાયું છે.ભૌગોલિકરાજકીય તાણ, હવામાનમાં ખલેલ, ઉત્પાદન તથા ભાવમાં વધઘટ તથા ઊંચા નૂર ખર્ચને પરિણામે ઘઉંની વૈશ્વિક બજાર બદલાઈ રહી છે.રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ઘઉંના પરંપરાગત પૂરવઠા માર્ગો પર અસર થઈ છે અને ઊંચા તાપમાનને પરિણામે ઘઉંના મુખ્ય ઉત્પાદક દેશો ખાતે ઉત્પાદન સંદર્ભમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. આ ઘટનાક્રમોને કારણે ઘઉંના આયાતકાર દેશોએ ઘઉંની પ્રાપ્તિ માટે નવા સ્રોતો શોધવાની ફરજ પડી છે.૨૦૨૫-૨૬ની મોસમમાં ઘઉંનું વૈશ્વિક ઉત્પાદન જે ૮૪.૪૦ કરોડ ટન રહ્યુ હતું તે ૨૦૨૬-૨૭ની મોસમમાં ઘટી ૮૧.૯૦ કરોડ ટન રહેવાનો અંદાજ છે, જ્યારે આની સામે માગ મજબૂત રહેવાની ધારણા છે.૨૦૨૫-૨૬ની મોસમમાં ભારતનું ઘઉં ઉત્પાદન ૧૨.૧૦ કરોડ ટન રહ્યું છે, જ્યારે ઘરઆંગણે વપરાશ ૧૧.૧૦ કરોડ ટન રહ્યો છે. આવી સ્થિતિમાં ભારત માટે ઘઉંની નિકાસ વધારવાની સારી તક રહેલી હોવાનું અભ્યાસમાં વધુમાં જણાવાયું છે.

## ઈન્ડિયનઓઈલે CSIR-NCL પુણે ખાતે ભારતના મુખ્ય એનર્જી ઈનોવેશન એક્સીલેરેટર 'MC²+ IGNITE' કાર્યક્રમના સહ-આયોજનમાં ભાગ લીધો

(એજન્સી) નવી દિલ્હી | તા 05

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (ઈન્ડિયનઓઈલ) એ વેન્ચર સેન્ટર અને CSIR-નેશનલ કેમિકલ લેબોરેટરી (CSIR-NCL) સાથે મળીને આજે NCL મુખ્ય ઓડિટોરિયમ ખાતે ભારતના મુખ્ય એનર્જી ઈનોવેશન એક્સીલેરેટર - MC+ IGNITE ના પુણે આઉટરીચ કાર્યક્રમની સહ-મેજબાની કરી હતી. પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ MC ફાઉન્ડેશનના તત્વાવધાનમાં યોજાયેલ 'એડવાન્સિંગ એનર્જી ઈનોવેશન્સ' નામના આ કાર્યક્રમમાં દેશની અગ્રણી એનર્જી કંપનીઓ, સંશોધન સંસ્થાઓ, ડીપ-ટેક સ્થાપકો અને વૈજ્ઞાનિક સમુદાય એક મંચ પર આવ્યા હતા. મુખ્ય પ્રવચન આપતા પદ્મવિભૂષણ ડૉ. આર. એ. માશેલકરે (FRS) આ પહેલને 'સમયસરની અને ખરેખર નવીન દિશા આપનારી' ગણાવી હતી. આઈન્સ્ટાઈનના સમીકરણનો ઉલ્લેખ કરતા તેમણે વર્ણવ્યું હતું કે કેવી રીતે દેશની અગ્રણી એનર્જી કંપનીઓ ભારતના પ્રયોગકર્તાઓની પાછળ તેમની પ્રયોગશાળાઓ, અસ્ક્યામતો, માર્ગદર્શન, મૂડી અને માર્કેટ એક્સેસ એકત્ર કરી રહી છે. તેમણે સ્થાપકોને દેશને 'મેક ઈન ઈન્ડિયા' થી 'ઈનોવેટ ઈન ઈન્ડિયા' અને અંતતઃ 'ઓન ઈન ઈન્ડિયા'



(પોતાની બૌદ્ધિક સંપદા બનાવવી) તરફ લઈ જાય તેવા સંપૂર્ણ ઉકેલો લાવવા માટે આહ્વાન કર્યું હતું. સંમેલનને સંબોધતા ઈન્ડિયનઓઈલના ચેરમેન શ્રી એ. એસ. સહાનીએ જણાવ્યું હતું કે: 'આગામી વર્ષોમાં વૈશ્વિક ઉર્જાની માંગ તીવ્રપણે વધવાની ધારણા છે અને ભારતનો વિકાસ દર વિશ્વ કરતા આગળ નીકળી શકે છે. છતાં ભારતના સ્ટાર્ટ-અપ કેપિટલનો એક નાનો હિસ્સો જ અત્યાર સુધી ઉર્જા ક્ષેત્ર સુધી પહોંચ્યો છે. MC+ IGNITE દ્વારા, અમે ઈન્ડિયનઓઈલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સ્થાપકો માટે ખુલ્લું મૂકી રહ્યા છીએ – જેથી તેઓ લેબ સ્કેલથી આગળ વધીને પરીક્ષણ કરી શકે, સલામત રીતે નિષ્ફળતામાંથી શીખી શકે અને પોતાના ઉકેલોને ચકાસી શકે, જેથી આશાસ્પદ ટેકનોલોજી 'વેલી ઓફ ડેથ' (શરૂઆતી તબક્કાની નાણાકીય કટોકટી) માં અટવાઈ ન પડે.' ઈન્ડિયનઓઈલનું CSIR-NCL સાથેનું જોડાણ હાઈડ્રોજન અને મોબિલિટી પર ધ્યાન કેન્દ્રિત કરશે. MC ફાઉન્ડેશનનું આ પ્રથમ એક્સીલેરેટર, MC+ IGNITE, ઉર્જા-પરિવર્તનની સાત થીમ્સ પર 30 જેટલા ડીપ-ટેક સ્ટાર્ટ-અપ્સની પસંદગી કરશે - જેમાં હાઈડ્રોજન અને મોબિલિટી, AI-આધારિત સબસરફેસ ઈન્ટેલિજન્સ, નેક્સ્ટ-જનરેશન ડ્રિલિંગ, બાયોએનર્જી અને કમ્પ્રેસ્ડ બાયો-ગેસ, રિફાઈનરી પ્રોસેસ ઈન્ટેન્સિફિકેશન, ડિજિટલ એસેટ મેનેજમેન્ટ અને ઓપન થીમનો સમાવેશ થાય છે.

## SBIમાં ખાતું હોય તો પૈસા ઉપાડતાં પહેલા એલર્ટ થઈ જજો! ATM અને સ્ટેટમેન્ટ જોવાના નિયમો બદલાયા

(એજન્સી) નવી દિલ્હી | તા 05

SBI ગ્રાહકો માટે 1 ઑક્ટોબર, 2026થી ATM ઉપાડના નિયમો બદલાશે. સેવિંગ્સ એકાઉન્ટમાં 4 મફત ટ્રાન્ઝેક્શન પછી 15+GST લાગશે. સેલરી એકાઉન્ટ ધારકોને અન્ય બેન્કના ATM પર 5 મફત ટ્રાન્ઝેક્શન મળશે, ત્યારબાદ 23+GST (નાણાકીય) અને 11+GST (બિન-નાણાકીય) ચાર્જ લાગશે. આ ફેરફારો ગ્રાહકોના ખિસ્સા પર સીધો બોજ વધારશે.જો તમારું સેવિંગ્સ એકાઉન્ટ કે પછી સેલરી એકાઉન્ટ દેશની સૌથી મોટી સરકારી બૅન્ક 'સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા' (SBI)માં છે, તો આ સમાચાર તમારા માટે ખૂબ મહત્ત્વના છે. આવતા મહિનાની પહેલી તારીખ એટલે કે 1 ઑક્ટોબર, 2026થી બૅન્કના કેટલાક મહત્ત્વપૂર્ણ નિયમો બદલાવા જઈ રહ્યા છે, જેનાથી ગ્રાહકોના ખિસ્સા પર સીધો બોજ વધશે. SBIના સેવિંગ્સ એકાઉન્ટ અને સેલરી એકાઉન્ટ ધરાવતા ગ્રાહકોએ હવે નિયત મર્યાદા કરતા વધુ વખત કેશ ઉપાડવા પર વધારે ચાર્જ આપવો પડશે. બૅન્કે પોતાની ઓફિશિયલ વેબસાઈટ પર પણ આ અંગેની માહિતી અપડેટ કરી દીધી છે.SBI તરફથી આપવામાં આવેલી માહિતી અનુસાર, બ્રાન્ચ મારફતે ખોલવામાં આવેલા બેસિક સેવિંગ્સ બૅન્ક ડિપોઝિટ(BSBD) એકાઉન્ટ્સ પર આ નવા ચાર્જિસ 1 ઑક્ટોબરથી લાગુ થઈ જશે. નવા નિયમ હેઠળ ગ્રાહકોને દર મહિને 4 વખત મફત નાણાં ઉપાડવાની સુવિધા મળતી રહેશે. પરંતુ આ 4 ફ્રી ટ્રાન્ઝેક્શન પૂરા થયા બાદ ગ્રાહકે દરેક વધારાના ATM વિથડ્રોઅલ પર 15+GST ચાર્જ તરીકે ચૂકવવા પડશે. આ નિયમ ખાસ કરીને એવા ગ્રાહકોને અસર કરશે જેઓ વારંવાર ATMમાંથી નાણાં ઉપાડે છે. પાંચમા ટ્રાન્ઝેક્શનથી લઈને ત્યાર પછીના તમામ ટ્રાન્ઝેક્શન પર આ ચાર્જ લાગુ થઈ જશે.SBI સેલરી એકાઉન્ટ હોલ્ડર્સ માટે માસિક ફ્રી ATM ટ્રાન્ઝેક્શનની મર્યાદા ઘટાડીને સીધી અડધી કરી દેવામાં આવી છે. 1 ઑક્ટોબર, 2026થી સેલરી એકાઉન્ટ ધારકો અન્ય બૅન્કોના ATM અને ઓટોમેટેડ ડિપોઝિટ એન્ડ વિથડ્રોઅલ મશીન (ADWMs) પર ડેબિટ કાર્ડ મારફતે દર મહિને માત્ર 5 ફ્રી ટ્રાન્ઝેક્શન જ કરી શકશે. અત્યાર સુધી આ ફ્રી મર્યાદા 10 ટ્રાન્ઝેક્શનની હતી.

## એક આકર્ષક પેકેજમાં SUV પ્રદર્શન, ઉત્કૃષ્ટ ડિઝાઇન, ઉદાર આરામ

# TATA.CARS દ્વારા Curvv સિરીઝ X લોન્ચ કરાઈ

મુંબઈ :ભારતની અગ્રણી SUV ઉત્પાદક અને દેશની સૌથી મોટી4-વ્હીલર EV ઉત્પાદક TATA.CARSએ આજે Curvvસિરીઝ Xના લોન્ચની જાહેરાત કરી છે, જે ભારતની પ્રથમ SUV કૂપના મૂલ્ય પ્રસ્તાવને વધુ મજબૂત બનાવે છે. 9.99 લાખથી શરૂ થતીCurvvસિરીઝ X મહત્ત્વાકાંક્ષી SUV કૂપ ડિઝાઈન, આકર્ષક પ્રદર્શન, પ્રીમિયમ સુવિધાઓ સાથે સુંવાળપનો આંતરિક ભાગ અને ટાટા સેફ્ટી ડોમના રક્ષણને ગ્રાહકો માટે સૌથી વધુ મૂલ્યવાન હોય તેવા ગુણોની આસપાસ ડિઝાઈન કરાયેલા પેકેજમાં એકત્ર લાવે છે.આ પ્યોર X અને ક્રિયેટિવX પર્સોના દ્વારા સ્પષ્ટપણે દેખાય છે. 10.99 લાખથી શરૂ થતીપ્યોર X, Curvvની સિગ્નેચર SUV કૂપડિઝાઈનને હરમન દ્વારા અલ્ટ્રા વ્યૂ 10.25" ઈન્ફોટેઈનમેન્ટ સિસ્ટમ, વાયરલેસ એન્ડ્રોઈડ ઓટો અને એપલ કારપ્લે, ક્રુઝ કંટ્રોલ, પેસિવ એન્ટ્રી પેસિવ સ્ટાર્ટ સાથે સ્માર્ટ કી, 6 સ્પીકર્સ, ફુલ્લી ઓટોમેટિક ટેમ્પરેચર કંટ્રોલ, LED હેડલેમ્પ્સ અને ટેઈલ લેમ્પ્સ અને સેફ્ટી ડોમ જેવી પ્રીમિયમ સુવિધાઓ સાથે જોડે છે. વધુ આરામ મેળવવા માગતા ગ્રાહકો માટેપ્યોર X+ વધારાના 80,000માં ઉન્નત ભવ્યતા અને R17 ડાયમંડ




કટ એલોય વ્હીલ્સ ઉમેરે છે, જ્યારે ★DARK એડિશન પ્યોરપર્સોનાથી જ 11.99 લાખમાં ઉપલબ્ધ છે.ક્રિયેટિવ X+ 12.91 લાખની કિંમતે આને આગળ લઈ જાય છે જેમાં એરોવ્યુપેનોરેમિક સનરૂફ, બ્લાઈન્ડ વ્યૂ મોનિટર સાથે 360 સરાઉન્ડ વ્યૂ, R18 ડાયમંડ-કટ એલોય વ્હીલ્સ, ટ્વીન સ્ક્રીન અલ્ટ્રા વ્યૂ 26.03cm (10.25") હરમનTMદ્વારા ઈન્ફોટેઈનમેન્ટ સાથે26.03cm (10.25") ડિજિટલ કોકપિટ નેવિગેશન ડિસ્પ્લે સાથે અને પાછળની સીટો સાથે સમૃદ્ધલેધર કેબિનધરાવેછે. Curvvસિરીઝ X આ વર્ષની શરૂઆતમાં Curvv. evસિરીઝ X સાથે રજૂ કરાયેલા ગ્રાહક-પ્રથમ અભિગમને અનુસરે છે.

# આ દેશમાં ટાટા ગ્રુપની કંપનીને 100 વર્ષ જૂનો કારોબાર બંધ કરવા આદેશ

(એજન્સી) નવી દિલ્હી | તા 05

કેન્યાના રાષ્ટ્રપ્રમુખ વિલિયમ રુતોએ ટાટા કેમિકલ્સને 100 વર્ષના ખાણકામ અધિકારો છતાં સ્થાનિક વિકાસ ન કરવા બદલ દેશ છોડવા આદેશ આપ્યો છે. કંપની પર સરકારી રોયલ્ટી બાકી રાખવા, સ્થાનિક પ્રોસેસિંગ અને રોજગારી ન આપવા જેવા ગંભીર આરોપો છે. ટાટા કેમિકલ્સ આ આરોપો ફગાવી નિયમોનું પાલન કરવાનો દાવો કરે છે. કેન્યા હવે બે નવી કંપનીઓ લાવવાની યોજના ધરાવે છે. આફ્રિકાના અગ્રણી દેશ કેન્યામાં અત્યારે ટાટા ગ્રૂપની પેટાકંપની 'ટાટા કેમિકલ્સ' સામે ગંભીર વિવાદ છેડાઈ ગયો છે. કેન્યાના રાષ્ટ્રપ્રમુખ વિલિયમ રુતો (William Ruto) એ સ્થાનિક સ્તરે કોઈ વેલ્યુ-એડિશન કે ઔદ્યોગિક વિકાસ ન કરવાનો આક્ષેપ લગાવીને ટાટા કેમિકલ્સને પોતાનો સામાન બાંધીને દેશ છોડી દેવા જણાવી દીધું છે. તેમણે જાહેરમાં અત્યંત તીખો પ્રહાર કરતા પૂછ્યું કે, શું અમે બીજા લોકોના ગુલામ છીએ?કેન્યા કુદરતી સોડા ઍશ ઉત્પાદનમાં મહત્વનું સ્થાન ધરાવે છે. યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર કેન્યા કુદરતી સોડા ઍશનો વિશ્વનો ચોથો સૌથી મોટો



ઉત્પાદક દેશ છે અને વૈશ્વિક ઉત્પાદનમાં લગભગ 1% હિસ્સો ધરાવે છે. દક્ષિણ કેન્યાના કાજિયાડો કાઉન્ટીમાં આવેલું મગાદી સરોવર આ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર છે. કેન્યા સરકારની મુખ્ય નારાજગી એ વાત પર છે કે ટાટા ગ્રૂપ અહીંથી કુદરતી ખનિજ માત્ર કાચા માલ તરીકે ભારત અને વિશ્વના અન્ય દેશોમાં નિકાસ કરતું રહ્યું, પરંતુ કેન્યાની સ્થાનિક ધરતી પર તેનું પ્રોસેસિંગ કરીને ફિનિશ્ડ પ્રોડક્ટ્સ બનાવવાની કોઈ સુવિધા ઊભી ન કરી. કાજિયાડોના ગવર્નર જોસેફ ઓલે લેન્કુએ પણ એક જાહેરસભામાં આકરા શબ્દોમાં જણાવ્યું, કે જેમને પણ આપણે આ કુદરતી સંસાધન કાઢવાનું લાઈસન્સ આપીશું, તેમણે કાજિયાડોમાં કાચ બનાવવા માટેનું એક મોટું પ્રોસેસિંગ પ્લાન્ટ ઊભું કરવું પડશે.

## શા માટે જૂના નકશામાં આફ્રિકા નાનું દેખાતું હતું?

# દુનિયાના નવા નક્શાને UN ની મંજૂરી, અમેરિકા-યુરોપનો આકાર ઘટશે, આફ્રિકા દેખાશે મોટું

(એજન્સી) નવી દિલ્હી | તા 05

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ નવા વિશ્વ નકશાને મંજૂરી આપી છે, જેમાં ખંડોનું કદ વધુ સચોટ રીતે દર્શાવાયું છે. હવે આફ્રિકા મોટું અને યુરોપ-ઉત્તર અમેરિકા નાના દેખાશે. 164 દેશોએ સમર્થન આપ્યું, જ્યારે અમેરિકાએ વિરોધ કર્યો. 'ઈક્વલ અર્થ' નામનો આ નકશો 1569ના મર્કેટર નકશાની ભૂલો સુધારી, જે ધ્રુવીય વિસ્તારોને મોટા અને વિષુવવૃત્તીય વિસ્તારોને નાના દર્શાવતો હતો. દુનિયાનો નકશો હવે પહેલા જેવો નહીં રહે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UN)એ એક નવા વિશ્વ નકશાને મંજૂરી આપી છે, જેમાં ખંડોનું કદ એકબીજાની સરખામણીમાં વધુ સચોટ રીતે દર્શાવવામાં આવ્યું છે. આ નવા નકશામાં આફ્રિકા પહેલા કરતાં મોટું નજરે પડશે, જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકાનું ક્ષેત્રફળ નાનું દેખાશે. આ પ્રસ્તાવના સમર્થનમાં 164 દેશોએ મતદાન કર્યું હતું, 6 દેશો વોટિંગથી દૂર રહ્યા હતા, જ્યારે અમેરિકા એકમાત્ર એવો દેશ હતો જેણે આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો.નવા નકશાને 'ઈક્વલ અર્થ' (Equal Earth) નામ આપવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ વિશ્વના વિવિધ ભાગોને તેમના વાસ્તવિક વિસ્તારની નજીક દર્શાવવાનો છે. અગાઉ 1569માં ગેરાર્ડસ મર્કેટર દ્વારા તૈયાર કરાયેલા મર્કેટર નકશામાં દરિયાઈ મુસાફરોને સીધી દિશા બતાવવા પર ધ્યાન આપવામાં આવ્યું હતું. ગોળ પૃથ્વીને ચોરસ કાગળ પર સીધી રેખાઓમાં ઉતારવા જતાં, ધ્રુવીય વિસ્તારો (ઉત્તર અને દક્ષિણ ભાગ) જરૂર કરતાં વધુ મોટા દેખાવા લાગ્યા હતા. જેના કારણે યુરોપ, ઉત્તર અમેરિકા અને ગ્રીનલેન્ડ તેમના વાસ્તવિક કદ કરતાં મોટા દેખાતા હતા, જ્યારે વિષુવવૃત્ત પાસે આવેલા આફ્રિકા અને ભારત જેવા વિશાળ વિસ્તારો સંકોચાઈને નાના થઈ ગયા હતા. વાસ્તવિકતા એ છે કે આફ્રિકા એકલું ગ્રીનલેન્ડ કરતાં 14 ગણું મોટું છે, પરંતુ મર્કેટર નકશામાં બંને લગભગ સરખા દેખાતા હતા.'ઈક્વલ અર્થ' પ્રોજેક્શનને 2018માં કાર્ટોગ્રાફર્સ (નકશાકારો) દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. તેમાં વિશ્વના તમામ ખંડોને તેમના સાચા ક્ષેત્રફળ અનુસાર દર્શાવવાનો પ્રયાસ કરાયો છે. આ નકશામાં આફ્રિકા, લેટિન અમેરિકા, દક્ષિણ એશિયા અને ઓશેનિયા પહેલાં કરતાં મોટાં જોવા મળશે, જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકાનું કદ નાનું દેખાશે. આ પ્રસ્તાવ ટોગો દેશના વિદેશ મંત્રી રોબર્ટ ડુસી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નકશા માત્ર સ્થળોની માહિતી નથી આપતા, પરંતુ લોકોના વૈશ્વિક દ્રષ્ટિકોણને પણ અસર કરે છે. જો નકશા ખોટું કદ બતાવે, તો તે ગેરસમજ પેઢીઓ સુધી સચવાયેલી રહે છે.

## ભારતીય પ્રોફેશનલ્સ માટે વધુ એક મોટો ચિંતાજનક અહેવાલ સામે આવ્યો

# ભારતીયોની 'દુશ્મન' બની ટ્રમ્પ સરકાર! કહ્યું- વધુ અરજી આવશે તો EB-1 ગ્રીન કાર્ડ બંધ કરીશું

(એજન્સી) નવી દિલ્હી | તા 05

અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા ઈચ્છતા હજારો ભારતીય પ્રોફેશનલ્સ માટે ચિંતાજનક સમાચાર છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ચેતવણી આપી છે કે EB-1 ગ્રીન કાર્ડ કેટેગરી ભારતીય અરજદારોની અતિશય માંગને કારણે આગામી થોડા અઠવાડિયામાં કામચલાઉ ધોરણે બંધ થઈ શકે છે. સપ્ટેમ્બરના વિઝા બુલેટિન મુજબ, જો EB-1 વિઝાનો ઉપયોગ આ જ ઝડપે ચાલુ રહ્યો તો 30 સપ્ટેમ્બર પહેલાં જ આ કેટેગરી 'અનઅવેલેબલ' જાહેર થઈ શકે છે.

અમેરિકામાં કાયમી વસવાટ અને ગ્રીન કાર્ડ મેળવવાની રાહ જોઈ રહેલા હજારો ભારતીય પ્રોફેશનલ્સ માટે વધુ એક મોટો ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા સત્તાવાર ચેતવણી આપવામાં આવી છે કે ભારતીય અરજદારો તરફથી અતિશય ઊંચી માંગને કારણે 'EB-1' ગ્રીન કાર્ડ કેટેગરી આગામી થોડા અઠવાડિયામાં કામચલાઉ ધોરણે બંધ થઈ શકે છે. અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના વિઝા બુલેટિનમાં



જણાવવામાં આવ્યું છે કે જો ભારતીય અરજદારો દ્વારા EB-1 વિઝા નંબરોનો ઉપયોગ આ જ ઝડપે ચાલુ રહ્યો અને દેશ માટે નિર્ધારિત વાર્ષિક મર્યાદા વહેલી પૂરી થઈ જશે, તો 30 સપ્ટેમ્બરે સમાપ્ત થતા અમેરિકન નાણાકીય વર્ષ પહેલાં જ આ કેટેગરીને 'અનઅવેલેબલ' જાહેર કરી દેવામાં આવી શકે છે. વિદેશ વિભાગે સ્પષ્ટતા કરી છે કે તેઓ સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને જરૂર પડ્યે જરૂરી નિયમકીય ફેરફારો કરવામાં આવશે. આ સમગ્ર કટોકટી પાછળનું મુખ્ય કારણ રોજગાર આધારિત ગ્રીન કાર્ડની મર્યાદિત સંખ્યા અને તેની સામે ભારતીય અરજદારોની જંગી માંગ છે. નાણાકીય વર્ષ 2026 માટે વૈશ્વિક સ્તરે તમામ દેશો માટે રોજગાર આધારિત ઈમિગ્રેશન વિઝાની કુલ વાર્ષિક મર્યાદા 1,86,317 નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત, અમેરિકન ઈમિગ્રેશન કાયદા હેઠળ સામાન્ય સંજોગોમાં કોઈપણ એક દેશ માટે કુટુંબ અને રોજગાર આધારિત પ્રાથમિકતાવાળા વિઝા પર વાર્ષિક મહત્તમ 7 ટકાની કન્ટ્રી-કેપ લાગુ પડે છે; જોકે અમુક વિશિષ્ટ સંજોગોમાં અગાઉના વર્ષોના વણવપરાયેલા વિઝા નંબરો આગળ વાપરવાની છૂટ મળે છે. EB-1 એ યુએસ એમ્પ્લોયમેન્ટ-બેઝ્ડ ગ્રીન કાર્ડની પ્રથમ પ્રાથમિકતા ધરાવતી શ્રેણી છે. આ કેટેગરીમાં મુખ્યત્વે અસાધારણ પ્રતિભા ધરાવતા નિષ્ણાતો, ઉત્કૃષ્ટ પ્રોફેસરો અને સંશોધકો, તેમજ બહુરાષ્ટ્રીય કંપનીઓના ટોચના એક્ઝિક્યુટિવ્સ અને વરિષ્ઠ મેનેજર્સનો સમાવેશ થાય છે. ભારતીય પ્રોફેશનલ્સ માટે આ ચિંતાનો વિષય એટલા માટે છે કારણ કે રોજગાર આધારિત અન્ય તમામ ગ્રીન કાર્ડ કેટેગરીઓમાં પહેલેથી જ દાયકાઓ લાંબો વેઈટિંગ પિરિયડ ચાલી રહ્યો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -10

# વૈશ્વિક જીડીપીમાં 40% અને વિશ્વની અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ

બ્રિક્સ જૂથ હવે દિવસે ને દિવસે મોટું અને મજબૂત થઈ રહ્યું છે. આ વર્ષે બ્રિક્સ સંમેલનની યજમાની ભારતને આપવામાં આવી છે. આગામી અઠવાડિયે બ્રિક્સનું સંમેલન ભારત ખાતે યોજવાનું છે. ઉલ્લેખનીય છે કે, સદીની શરૂઆતમાં વૈશ્વિક અર્થતંત્રના પાંચમા ભાગથી થોડું વધારે પ્રતિનિધિત્વ કરતા ચાર દેશોના જૂથમાંથી વિકસીને બ્રિક્સ હવે ૧૧ સભ્યોનું એવું એક સંગઠન બની ગયું છે જે વૈશ્વિક જીડીપીના આશરે ૪૦ ટકા અને વિશ્વની ૪૯.૫ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. આનાથી વેપાર, ઊર્જા, નાણાકીય બાબતો અને વ્યાપક આર્થિક વ્યવસ્થામાં તેની ભૂમિકા સતત વધી રહી છે. ભારત, બ્રાઝિલ, રશિયા, ચીન, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત, ઇથોપિયા, ઇરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) અને ઇન્ડોનેશિયાનું આ જૂથ વૈશ્વિક વેપારમાં પણ આશરે ૨૬ ટકા હિસ્સો ધરાવે છે.

જાણકારોના મતે બ્રિક્સનું આર્થિક મહત્વ માત્ર જીડીપીના આંકડા પૂરતું સીમિત નથી. બ્રિક્સમાં વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્રો અને સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો - ચીન અને ભારતનો સમાવેશ થાય છે; રશિયા, સાઉદી અરેબિયા, ઇરાન અને યુએઇ જેવા મુખ્ય ઉર્જા નિકાસકારો; તેમજ બ્રાઝિલ અને રશિયા જેવા મુખ્ય કોમોડિટી અને કૃષિ ઉત્પાદકોનો સમાવેશ થાય છે. આ સંગઠન હવે આ વિશાળ સ્તરને વ્યાપક આર્થિક સહયોગમાં બદલવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ માટે સભ્ય દેશો વચ્ચે વેપાર વધારવો, મજબૂત સપ્લાય ચેઇન બનાવવી, સ્થાનિક ચલણના ઉપયોગને પ્રોત્સાહન આપવું અને સરહદ પાર ચૂકવણી માટે એવી વ્યવસ્થા વિકસાવવી કે જે ટ્રાન્ઝેક્શન ખર્ચ ઘટાડી શકે અને હાલના નાણાકીય માળખા પરની નિર્ભરતા ઓછી કરી શકે.

ગોલ્ડમેન સાક્સના અર્થશાસ્ત્રી જિમ ઓ'નીલે ૨૦૦૧માં બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન માટે 'બ્રિક' (Bric) શબ્દનો પ્રયોગ કર્યો હતો. બ્રિક પાછળથી એક આંતર-સરકારી જૂથ બન્યું. આ ચાર દેશોએ ૨૦૦૬માં ઔપચારિક રાજકીય સંકલન શરૂ કર્યું અને ૨૦૦૯માં રશિયાના યેકાટેરિનબર્ગમાં તેમની પ્રથમ નેતાઓની સમિટ યોજી. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૧માં આ જૂથમાં દક્ષિણ આફ્રિકા જોડાતા તે 'બ્રિક'માંથી 'બ્રિક્સ' (Brics) બન્યું હતું. ત્યારબાદ જૂથમાં સૌથી મોટો વિસ્તાર થયો. ઇજિપ્ત, ઇથોપિયા, ઇરાન, સાઉદી અરેબિયા અને યુએઇ ૨૦૨૪માં જોડાયા, જ્યારે જાન્યુઆરી ૨૦૨૫માં ઇન્ડોનેશિયા ૧૧મું પૂર્ણ સભ્ય બન્યું. ખાસ વાત એ છે કે, ૨૦૨૫માં બ્રિક્સનું પ્રમુખપદ સંભાળનાર બ્રાઝિલે સત્તાવાર રીતે ઇન્ડોનેશિયાના પ્રવેશની જાહેરાત કરી હતી.

મહત્વનું એ છે કે, ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) ના જુલાઈ ૨૦૨૬માં પ્રકાશિત થયેલા લેટેસ્ટ 'વર્લ્ડ ઇકોનોમિક આઉટલુક' અનુસાર, ૨૦૨૬માં વૈશ્વિક વૃદ્ધિ દર ૩.૩ ટકા રહેવાનો અંદાજ છે અને ભારત સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાં સામેલ છે, જ્યારે ચીનનો વિકાસ દર ૪.૬ ટકા રહેવાનો અંદાજ છે. ઇન્ડોનેશિયા ૫ ટકા, બ્રાઝિલ ૨.૪ ટકા, રશિયા ૧.૧ ટકા અને દક્ષિણ આફ્રિકા ૧.૧ ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. ચીન વિશાળ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા પૂરી પાડે છે અને જૂથનું સૌથી મોટું અર્થતંત્ર છે. ભારત ઝડપી આર્થિક વૃદ્ધિ સાથે વિશાળ સ્થાનિક બજાર ધરાવે છે. બ્રાઝિલ મુખ્ય કૃષિ અને કોમોડિટી નિકાસકાર છે, જ્યારે રશિયા અને ગલ્ફ દેશો ઉર્જા અને કાચા માલની મજબૂતી પૂરી પાડે છે.

ભારત સરકાર અનુસાર, આ ૧૧ સભ્યો વિશ્વની ૪૯.૫ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. આ વસ્તીમાં ચીન અને ભારતનો સૌથી મોટો હિસ્સો છે, જ્યારે ઇન્ડોનેશિયા, બ્રાઝિલ, રશિયા, ઇજિપ્ત, ઇથોપિયા અને ઇરાન પણ મોટા સ્થાનિક બજારો પ્રદાન કરે છે. વેપાર-ઉદ્યોગ માટે આ એક વિશાળ ગ્રાહક આધાર સમાન છે. જોકે, માત્ર વસ્તીને ખરીદશક્તિ માની લેવી ભૂલભરેલું છે. બ્રિક્સના સભ્યો વચ્ચે આર્થિક અસમાનતા ઘણી મોટી છે. યુએઇ અને સાઉદી અરેબિયા પાસે ઊંચી માથાદીઠ આવક અને મોટા પાયે મૂડી ઉપલબ્ધ છે, જ્યારે ભારત, ઇજિપ્ત અને ઇથોપિયામાં માથાદીઠ આવક ઘણી ઓછી છે પરંતુ તેમની પાસે વિશાળ વસ્તી અને લાંબા ગાળાની વૃદ્ધિની શક્યતાઓ છે.

## આંકોલવાડી કન્યાશાળા ખાતે જન્માષ્ટમી-શિક્ષકદિન નિમિત્તે શૈક્ષણિક કેમ્પ યોજાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

તાલાળા તા.૫ આંકોલવાડી કન્યા શાળા ખાતે જન્માષ્ટમી તથા શિક્ષકદિન નિમિત્તે શૈક્ષણિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં શિક્ષક માત્ર વર્ગખંડમાં પાઠ ભણાવનાર જ નથી, પરંતુ શિક્ષક એ જ્ઞાનનો દિપક છે જે પોતાના જ્ઞાન ના પ્રકાશથી અનેકના જીવનમાં ઉજાસ ભરી દે છે ' તથા વિદ્યાર્થીઓના જીવનને ઘડનાર સાચો માર્ગદર્શક પણ છે. અને આ વિચારને સાકાર કરતી અનોખી પહેલરૂપે આંકોલવાડી કન્યાશાળા ખાતે જન્માષ્ટમીના વેકેશન દરમિયાન ધોરણ ૬ થી ૮ ની બાલિકાઓ માટે કન્યા શાળામાં 'જન્માષ્ટમી- શિક્ષકદિન નિમિત્તે વિશેષ શૈક્ષણિક કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું હતું. 'નાની નાની શરૂઆત' ના સંકલ્પ સાથે યોજાયેલા આ કેમ્પમાં જન્માષ્ટમીના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંસ્કારો સાથે શિક્ષક દિનના સન્માનનો સુંદર સમન્વય જોવા મળ્યો. રજાના દિવસોમાં પણ બાલિકાઓએ આનંદ સાથે શીખવાની તક મળે અને તેમના સર્વાંગી વિકાસને વેગ મળે, મોબાઈલથી દૂર રહે તે હેતુથી આંકોલવાડી કન્યાશાળાના શિક્ષક શ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ બાલિકાઓમાં આધ્યાત્મિક જાગૃતિ, સંસ્કાર ભાવના, ટીમવર્ક, સર્જનાત્મકતા, જ્ઞાનવર્ધન, શારીરિક સ્ફૂર્તિ અને આત્મવિશ્વાસ જેવા જીવનોપયોગી ગુણોનો વિકાસ કરવાનો હતો. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન અને સંસ્કારનું સિંચન કેમ્પ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્ર, શ્રીમદ્ ભગવદ્ગીતાના ઉપદેશો તથા જીવનમૂલ્યો અંગે વાર્તા, સંવાદ અને ચર્ચા દ્વારા બાલિકાઓને જ્ઞાન આપવામાં આવ્યું. શ્રાવણ માસ નિમિત્તે ભગવાન શિવને બિલ્વપત્ર અર્પણ કરી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંસ્કારો સાથે પણ બાલિકાઓને જોડવામાં આવી. સર્જનાત્મકતા વિકસે તે હેતુથી બાલિકાઓ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના ચિત્રોનું સર્જન કરવામાં આવ્યું. સમૂહ રમતો દ્વારા ટીમવર્ક અને સહકારની ભાવના કેળવવામાં આવી, જ્યારે યોગ અને પ્રાણાયામ દ્વારા શારીરિક-માનસિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવામાં આવ્યું. બૌદ્ધિક પ્રશ્નોત્તરી દ્વારા બાલિકાઓના સામાન્ય જ્ઞાન અને વિચારશક્તિને પણ વિકસાવવામાં આવી. કેમ્પની વિશેષતા એ રહી કે દરેક બાલિકાએ શ્રીમદ્ ભાગવત્ ગીતાના શ્લોકો કંઠસ્થ કરી આત્મવિશ્વાસ પૂર્વક તેનું પઠન કર્યું. આ પ્રવૃત્તિ દ્વારા સ્મરણશક્તિ, ઉચ્ચારશુદ્ધિ તથા જાહેરમાં રજૂઆત કરવાનો આત્મવિશ્વાસ વિકસ્યા નો સંતોષ થયો. બહેનપણીઓમાં ગાઢ મિત્રતા, માતૃભાવના વિકસી. કેમ્પના આયોજન અંગે શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, "કૃષ્ણ પાસેથી જ્ઞાન અને ગુરુ પાસેથી જીવનનું ઘડતર બંનેનો સંગમ એટલે સંસ્કારભર્યું શિક્ષણ." તેમણે વધુમાં જણાવ્યું કે, શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તક પૂરતું સીમિત ન રહે, પરંતુ તેમાં સંસ્કાર, સર્જનાત્મકતા, શારીરિક સ્ફૂર્તિ, આધ્યાત્મિકતા અને આત્મ વિશ્વાસ, નિડરતાનો પણ સમાવેશ થાય છે ત્યારે સાચા અર્થમાં બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. એક દિવસ થતો તે નાની નાની પહેલ દ્વારા પણ બાળકોના જીવનમાં મોટું પરિવર્તન લાવી શકાય છે. કેમ્પમાં બાલિકાઓએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો અને શીખીએ... સર્જીએ... રમીએ... અને આત્મવિશ્વાસ સાથે આગળ વધીએ ના સંકલ્પને સાકાર કર્યો હતો. આ સમગ્ર આયોજન શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતા એ આંકોલવાડી કન્યાશાળામાં રજાના દિવસોને પણ શિક્ષણ, સંસ્કાર અને સર્જનાત્મકતાના ઉત્સવમાં પરિવર્તિત કરવાની એક પ્રેરણાદાયી પહેલ કરી હતી.આ અગાઉ પણ શ્રી નિશાંતભાઈ દ્વારા વેકેશનમાં બાળકો માટે શાળા કક્ષાએ શૈક્ષણિક કેમ્પનું આયોજન થતું આવ્યું છે.જેનાથી વાલીઓ પણ સંતુષ્ટ છે.

## આંગણવાડીમાં શિક્ષકદિનની ઉજવણી કરાઇ

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા નગરમ ના ઈન્દીરાનગર માં આવેલી આંગણવાડી માં શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી જેમાં આંગણવાડી કાર્યકર દ્વારા ભુલકાંઓને શિક્ષકદિનની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું.આંગણવાડીના બાળકે શિક્ષકની ભૂમિકા ભજવી. નાના ભુલકાંઓમાં શિક્ષક પ્રત્યે આદર વધે તેમજ વકતૃત્વશક્તિ ખિલી ઉઠે તેવા હેતુસર આંગણવાડી કાર્યકરના માર્ગદર્શન નીચે એક શિક્ષક તેમના વર્ગમાં બાળકોને કેવી રીતે ભણાવી શકે તેના ભાગરૂપે આંગણવાડીની બાળકી શ્રદ્ધા ઠાકોરને શિક્ષક બનાવી બાળકોને ભુલકાં એ ને ભણાવવાની તાલીમ આપતાં આંગણવાડીની બાળકી શ્રદ્ધા ઠાકોરે શિક્ષક બને ભુલકાંઓને ભણાવ્યા હતા આંગણવાડી કાર્યકરો. તેડાગર બહેનો દ્વારા શિક્ષકદિનની ઉજવણીનું સુંદર આયોજન કર્યું હતું.



## કેશોદમાં વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી કૃષ્ણ જન્મોત્સવ સમિતિ તથા શ્રી રણછોડરાય મંદિર, કેશોદ દ્વારા આયોજિત શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ- બજરંગદળ કેશોદ દ્વારા ભવ્ય મટકી ફોડ તથા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી નગરજનો, વિવિધ હિન્દુ સંગઠનો, વેપારીઓ તથા યુવાનો જોડાયા હતા. શોભાયાત્રાની શરૂઆત પ્રસંગે કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, મેહુલભાઈ ગોંડલીયા, નગરપાલિકા પ્રમુખના પ્રતિનિધિ કેયુરભાઈ દેવળીયા, બ્રહ્માકુમારી રૂપાદીદી, ભારત વિકાસ પરિષદના પ્રમુખ આર.પી. સોલંકી ડો સ્નેહલ તન્ના સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ભગવાન દ્વારકાધીશની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ભક્તિમય વાતાવરણમાં શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવી હતી.શોભાયાત્રામાં ભારત વિકાસ પરિષદ, કેશોદ પણ ઉત્સાહભેર જોડાયું હતું.



ભારત વિકાસ પરિષદ દ્વારા બાળકોને ભગવાન શ્રીકૃષ્ણ, રાધાજી તેમજ મહાભારતના વિવિધ પાત્રોની આકર્ષક નવ વેશભૂષા કરાવવામાં આવી હતી. વેશભૂષામાં સજ્જ બાળકોએ શોભાયાત્રામાં સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું અને ભારતીય સંસ્કૃતિ તથા પૌરાણિક પરંપરાની સુંદર ઝાંખી રજૂ કરી હતી.આ આયોજનમાં ભારત વિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ ડો. સ્નેહલ તન્ના, જીતેન્દ્ર પટેલ, નિશાંત પુરોહિત સહિતના કાર્યકરોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. શોભાયાત્રા શ્રી રણછોડરાય મંદિર થી હવેલી ચોક, નીલકંઠ મહાદેવ મંદિર, જલારામ મંદિર રોડ, મહાજનવાડી, બગીયા રોડ, પુરોહિત બોર્ડિંગ રોડ, આંબાવાડી, મહેન્દ્રસિંહજી ચોક, અમૃતનગર રોડ, બસ સ્ટેશન રોડ, ચારચોક (શ્રીરામ ચોક), માંગરોળ રોડ, શરદચોક થઈ પુનઃ શ્રી રણછોડરાય મંદિર ખાતે પૂર્ણ થઈ હતી.શોભાયાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ ધર્મપ્રેમી પરિવારો દ્વારા સ્વાગત કરી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જયઘોષથી સમગ્ર માર્ગ ભક્તિમય બની ગયો હતો.મટકી ફોડ કાર્યક્રમમાં શ્રી રાધે ધૂન મંડળ-ટીમ, લાયન્સ નેચર રેસ્ક્યુ ટીમ (LNC) તથા હિન્દુ યુવા સંગઠન સહિતના કાર્યકરો જોડાયા હતા. પરંપરાગત મટકી ફોડ કાર્યક્રમને લઈને પણ નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત શ્રી કૃષ્ણ જન્મોત્સવની શોભાયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ચૌધરી સાહેબ, વાજા સાહેબ, એલસીબીના જગદીશ સિસોદિયા સહિતના પોલીસ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફ દ્વારા સલામતી અને વ્યવસ્થાની પૂરતી જવાબદારી સંભાળવામાં આવી હતી. પોલીસ સ્ટાફ દ્વારા સમગ્ર રૂટ પર ચુસ્ત બંદોબસ્ત જાળવી ટ્રાફિક વ્યવસ્થા તથા સુરક્ષાની કામગીરી સુચારુ રીતે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ સમિતિ, શ્રી રણછોડરાય મંદિર, ભારત વિકાસ પરિષદ તથા વિવિધ હિન્દુ સંગઠનોના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.



### દિવ્ય દર્શન | ભાલકા તીર્થ, પ્રભાસ ક્ષેત્ર, શ્રી કૃષ્ણ જન્માષ્ટમી

નરેન્દ્ર દવે જૂનાગઢ | જ્યાં લીલાધરે પોતાની અંતિમ લીલા રચીને પરમધામ તરફ પ્રસ્થાન કર્યું, એ જ પવિત્ર અને પાવન ભૂમિ ભાલકા તીર્થથી પ્રસ્તુત છે ભગવાન શ્રી કૃષ્ણ ચંદ્ર પરમાત્માના વિશેષ જન્મોત્સવ ઝાંખીના અલૌકિક દર્શન.જન્માષ્ટમીના આ પાવન પર્વ પર મુરલીધરનું આ સ્વરૂપ મનને શાંતિ અને આત્માને ભક્તિમય આનંદથી ભરી દે છે.

## નખત્રાણા-ઉંઝા એસટી બસ બની નંદઘર: મધરાતે કૃષ્ણ જન્મની ઉજવણીથી મુસાફરોમાં છવાયો આનંદ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી) | "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી"ના જયઘોષ સાથે નખત્રાણા-ઉંઝા રૂટની ગુજરાત એસટી બસમાં મધરાતે 12 વાગ્યે શ્રીકૃષ્ણ જન્મોત્સવની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોની વચ્ચે જ ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ખુશી વહેંચવામાં આવી હતી. મધરાતે 12 વાગ્યે જન્મોત્સવ ઉજવાતા મુસાફરોમાં પણ ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. બસ જાણે નંદઘરમાં પરિવર્તિત થઈ હોય તેવો ભક્તિમય માહોલ સર્જાયો હતો.મુસાફરી દરમિયાન જ જન્માષ્ટમીની ઉજવણીનો આ સુંદર પ્રસંગ મુસાફરો માટે યાદગાર બની રહ્યો હતો. "જય કનૈયાલાલ કી"ના નાદ સાથે સૌએ શ્રીકૃષ્ણ જન્મની વધાઈ માણી હતી.

## શિક્ષક દિને વિદ્યાર્થીઓએ સંભાળી શાળાની કમાન: દેશલપર પ્રાથમિક શાળામાં અનોખી ઉજવણી

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે આવેલી શ્રી પ્રાથમિક શાળામાં 5 સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને શિક્ષક તથા આચાર્યની જવાબદારીનો અનુભવ કરાવવા માટે વિવિધ ભૂમિકાઓ સોંપવામાં આવી હતી.શાળાના વિવિધ વિષયોના શિક્ષકોની ભૂમિકા વિદ્યાર્થીઓએ નિભાવી હતી, જ્યારે વિદ્યાર્થી અમન સોઢાને એક દિવસના આચાર્ય તરીકે શાળાની કમાન સોંપવામાં આવી હતી. આચાર્ય તરીકેની જવાબદારી સંભાળીને અમન સોઢાએ ખુશી વ્યક્ત કરી હતી



અને જણાવ્યું હતું કે આ અનુભવ તેમના માટે ખૂબ જ આનંદદાયક અને યાદગાર રહ્યો.વિદ્યાર્થીઓને શાળાનું સંચાલન, શિસ્ત અને શિક્ષકની જવાબદારીનો પ્રત્યક્ષ અનુભવ મળે તેવા આ પ્રયાસથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને નેતૃત્વની ભાવના વિકસે તેવો સુંદર સંદેશ મળ્યો હતો.

## ઢોલના તાલે જીવંત છે ગામડાની સંસ્કૃતિ : સાતમ-આઠમના પર્વે દેશલપરમાં ગુંજ્યો પરંપરાનો સૂર

જગદીશ પી. દવે |દેશલપર (ગુંતલી)

સમય બદલાયો, જીવનશૈલી બદલાઈ અને મનોરંજનના સાધનોમાં પણ ધરખમ પરિવર્તન આવ્યું, છતાં ગામડાની ધરતી સાથે જોડાયેલી કેટલીક પરંપરાઓ આજે પણ એટલી જ જીવંત છે. સાતમ-આઠમના પર્વ દરમિયાન દેશલપર ગામમાં ઢોલના તાલે રમાતી પરંપરાગત ઢોલરમત તેનું જીવંત ઉદાહરણ બની રહી છે. ઉપરોક્ત તસવીરમાં દેશલપર ગામે સાતમ-આઠમના પર્વ દરમિયાન ઢોલરમત વખતે ઢોલ વગાડતા ઢોલીની ક્ષણ કેમેરામાં કેદ થઈ છે.



ઢોલના દરેક તાલ સાથે જાણે વર્ષો જૂની લોકસંસ્કૃતિ ફરી એકવાર જીવંત બની ઊઠતી હોય તેવો માહોલ જોવા મળે છે.વડીલોના સમયથી ગામડાંઓમાં તહેવારો માત્ર ધાર્મિક પ્રસંગો નહોતા, પરંતુ સમગ્ર ગામને એકસાથે લાવતો ઉત્સવ હતા. ઢોલના તાલે લોકો એકત્ર થતા, યુવાનો-વડીલો ઉત્સાહભેર જોડાતા અને બાળકો માટે પણ આ આનંદનો વિશેષ પ્રસંગ બનતો.આજે મોબાઈલ, ડીજે અને આધુનિક મનોરંજનના યુગમાં પણ સાતમ-આઠમ જેવા તહેવારોમાં જ્યારે પરંપરાગત ઢોલ ગુંજે છે, ત્યારે નવી પેઢીને આપણા લોકજીવન અને સંસ્કૃતિ સાથે જોડતો એક સેતુ સર્જાય છે.ઢોલનો આ તાલ માત્ર અવાજ નથી આ તો વડીલોના સમયથી આજ સુધી સચવાયેલી સંસ્કૃતિના ધબકારા છે.દેશલપરની આ તસવીર એ વાતની સાક્ષી છે કે સમય ભલે બદલાય, પરંતુ માટી સાથે જોડાયેલી પરંપરાઓ સાચવવાની ભાવના જીવંત રહે તો લોકસંસ્કૃતિની સુગંધ પેઢી દર પેઢી આગળ વધતી રહે છે.

## પાલનપુર ખાતે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું ભવ્ય સન્માન: 'સમરસ વિદ્યાસેતુ અભિયાન' કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો, પાલનપુર | ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન એટલે કે શિક્ષક દિન નિમિત્તે પાલનપુર સ્થિત વિદ્યા મંદિર કેમ્પસના કાનુભાઈ મહેતા હોલ ખાતે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ-૨૦૨૬ તથા 'સમરસ વિદ્યાસેતુ અભિયાન' અંતર્ગત ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો.બનાસકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તથા રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમારોહમાં



શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ અને પ્રશંસનીય યોગદાન આપનાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષકો તેમજ મુખ્ય શિક્ષકો અને સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓને પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, શિક્ષક રાષ્ટ્ર નિર્માતાની ભૂમિકા ભજવે છે અને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. વિદ્યાર્થીની કક્ષા કેળવવાથી તેની રક્ષા તો થાય જ છે, પરંતુ સારા અને સંસ્કારી નાગરિકોના નિર્માણ થકી રાષ્ટ્રની પણ રક્ષા થાય છે. રામકૃષ્ણ પરમહંસના સાનિધ્યમાં નરેન્દ્ર સ્વામી વિવેકાનંદ બન્યા, સમર્થ ગુરુ રામદાસના માર્ગદર્શનથી છત્રપતિ શિવાજી જેવા મહાન વ્યક્તિત્વનું નિર્માણ થયું અને ચાણક્યના માર્ગદર્શનથી ચંદ્રગુપ્ત દ્વારા અખંડ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાઈ. આ ઉદાહરણો દર્શાવે છે કે એક સક્ષમ શિક્ષક અને ગુરુ વિદ્યાર્થીના જીવનની દિશા બદલીને સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

## શ્રાવણ માસના છેલ્લા શનિવારે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને '૧૦૦૮ મીઠાઈ એવં વાનગીઓનો ભવ્ય મહાઅન્નકૂટ' ધરાવાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શ્રાવણ મહિનાની દાદાને અનેક વિધ શણગાર-અન્નકૂટ કરી ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત તા.05-09-2026 ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને મયૂરાકાર સિલ્વર ડાયમંડ મુકુટ એવં ગળામાં હાર અને સોનાના મણકાવાળા દાગીના સાથે શ્રીરામના પરમ ભક્ત એવા શ્રીકષ્ટભંજન દેવને 'રામ નામ' અંકિત કરેલ - પીળા, વાદળી અને લાલ રંગની કિનારીવાળા સુંદર દિવ્ય વાઘાનો



આકર્ષક શણગાર કરાયો હતો. ગર્ભગૃહ અને સિંહાસનને સફેદ ફૂલો વડે સુંદર સજાવવામાં આવ્યું છે. બંને બાજુએ ફૂલો અને હરિયાળીથી બનાવેલા બે ભવ્ય મોરની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે, જે શણગારની શોભામાં વધારો કરે છે. દાદાના દરબારમાં '૧૦૦૮ મીઠાઈ એવં વાનગીઓનો ભવ્ય મહાઅન્નકૂટ' ધરાવાયો હતો. સવારે 05:30 કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા 7:00 કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાને ૧૦૦૮ પ્રકારની વિવિધ મિષ્ઠાનો-વાનગીઓનો ભવ્ય મહાઅન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમાં અલગ-અલગ પ્રકારની મિઠાઈઓ-ફરસાણ - બેકરી આઈટમ-વિવિધ પ્રકારના શાક -ઈટાલિયન વાનગીઓ વગેરે 1008 વિવિધ અવનવી વાનગીઓનો મહાઅન્નકૂટ ધરાવમાં આવ્યો હતો. મહાઅન્નકૂટ આરતી બપોરે ૧૧:૧૫ કલાકે આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામી દ્વારા કરવામાં આવી હતી.વિશાળ સંખ્યામાં ભક્તોએ દાદાના મહાઅન્નકૂટ દર્શન તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો. સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત દિવ્ય શણગાર-દર શનિવારે અનેક દિવ્ય અન્નકૂટ દર્શન, દર મંગળવારે સંગીતમય સુંદરકાંડ પાઠ, સંપૂર્ણ શ્રાવણ માસ નિમિત્તે દૈનિક મારુતિ યજ્ઞ, દર રવિવારે સાંજે 5 કલાકે દાદાનું દિવ્ય રાજોપચાર પૂજન સાથે મહાસંધ્યા આરતી,દર સોમવારે દાદાને શિવસ્વરૂપ દિવ્ય શણગાર,શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળા દર્શન સાથે દિવ્ય સત્સંગ કથા અને સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન આધી, વ્યાધિ અને ઉપાધિ થી શાંતિ મેળવવા દૈનિક મારુતિનું આયોજન કરવામાં આવ્યું છે.

## જન્માષ્ટમી પર્વે સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, જૂનાગઢનો માનવતાનો સેવાયજ્ઞ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢની સેવાભાવી સંસ્થા 'સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ' દ્વારા જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે અનોખો માનવતાનો સેવાયજ્ઞ યોજવામાં આવ્યો હતો. જૂનાગઢ શહેર તેમજ આસપાસના ૨૦ જેટલા ગામોના જરૂરિયાતમંદ, વિધવા, ત્યકતા, નિરાધાર અને શ્રમિક પરિવારો સહિત કુલ ૧,૦૦૦ પરિવારોને અનાજ, મીઠાઈ, ફરસાણ તથા જીવનજરૂરિયાતની વિવિધ ચીજવસ્તુઓ ની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજના સમયમાં એક તરફ સતત વધતી મોંઘવારી અને બીજી તરફ માનવીય સંવેદનાઓમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. તેમાં ખાસ કરીને વિધવા બહેનો, ત્યકતા બહેનો, નિરાધાર પરિવારો અને શ્રમિક પરિવારો માટે તહેવારોની ઉજવણી કરવી મુશ્કેલ બની રહે છે. આવા પરિવારો પોતાની મુશ્કેલી કોઈને કહી શકતા નથી કે મદદ માંગવા જઈ શકતા નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને તહેવારના પ્રસંગે સધિયારો મળી રહે અને તેમના ઘરમાં પણ ખુશીનો માહોલ સર્જાય તેવા ઉમદા આશયથી આ સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ જીવનજરૂરિયાતની સામગ્રીની કીટ ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી તેમાં મોહનથાળ, ગાંઠિયા, સોનપાપડી, ચવાણું, ચા-ખાંડ, લોટ,



ખીચડી, બટેટા, સેવ- મમરા, તેલની બોટલ, બિસ્કિટ, ફરાળી ચેવડો સહિતની વિવિધ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આર્થિક રીતે નબળા પરિવારોને સાડી, ડ્રેસ, પેન્ટ-શર્ટ સહિતના કપડાંનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કપડાં માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના કુલીનભાઈ લુથીયા તરફથી મોકલવામાં આવ્યા હતા. આ લાભ જૂનાગઢ શહેર તથા ગામડામાં વડાલ, ચોકી, કાથરોટા, ગોલાધર, મજેવડી, વાલાસીમડી, બામણગામ, સુખપુર, વંથલી, પ્લાસવા, બીલખાના જરૂરિયાતમંદ પરિવારો ઉપરાંત અંધ અને દિવ્યાંગજનોને પણ સામગ્રીનો લાભ આપવામાં આવ્યો હતો, આ સેવાયજ્ઞને સફળ બનાવવા માટે ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ, નિર્મળ વ્રજ ફાઉન્ડેશન, સાંઈનાથ અન્નક્ષેત્ર ઉપરાંત ગીરીશભાઈ કોટેચા, વિજયાબેન લોઢિયા, મનીષભાઈ લોઢિયા, રમણીકભાઈ રાણીંગા, રાજેશભાઈ લાલચેતા, પ્રવીણાબેન ચોકસી, અભયભાઈ ચોકસી, ભારતીબેન દેવાણી, મનમીતબેન ડાભી, પુષ્પાબેન દામજીભાઈ પરમાર, સુશીલાબેન શાહ, દયાબેન માણેક, કિરીટભાઈ ગંગદેવ, અરવિંદભાઈ દોમડીયા, જયાબેન પરમાર, નાગભાઈ વાળા, રવિભાઈ શાસ્ત્રી, વસંતલાલ નાથાલાલ રાજા, અશોકભાઈ મંગનાણી, શાંતાબેન બેસ, બટુકબાપુ સહિતના દાતાઓએ આર્થિક તથા અન્ય રીતે સહયોગ આપ્યો હતો. સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજાના માર્ગદર્શન હેઠળ સમગ્ર સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. વિતરણ વ્યવસ્થામાં નાગભાઈ વાળા, દીપલભાઈ રૂપારેલિયા, પરાગભાઈ કોઠારી, ભાવેશભાઈ ભોગાયતા , વડાલ ખાતે આઈશ્રી ખોડિયાર મંડળના માધાભાઈ પારધી સહિતના સેવાભાવીઓએ જહેમત ઉઠાવી હતી.આ સેવાયજ્ઞને સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટીઓ અને સેવાભાવીઓમા અરવિંદભાઈ મારડિયા, નાગભાઈ વાળા, કે.એસ. પરમાર, શાંતાબેન બેસ, રણછોડભાઈ ગોરફાડ, કૈલાસપૂરીભાઈ, અલ્પેશભાઈ પરમાર, મુકેશભાઈ મેઘનાથી, ચંપકભાઈ જેઠવા, રાજેન્દ્ર ચુડાસમા, પ્રવીણભાઈ જોશી, હરજીવનભાઈ ગોપાણી, રમાબેન બેસ, ભારતીબેન દેવાણી, મનમીતબેન ડાભી, સરોજબેન જોશી, સરોજબેન ઠાકર, અરુણાબેન રાઠવા, મનોજભાઈ સાવલિયા, યોગેશભાઈ પાલા અને દિનેશભાઈ મકવાણા સહિતના કાર્યકરોએ મહેનત કરી હતી.

## સીતાવનમાં મૂર્તિ ખંડિત કરવાની ઘટનાથી ભક્તોમાં હજુ પણ રોષ યથાવત

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના ગારખડી ગામ નજીક આવેલ સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને લઈને હિન્દુ સમાજમાં રોષ હજુ પણ યથાવત જોવા મળી રહયો છે.આ ઘટનાના અજાણ્યા આરોપીને તાત્કાલિક ઝડપી કાયદેસરની કડક સજા કરવામાં આવે તેવી માંગ સાથે હિન્દુ સંગઠનો, સાધુ-સંતો અને આગેવાનો દ્વારા ગારખડી ગામના હનુમાન મંદિર ખાતે સંમેલન યોજાયુ હતુ.આ સંમેલનમાં મોટી સંખ્યામાં સાધુસંતો, હિન્દુ આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ કરી ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા સ્થળોની સુરક્ષા તથા શાંતિ જળવાઈ રહે તે માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો.સંમેલનમાં



ડાંગ જિલ્લાનાં ગારખડી હનુમાન મંદિરે સાધુ સંતો અને આગેવાનોનું સંમેલન, આરોપીને ઝડપી કડક સજાની માંગ..

ઉપસ્થિત ડાંગના રાજા ધનરાજસિંહ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, તેમના પૂર્વજો હળી-મળીને શાંતિપૂર્વક રહેતા આવ્યા છે, ત્યારે આવી ઘટના કેમ બની તે સમજાતું નથી. તેમણે સમગ્ર મામલે સ્થાનિક પોલીસ તંત્ર અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી પર વિશ્વાસ વ્યક્ત કરી આરોપી ઝડપાઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી.ડાંગમાં 311 હનુમાન મંદિરોના નિર્માણનો સંકલ્પ કરનારા પી.પી. સ્વામીએ પણ ઘટનાના વિરોધમાં શાંતિપૂર્ણ રીતે અવાજ ઉઠાવવાની વાત કરી હતી.તેમણે ધાર્મિક આસ્થાના સ્થળો સાથે ચેડા કરનાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જ્યારે ડાંગ જિલ્લાનાં શબરીધામનાં સંચાલકો સામે વાસુર્ણાનાં રાજા ધનરાજસિંહ સૂર્યવંશીએ આકરા પ્રહાર કર્યા હતા.આ સંમેલન દરમિયાન ડાંગના રાજા ધનરાજસિંહ સૂર્યવંશીએ શબરીધામના સંચાલકો અંગે પણ આકરા આક્ષેપો કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તેમણે જણાવ્યું હતુ કે હિન્દુ ધર્મની સભામાં હાજર ન રહેતા કેટલાક સંતો માત્ર ભગવો ધારણ કરીને પૈસા કમાવાનું કામ કરે છે.સાથે જ શબરીધામ ખાતે અન્ય હિન્દુ સંગઠનોને હિન્દુત્વને લગતા કાર્યક્રમો યોજવા દેવામાં આવતા નથી તેવો પણ આક્ષેપ કર્યો હતો.રાજાના આ નિવેદનથી સંમેલનમાં ચર્ચા જાગી હતી. જોકે, શબરીધામના સંચાલકો તરફથી આ આક્ષેપ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને લઈને પોલીસ દ્વારા આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. સાધુ-સંતો અને હિન્દુ આગેવાનોએ કાયદો હાથમાં લીધા વિના શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવી આરોપીને વહેલી તકે ઝડપી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.આ કાર્યક્રમમાં વિધાનસભા દંડક વિજયભાઈ પટેલ ડાંગના સાધ્વી પૂજ્ય યશોદા દીદી, RSS, વિશ્વહિન્દૂ પરિષદ ,ના આગેવાનો સહીત વિવિધ સંગઠન મંડળના આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## શિક્ષક દિન નિમિત્તે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્વ. સમીર શાહના સ્મરણાર્થે રૂ. 22,500ની આર્થિક સહાય ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા ખાતે યોજવામાં આવી હતી

રિપોર્ટર .કમલેશ પટેલ. | સંખેડા

આ પ્રસંગે ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીનીઓ મેમણ સહારા એસ., પંચોલી રિદ્ધિ એ. અને મોચી મિત એ. ને આ સહાય અપાઈ. સ્વર્ગસ્થ સમીર શાહના પિતા હર્ષદભાઈ શાહ દ્વારા આ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રત્યેકને રૂ. 7,500 મુજબ કુલ રૂ. 22,500ની રોકડ સહાય અપર્ણ



કરાઈ હતી.આ સહાય વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે માત્ર આર્થિક મદદ જ નથી, પરંતુ તેમની પ્રતિભા અને મહેનતનું સન્માન પણ છે. શિક્ષણ ક્ષેત્રે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાની આ પહેલ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.આચાર્ય ચિરાગ શાહે જણાવ્યું કે, શિક્ષણ માટેનું દાન અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સમાજના સારા ભવિષ્ય માટે મહત્વનું યોગદાન આપે છે. આવા દાતાઓને કારણે અનેક વિદ્યાર્થીઓ પોતાના સપના પૂરા કરવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે છે. શાળા પરિવારે આશા વ્યક્ત કરી કે આ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપશે.અંતમાં, ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડા શાળા પરિવારે દાતા હર્ષદભાઈ શાહનો આભાર માન્યો હતો. તેમની આ સેવાકીય ભાવનાને શિક્ષણ ક્ષેત્ર માટે એક ઉદાહરણરૂપ ગણાવવામાં આવી હતી.

## જન્મદિવસે શુભેચ્છાઓનો ધોધ : ભુવી અર્જુનભાઈ જોગીએ સૌનો માન્યો હૃદયપૂર્વક આભાર




જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

પ્રદેશ કારોબારી સભ્ય તથા જામનગર જિલ્લા ભાજપ યુવા મોરચાના પ્રભારી ભુવી અર્જુનભાઈ જોગીનો જન્મદિવસ ઉત્સાહ અને આનંદ સાથે ઉજવાયો હતો. જન્મદિવસ નિમિત્તે મિત્રો, સાથી કાર્યકરો, સ્નેહીજનો તથા શુભચિંતકો દ્વારા પ્રત્યક્ષ મુલાકાત ઉપરાંત ફોન, મેસેજ અને વિવિધ સોશિયલ મીડિયા માધ્યમોથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.જન્મદિવસે મળેલી શુભેચ્છાઓ બદલ ભુવી અર્જુનભાઈ જોગીએ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સૌ તરફથી મળેલો પ્રેમ, સ્નેહ, આશીર્વાદ અને શુભકામનાઓ તેમના માટે અમૂલ્ય છે.સંગઠન અને જાહેરજીવનમાં સક્રિય રહી યુવાનો સાથે સતત જોડાયેલા ભુવી અર્જુનભાઈ જોગીએ શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આપ સૌનો પ્રેમ અને હૂંફ હંમેશા અવિરતપણે મળતા રહે તેવી આશા સહ..."જન્મદિવસ નિમિત્તે મોટી સંખ્યામાં મળેલી શુભેચ્છાઓથી અભિભૂત થઈ ભુવી અર્જુનભાઈ જોગીએ તમામ મિત્રો, કાર્યકરો, સ્નેહીજનો તથા શુભચિંતકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## આણંદના આંગણવાડી કેન્દ્રોમાં હર્ષોલ્લાસભેર ઉજવાઈ જન્માષ્ટમી: કાનુડાના જયઘોષથી ગુંજી ઉઠ્યા આંગણવાડી કેન્દ્રો

આણંદ | જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી તેજલબેનના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં જન્માષ્ટમી પર્વની ખૂબ જ ધામધૂમથી અને આનંદપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે દરેક આંગણવાડી કેન્દ્રને સુંદર અને આકર્ષક રોશની તથા શણગારથી સજાવવામાં આવ્યા હતા. ભૂલકાંઓમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવને લઈને ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બની ગયું હતું. ઉજવણી દરમિયાન આંગણવાડીના નાનકડા બાળકો શ્રીકૃષ્ણ અને રાધાજીના મનમોહક વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા. આ તકે કાર્યકર બહેનો દ્વારા બાળકોને ભગવાન શ્રીકૃષ્ણના જન્મ, તેમની મનોહર બાળલીલાઓ તેમજ જન્માષ્ટમીના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ વિશે સરળ શૈલીમાં સમજણ આપવામાં આવી હતી.બાળકોએ પણ શ્રીકૃષ્ણના બાળસ્વરૂપને અનુરૂપ વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોના ઉત્સાહમાં વધારો કરવા માટે વિશેષ રૂપે 'મટકી ફોડ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાના બાળકોએ ખૂબ જ આનંદપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત કૃષ્ણ ભજનો અને મધુર બાળગીતોની ગુંજથી આંગણવાડી પરિસર કૃષ્ણમય બની ગયું હતું. ભૂલકાંઓની સાંસ્કૃતિક કૃતિઓ અને ઉત્સાહથી કાર્યક્રમમાં અનોખી રોનક પથરાઈ હતી.આ સમગ્ર આયોજન દ્વારા બાળવયથી જ બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરાઓ અને તહેવારો પ્રત્યે આદર તથા જાગૃતિ કેળવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# કલરાવાંઢમાં હરિયાળી ક્રાંતિ! એક જ દિવસમાં ૨,૩૦૦ વૃક્ષો વાવી રચ્યો ઈતિહાસ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

પર્યાવરણ બચાવવાના સંકલ્પને સાકાર કરવા પ્રકૃતિ મિત્ર ગ્રુપ ગુજરાત દ્વારા તા. ૨૫ ઓગસ્ટે ગુજરાત સહિત મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં વિશાળ વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું હતું. પરમ પૂજ્ય ગુરુજી શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ અભિયાનમાં પ્રકૃતિપ્રેમીઓ, ગ્રામજનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ અભિયાનમાં શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાએ એક જ દિવસમાં ૨,૩૦૦ વૃક્ષોનું વાવેતર કરી અનોખી સિદ્ધિ નોંધાવી છે. શાળા પરિસરમાં ૨,૦૦૦ અને ગામમાં ૩૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ કામગીરીને વર્લ્ડ રેકોર્ડ સાથે જોડાયેલી સિદ્ધિ તરીકે રજૂ કરવામાં આવી છે.વિદ્યાર્થીઓએ પણ પર્યાવરણ જાળવણીમાં નોંધપાત્ર યોગદાન આપતાં શાળા તથા આસપાસના વિસ્તારોમાં અંદાજે ૫૦,૦૦૦ સિડ બોલ (બીજ ગોળા) નાખ્યા હતા. નાના બાળકોની આ પહેલે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિનો સુંદર સંદેશ આપ્યો છે.દરમિયાન KFFFDT અને સેતુ અભિયાનના સહયોગથી પાકિસ્તાન સરહદ નજીક ગાંડા બાવળ દૂર કરી તેની જગ્યાએ ૨,૫૦૦ ફળાઉ અને મીઠા વૃક્ષો વાવવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો છે. સરહદી વિસ્તારમાં હરિયાળી વધારવાની આ પહેલ પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની છે. “આજે વાવેલું એક વૃક્ષ આવતી પેઢી માટેનું હરિયાળું ભવિષ્ય છે”–આ સંદેશ સાથે સમગ્ર અભિયાન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.



### અભિયાનની ત્રણ મોટી સિદ્ધિઓ

1) ૨,૩૦૦ વૃક્ષોકલરાવાંઢ પ્રાથમિક શાળામાં એક જ દિવસમાં વાવેતર.

2) ૫૦,૦૦૦ સિડ બોલ વિદ્યાર્થીઓ દ્વારા આસપાસના વિસ્તારોમાં બીજ ગોળાનું વિતરણ.

3) ૨,૫૦૦ વૃક્ષોનો સંકલ્પ પાકિસ્તાન સરહદ નજીક ગાંડા બાવળ દૂર કરી ફળાઉ-મીઠા વૃક્ષો વાવવાની યોજના.

# માટીના કાનુડામાં જીવંત થાય છે પેઢીઓ જૂની શ્રદ્ધા: દેશલપરના સોઢા પરિવારની જન્માષ્ટમી ઉજવણી અનોખી

જગદીશ પી. દવે| દેશલપર (ગુંતલી)

જન્માષ્ટમી પર્વની ઉજવણી આધુનિકતાના રંગમાં રંગાઈ રહી છે ત્યારે દેશલપર (ગુંતલી) ગામનો સોઢા પરિવાર વર્ષોથી ચાલી આવતી પોતાની આગવી પરંપરાને આજે પણ જીવંત રાખી રહ્યો છે. પરિવાર દ્વારા દર વર્ષે અલગ-અલગ સભ્યના ઘરે માટીમાંથી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ બનાવી શ્રદ્ધાપૂર્વક જન્માષ્ટમી પર્વ ઉજવવામાં આવે છે.આ વર્ષે આ પરંપરાગત ઉજવણી સોઢા જોરુભા હાલાજી સોઢાના ઘરે કરવામાં આવી રહી છે. આશરે ૭૦ વર્ષની ઉંમરના મોહનબા કિશનસિંહ સોઢા વર્ષોથી પોતાના હાથે માટીમાંથી કાનુડાનું



સ્વરૂપ તૈયાર કરવાની પરંપરા જાળવી રહ્યા છે. મૂર્તિ બનાવવાની આ ધાર્મિક પ્રવૃત્તિમાં સોઢા લેરૂબા ભુરજી, સોઢા ગીતાબેન જગમાલસિંહ અને બચુબા હાલાજી સહિતની બહેનોનો સહયોગ રહ્યો છે.ઢોલના તાલે રાસ અને પ્રાચીન ગીતોની ગુંજ : જન્માષ્ટમીની રાત્રે સોઢા પરિવારના ઘરે ઢોલના તાલે પરંપરાગત રાસ રમવામાં આવે છે. વડીલોના સમયથી ચાલી આવતા પ્રાચીન ગીતો ગાઈને પરિવારજનો અને ગ્રામજનો રાસ રમે છે. રાત્રીની આ ઉજવણીમાં ભક્તિ સાથે લોકસંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળે છે.જન્માષ્ટમીની ઉજવણી પૂર્ણ થયા બાદ બીજા દિવસે સવારે માટીના કાનુડાનું વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવે છે.વડીલોની પરંપરા, નવી પેઢી માટે સંસ્કાર : માટીમાંથી ભગવાનની મૂર્તિ બનાવવી, ઢોલના તાલે રાસ રમવો અને પ્રાચીન લોકગીતો ગાવાની આ પરંપરા માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ વડીલો પાસેથી નવી પેઢીને મળેલો સાંસ્કૃતિક વારસો છે.આજના આધુનિક યુગમાં તૈયાર મૂર્તિઓ અને બદલાતી ઉજવણી વચ્ચે પણ સોઢા પરિવાર દ્વારા પોતાની જૂની પરંપરાને જાળવી રાખવી એ ગ્રામ્ય સંસ્કૃતિની અનોખી ઓળખ બની છે. મોહનબાના હાથથી માટીમાં આકાર લેતો કાનુડો જાણે નવ દાયકાની શ્રદ્ધા, સંસ્કાર અને સંસ્કૃતિની જીવંત કહાની બની જાય છે.

# બહાદરપુર નગરના ઐતિહાસિક શ્રી રામજી મંદિરમાં પણ કૃષ્ણ જન્મોત્સવનો ભક્તિમય માહોલ જોવા મળ્યો

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સમગ્ર દેશમાં ગોકુળ આષ્ટમી એટલે કે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. ત્યારે બહાદરપુર નગરના ઐતિહાસિક શ્રી રામજી મંદિરમાં પણ કૃષ્ણ જન્મોત્સવનો ભક્તિમય માહોલ જોવા મળ્યો. બરાબર રાત્રિના 12 વાગ્યાના શુભ મુહૂર્તે ભગવાન શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપને પંચામૃત - દૂધ, દહીં, ઘી, મધ અને ગંગાજળથી સ્નાન કરાવવામાં આવ્યું હતું. સ્નાન કરાવ્યા બાદ ભગવાનને નવા કપડાં અને ઘરેણાંથી



સજાવવામાં આવ્યા. તેમને ફૂલોથી સુંદર રીતે સજાવેલા પારણામાં પધરાવાયા. ભગવાનને



પારણામાં ઝુલાવતા જ આખું મંદિર પરિસર ‘નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી‘ અને ‘હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી‘ ના જયઘોષથી ગુંજી ઉઠ્યું. આ દર્શન કરવા માટે ઘણા ભક્તો મંદિરમાં ઉમટી પડ્યા હતા. મંદિરને રોશનીથી સજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ભક્તોને પ્રસાદ વહેંચવામાં આવ્યો.

# યુવાનોનો ઉત્સાહ:-આહવામાં કૃષ્ણ જન્માષ્ટમીની અનોખી ઉજવણી” ડુપ્લીકેટ પુષ્પા અને શેખાવત ને જોવા લોકો ની ભીડ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં મુખ્ય મથક આહવામાં કૃષ્ણ જન્માષ્ટમીનાં પર્વની ભક્તિ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આહવા નગરમાં શેષરાવ મહારાજ મંદિર, બાંધારપાડા ખાતે આયોજિત ભવ્ય ‘મટકી ફોડ’ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો તથા યુવાનો જોડાયા હતા.સમગ્ર વિસ્તાર કૃષ્ણમય બની ગયો હતો.ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં



પરંપરાગત પાલખી યાત્રા કાઢવામાં આવી હતી.ભક્તિમય વાતાવરણ વચ્ચે ‘મટકી ફોડ’ અને દહીં-હાંડીના કાર્યક્રમમાં યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.ગોવિંદાઓની ટોળકીઓએ

**આહવા નગરમાં પરંપરા સાથે યુવાનોનો ઉત્સાહ:- આહવામાં કૃષ્ણ જન્માષ્ટમીની અનોખી ઉજવણી,મટકી ફોડ અને દહી-હાંડીના કાર્યક્રમમાં ઉમટ્યો ભક્તોનો ઉત્સાહ, ડુપ્લીકેટ પુષ્પારાજ બન્યા આકર્ષણનું કેન્દ્ર..**

માનવ રામિડ બનાવી મટકી ફોડવાનો પ્રયાસ કરતા ઉપસ્થિત લોકોમાં ભારે રોમાંચ જોવા મળ્યો હતો.આ ઉપરાંત આયોજકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખાસ કરીને ડુપ્લીકેટ પુષ્પારાજ ઉપસ્થિત રહેતા તેઓ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. યુવાનો સહિત નાના-મોટા સૌએ કાર્યક્રમની મોજ માણી હતી.જન્માષ્ટમીના પર્વ નિમિત્તે આહવામાં ધાર્મિક પરંપરા અને યુવાનોના ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. પાલખી યાત્રા, મટકી ફોડ, દહીં-હાંડી અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમગ્ર બાંધારપાડા સહિત આહવાનું વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતુ.

# નર્મદા જિલ્લા કક્ષાનો ‘શ્રેષ્ઠ શિક્ષક’ પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો

## શિક્ષકો બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડવૈયા છે: માન.સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા

રાજપીપલા : ૫ સપ્ટેમ્બર, શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે ભરૂચ માન.સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં રાજપીપલા સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે નર્મદા જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો.શિક્ષક દિન નિમિત્તે શુભેચ્છા પાઠવતા સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. શિક્ષકોએ પોતાની પાસે રહેલું જ્ઞાન અને અનુભવ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી તેમની પ્રતિભાને ખીલવવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં ભાવિ પેઢીનું યોગદાન મહત્વપૂર્ણ રહેશે, જેના માટે સૌનો સહયોગ જરૂરી છે. નિવૃત્ત શિક્ષકોને પણ સમાજસેવામાં પોતાનું યોગદાન આપવા તેમણે ખાસ અનુરોધ કર્યો હતો.નાંદોદના માન. ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે શિક્ષક દિન નિમિત્તે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં શિક્ષકોનું યોગદાન અમૂલ્ય છે. તેમણે નર્મદા જિલ્લાને શિક્ષણ



ક્ષેત્રે વધુ મજબૂત બનાવી “શિક્ષણનું હબ” બનાવવા સૌને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેડિયાપાડાથી શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી. ત્યારથી નર્મદા જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળ્યું છે. સમારોહ દરમિયાન જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિવૃત્ત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો, નિવૃત્ત પ્રાથમિક શિક્ષકો તેમજ નિવૃત્ત વહીવટી કર્મચારીઓ અને સેવક કર્મચારીઓનું પણ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષકોએ પોતાની પ્રતિભા પણ રજૂ કરી હતી.કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. કિરણ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે શ્રી લીલા ગૌધામ, બરકાલ દ્વારા ઉપસ્થિતો માટે પ્રાથમિક તબીબી તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજપીપલા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી શિવાનાબેન મહેતા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નિશાંત દવે, માધ્યમિક તથા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ અને મંત્રીશ્રીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં શિક્ષકમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા જિલ્લામાં રોડ સેફ્ટી માટે એઆરટીઓની કડક કાર્યવાહી

# ત્રણ મહિનામાં ૨,૮૮૩ કેસ, રૂપિયા ૫૭.૦૨ લાખના દંડની વસૂલાત



રાજપીપળા, શનિવાર: નર્મદા જિલ્લામાં માર્ગ સલામતીના નિયમોનું પાલન થાય અને માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટે તે માટે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (ARTO) દ્વારા નિયમિત ચેકિંગ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત મે, જૂન અને જુલાઈ-૨૦૨૬ દરમિયાન કુલ ૨,૮૮૩ કેસમાં કાર્યવાહી કરી રૂ. ૫૭.૦૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. મેથી જુલાઈ- 2026 દરમિયાન ત્રણ મહિનાના આંકડાઓ પર નજર કરીએ તો માર્ગ સલામતીના નિયમોના ભંગ સામે કરવામાં આવેલી કાર્યવાહી સૌથી વધુ રહી છે. રોડ સેફ્ટી કેટેગરી હેઠળ જ કુલ ૯૯૬ કેસ નોંધાયા છે અને રૂપિયા ૧૧ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ પૈકી મે મહિનામાં ૩૨૪ કેસ, જૂનમાં ૩૫૫ કેસ અને જુલાઈમાં ૩૧૭ કેસ નોંધાયા હતા. જૂન મહિનામાં રોડ સેફ્ટી સંબંધિત સૌથી વધુ ૩૫૫ કેસ નોંધાયા હતા. એઆરટીઓના આંકડા મુજબ મે-૨૦૨૬માં વિવિધ પ્રકારના નિયમભંગના કુલ ૮૨૨ કેસમાં રૂ. ૧૬.૯૧ લાખ, જૂન-૨૦૨૬માં ૧,૦૬૯ કેસમાં રૂ. ૨૨.૦૩ લાખ અને જુલાઈ-૨૦૨૬માં ૯૯૨ કેસમાં રૂ. ૧૮.૦૮ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આમ, ત્રણ મહિનામાં કેસોની સંખ્યા અને દંડની રકમ બંનેની દૃષ્ટિએ ૧,૦૬૯ કેસ સાથે જૂન મહિનો સૌથી વધુ કાર્યવાહી ધરાવતો મહિનો રહ્યો હતો. ફિટનેસ સર્ટિફિકેટના ભંગ બદલ રૂ. ૧૦.૧૬ લાખનો દંડ : વાહનો રસ્તા પર દોડવા માટે યોગ્ય સ્થિતિમાં હોય તે સુનિશ્ચિત કરવા માટે ફિટનેસ સંબંધિત ચકાસણી પણ મહત્વપૂર્ણ છે. ત્રણ મહિનામાં ફિટનેસના કુલ ૨૦૭ કેસ નોંધાયા હતા અને તેના બદલામાં રૂ. ૧૦.૧૬ લાખનો દંડ વસૂલાયો હતો. ખાસ કરીને આ કેટેગરીમાં કેસોની સંખ્યા કરતાં દંડની રકમ નોંધપાત્ર જોવા મળે છે, જે વાહનોની કાયદેસર ફિટનેસ અને માર્ગયોગ્યતાની ચકાસણીની ગંભીરતા દર્શાવે છે. જુલાઈમાં પાર્કિંગના કેસોમાં મોટો તફાવત નોંધાયો : ત્રણ મહિનાના આંકડાઓમાં પાર્કિંગના નિયમોના ભંગના કેસો પણ નોંધપાત્ર રહ્યા છે. મે મહિનામાં ૨૩ અને જૂનમાં ૪૨ કેસની સરખામણીએ જુલાઈમાં એક જ મહિનામાં ૧૮૪ કેસ નોંધાયા હતા. ત્રણ મહિનામાં કુલ ૨૪૯ કેસમાં રૂ. ૧.૪૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. જુલાઈમાં પાર્કિંગ સંબંધિત કાર્યવાહીનો આ વધારો શહેર અને મુખ્ય માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવતી ચકાસણીને દર્શાવે છે. PUCના ૫૭૬ કેસ : વાહનોના પ્રદૂષણ નિયંત્રણ પર પણ નજર : રોડ સેફ્ટી ઉપરાંત વાહનોની પર્યાવરણીય સલામતી અને કાયદેસર દસ્તાવેજોની ચકાસણી પણ કરવામાં આવી રહી છે. ત્રણ મહિનામાં PUCના નિયમોના ભંગના કુલ ૫૭૬ કેસ નોંધાયા હતા અને રૂ. ૨.૯૮ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

# ડારી ગામ ખાતે "સઘન સફાઈ ઝુંબેશ", "કેચ ધ રેઈન" અને "વૃક્ષારોપણ તથા સુકાયેલ રોપાઓની ફેરબદલી"નો ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં દર મહિનાના પ્રથમ રવિવારે ‘સઘન સફાઈ ઝુંબેશ‘, ‘કેચ ધ રેઈન‘ અને ‘વૃક્ષારોપણ તથા સુકાયેલ રોપાઓની ફેરબદલી‘ ના ત્રિવિધ કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં દર મહિનાના પ્રથમ રવિવારે ત્રિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ચાલુ માસના પ્રથમ રવિવારે એટલે કે, આવતીકાલ તા.૦૬/૦૯/૨૦૨૬ના રોજને બપોરે ૧૨:૦૦ કલાકે વેરાવળ તાલુકાના ડારી ગામ ખાતે ‘સઘન સફાઈ ઝુંબેશ” સહિતનો ત્રિવિધ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ સફાઈ કાર્યક્રમમાં સ્થાનિક પ્રાથમિક/માધ્યમિક શાળાઓ, કોલેજોના વિદ્યાર્થીઓ, તેમજ સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs), NSS અને NCCના યુવાનો, તેમજ નાગરિકો જોડાશે. ઉલ્લેખનીય છે કે, દર મહિનાના પ્રથમ રવિવારે રાજ્યના તમામ જિલ્લા, તાલુકા, મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષેત્રીય કક્ષાએ અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ લોકોની સક્રિય ભાગીદારીથી સઘન સફાઈ ઝુંબેશ, ’કેચ ધ રેઈન’ (વરસાદી જળ સંગ્રહ) અને તેને લગતા કાર્યક્રમો તથા વૃક્ષારોપણ યોજના અને સુકાયેલ રોપાઓની ફેરબદલી એમ ત્રણ મુખ્ય કાર્યક્રમો ઘનિષ્ઠ રીતે હાથ ધરવામાં આવશે.

# બ્રસેલ્સ સ્ટેફેક્સ માસ્ટર્સમાં નિહારિકા સિંઘાનિયાનું શાનદાર પ્રદર્શન

મુંબઈ : જ્યાં ઐતિહાસિક રીતે પુરુષ ખેલાડીઓનું વર્ચસ્વ રહ્યું છે, એવી રમતમાં 19 વર્ષીય ભારતીય ઘોડસવાર ખેલાડી નિહારિકા સિંઘાનિયાએ પોતાની દૂરદર્શિતા અને કુશળતાના બળે પરંપરાગત સીમાઓના બંધનો તોડી નાંખ્યાં છે. ભારતની સૌથી



અસાધારણ મહિલા ખેલાડીઓમાંની એક તરીકે પોતાની ઓળખને વધુ મજબૂત બનાવનારી અને ગયા વર્ષે બે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરનારી નિહારિકાએ 29 ઑગસ્ટ 2026ના રોજ બેલ્જિયમમાં યોજાયેલી પ્રતિષ્ઠિત બ્રસેલ્સ સ્ટેફેક્સ માસ્ટર્સમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ધરખમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધકો વચ્ચે 19 વર્ષીય નિહારિકાએ પોતાના એશિયન ગેમ્સના સાથી ઘોડા ફર્સ્ટ ટુ કેશ આઉટ સાથે પડકારજનક 1.45 મી.ના કૉર્સ પર પ્રથમ રાઉન્ડ કોઈ પણ પ્રકારની ભૂલ વગર પૂરો કરીને શાનદાર દેખાવ કર્યો હતો અને જમ્પ-ઑફમાં સ્થાન મેળવ્યું હતું.

# મર્ડર, મિસ્ટ્રી કેસ



- રુપાલી દવે

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ જીપ ને રોડ સાઈડ ઊભી રાખી ને સિગારેટ સળગાવવા ખિસ્સા માં લાઈટર શોધવા પ્રયત્ન કર્યો પણ મળ્યું નહી.હાઈવે સાઈડ માં નાનકડી પાન ની દુકાન નજરે પડતા ત્યાં જઈને માચિસ થી સિગારેટ સળગાવી ને બેત્રણ કશ લીધા. ધૂમાડો આકાશ તરફ ઉડાડતા મગજ માં “ઓપરેશન ડાકણ” ની એક પછી એક ઘટના આવતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ વિચાર્યું કે સરકાર ની પરમિશન વગર મિશન ડાકણ પાર પાડવું હશે તો ‘સિક્રેટ પ્લાન‘ અંતર્ગત શરૂઆત થી શરૂઆત કરવી પડશે. આજ થી પાંત્રીસ વર્ષ પહેલા ગફાર અને એના ભાઈ એન્કાઉન્ટર બાદ રાતોરાત દેશ છોડીને ભાગી ગયેલ દોષી મુનમુન બેગમને પકડવા સરકાર ની કાર્યવાહી શું હતી?: મુખ્ય મંત્રી ના આદેશ અનુસાર પ્રત્યેક સ્ટેટ ની જેલમાં કડક બંદોબસ્ત નો ઓર્ડર જારી થઈ ગયો હતો. માંથેભારે તત્વોની સાઠગાંઠમાં વર્ષોથી અઢળક નાણાં એકત્રિત કરનાર સરકારી કર્મચારીઓ એના ભ્રષ્ટાચાર ની ફાઈલો ખુલી જવાની ડરથી એની ડ્યુટી નિભાવવા લાગ્યા. સ્ટેટ ની જેલ ની અંદર ના વાતાવરણ ને લીધે ગફાર ખાન ને લાગતા વળગતા લોકો ને અંદર જવું મુશ્કેલ હતું આ હાલતમાં એના માણસો ને ફરજિયાત અંડર ગ્રાઉન્ડ થવું પડ્યું હતું. આખા સ્ટેટ નું ખુદ મુખ્ય મંત્રી એની ઓફિસથી મોનીટર કરતા હતા.ઈન્ટેલિજન્સ બ્યુરો એ ગફાર ખાનના ઘરમાં પોલીસ સાથે રેડ પાડી ત્યારે એના ઘર માંથી એના બે નંબરી હિસાબ ના ચોપડા ,રૂપિયા,ઘરેણાં,એની અસંખ્ય મિલકત ના દસ્તાવેજ વગેરે કશુંય હાથ લાગ્યું નહતું..આખરે ગયું તો ક્યાં ગયું? એમને ગફાર ખાન ની પત્ની મુનમુન ઉપર પાક્કો શક હતો કે નક્કી એમણે જ એના ખાસ માણસ બધું ક્યાંક સગેવગે કર્યું હશે...રૂપિયા ઘરેણાં વગેરે લઈને એ એના ખાસ માણસ સાથે નાસી ગઈ છે. પરંતુ બન્ને ટીનેજ દીકરાઓ ભૂલથી ભૂલી ગઈ કે અન્ય કારણોસર છોડીને ભાગી છે. ઈન્ટેલિજન્સ બ્યુરો ને ખાતરી છે કે મુનમુન એના બન્ને દીકરાઓને પરત લેવા આવશે જ એટલે મુનમુન એ ભૂલ કરે એની રાહમાં સમગ્ર તંત્ર એલર્ટ કરી દીધું હતું... ગફાર ખાનની હત્યા પાછળ કોણ હતું?કોનું દિમાગ હતું?..કેટલા દિવસોથી ગફાર ખાનની હત્યા નું ષડ્યંત્ર રચાઈ ને કાર્યરત પણ થઈ ગયું હતું...ગફાર ખાનની ધરપકડ જે દિવસે થઈ એજ દિવસથી એનું મૃત્યુ નક્કી થઈ ગયું હતું..સરકાર ગફાર ખાન ને એન્કાઉન્ટર માં ઠાર કોઈપણ સંજોગો કરવા માંગતી નહતી..ગફાર ખાન ની અંદર એના કાળા કર્મો સહિત ના અસંખ્ય એવા રાજ છુપાયેલા હતા કે જો એ બહાર આવી જાત તો સમજો વર્ષોથી સ્ટેટ માં એક ચક્રીય શાસન કરી રહિયા હતા એ બધા રાજકારણીઓનો ઈતિહાસ ખુલી જાત..

રાજકારણીઓના રહેમ રાહ માં ગુંડા તત્વો વિશે માહિતી ઓ પ્રાપ્ત કરવા સ્ટેટ ની સરકાર ગફાર ખાન ને સુરક્ષા કવચ વચ્ચે રાખતી હતી.. ગફાર ખાન નું મોં એ બધાજ રાજ ખોલવાનું હતું કે જેમાં એનું પાકિસ્તાન કનેકશન પણ બહાર આવી શકત..અફસોસ!!!મોટા ગજાના વિપક્ષ ના નેતાઓ પર લટકતી તલવાર ને લીધે ગફાર ખાન ની હત્યાનું ષડ્યંત્ર સફળ થયું..ભ્રષ્ટાચારી પોલીસો એ હત્યાના ષડયંત્રમાં સામેલ થઈને રૂપિયા ની લાલસા માં એને સુરક્ષા કવચ બહાર કાઢીને એવી જગ્યા એ લઈ આવ્યા જ્યાં ગફાર ખાન અને એના ભાઈના હત્યારા ષડ્યંત્ર અનુસાર અગાઉ થી ઉપસ્થિત હતા..ષડ્યંત્ર માં સાથ આપનાર કર્મચારીઓ મુખ્ય મંત્રીના ભયના કારણે પરિવાર ને લઈને રાતોરાત ભૂગર્ભમાં જતા રહ્યા છે.. સરકાર એ કર્મચારીઓ ના પરિવાર દ્વારા એ ગફાર ખાન અને એની હત્યા માં સંડોવાયેલ પાચ પોલીસ કર્મચારી ની શોધમાં સતત લાગી છે... મુખ્ય મંત્રી નો સખ્ત આદેશ હતો કે ગફાર ખાન અને એના ભાઈ ને નાની ખરોચ પણ આવવી જોઈએ નહિ..સરકાર માટે ગફાર ખાનએ ગુનાખોરી ની તિજોરી ની ચાવી હતી..એની મદદથી દેશમાં ચાલતા ડ્રગ્સ, આંતકી વગેરે રાજ ખોલી શકત.. પરંતુ સ્ટેટની જનતા માનતી હતી કે ખૂંખાર ગુંડા નું મોત થવું જરૂરી હતું,મુખ્ય મંત્રીની સુજબુજ નાં લીધે સ્ટેટમાં શાંતિ,સમૃધ્ધિ અને સુખ ચોક્કસ આવશે.સાવ સામન્ય માણસ રહીમ ચાચા ની ન્યૂઝ ચેનલો પર સતત પ્રસારણ થતી આપવીતી: લાખો નિર્દોષ લોકોનું હત્યા કરનારા નું ખુન થયું તો એમાં પાપ નથી.. એસ.ટી બસ માં મુસાફર કરતા રહીમ ચાચા રડતા રડતા બોલ્યાં કે મારા ત્રણ દીકરાઓને એ પાપી એ મારી નજર ગોળીઓ થી વીંધી નાખ્યાં હતા..એ બદમાશ એ મારી દીકરી નઝમા અને ઝેરા પર રેપ કરીને બે રહમી થી બન્ને ને મારી નાખી હતી.. પત્નીનું કાળજુ ત્યારે જ ફાટ્યું ને છૂટી ગઈ..માત્ર કલાકોમાં એ બદમાશ એ એના સાગરીત સાથે આવીને મારો સમગ્ર પરિવાર સાફ કરી નાખ્યો હતો..મને ઉપરવાળા એ આ દિવસ જોવા જીવતો રાખ્યો હતો..રહીમ ચાચાની બાજુમાં બેઠેલ અન્ય મુસાફરે પૂછ્યું કે કેમ? આવું ગફાર ખાન એ કર્યું તમારી સાથે,વેરઝેર કે અન્ય...રહીમ ચાચા એ કહ્યું કે ગફાર ખાન જમીનનો શોખીન હતો, એને જે જમીન માં રસ પડતો એને મફત માણસો દ્વારા ધાક ધમકી થી ખાલી કરાવી બળજબરી થી હક જમાવતો હતો...એને મારી જમીન માં રસ પડ્યો હતો. એટલે એણે એના માણસોને જમીન ખાલી કરવા મોકલ્યા.પરંતુ બાપદાદા ની વિરાસત એમ થોડી કોઈને અપાય છે,જમીન ઘરના 7સભ્યોનું ભરણ પોષણ કરતી હતી એટલે ખાલી કરવાની મે ચોખ્ખી નાં પાડી દીધી હતી.પરંતુ ના પાડી ત્યારે ખબર નહતી કે એ જમીન ના નાનકડા ટુકડા માટે મારો પરિવાર ખતમ કરી નાખશે..પરંતુ ન ધાર્યું હતું એવું થયું એ પાચ દસ મિનિટમાં એના સાગરીતો સાથે આવીને હજી અમે કશુંય સમજીએ એ પહેલા મારા બન્ને દીકરાઓને ઠાર કરી દીધા.. મારી બન્ને દીકરીઓ ને ઓરડાની અંદર લઈ જઈને બંન્ને પર ગફાર અને એના ભાઈ એ બળાત્કાર કર્યા બાદ ગોળીઓ થી વીંધી નાખી હતી..એ બદમાશ ગુંડા ને ‘ના‘ શબ્દ સાથે વાંધો હતો. એણે કરેલ મારા પરિવાર પર અત્યાચારની સજા મળતા દિલ હળવું થયું છે.. સારું કર્યું પાપનો અંત આવ્યો નહિતર કેટલાય રહીમ ચાચાની દશા મારી જેવી થાત... બુદ્ધિ જીવી ઓની ખાનગી ચર્ચાઓનો મુખ્ય વિષય “ગફાર ખાન નું બેરહમી ખુન” નક્કી સરકાર ના મળતિયા નો હાથ લાગે છે.ત્યારે તો સરકાર એમ એના હાથ ઊંચા કરી શકે નહિ .સરકાર એ ખુદ...નાં.. નાં જો સરકાર ને એને એન્કાઉન્ટર માં મારવો હોત તો સોપારી આપીને મરાવી નાખ્યો હોત..કદાચ ગફાર ખાન વિપક્ષના કાળા કામનો ઈતિહાસ ખોલી ના નાખે એ માટે કદાચ એની જ ચાલ શક્ય છે. ફેમસ ન્યુઝ ચેનલ પર વિપક્ષના એ.જી.પી ના નેતા એ કહ્યું કે મોજુદા સરકાર નો કારસો છે બેત્રણ મહિના માં પબ્લિક ગફાર અને એના ભાઈની હત્યા ભૂલી પણ જશે.ચૂંટણી માં મુખ્ય મુદ્દો ‘ગફાર ખાન અને એના ભાઈ ની હત્યા એક કાવતરું‘ સતત બનાવી શકાય એટલે જ મુખ્ય આરોપી “મુનમુન બેગમ” ને શોધવા ના પાંગળા પ્રયાસો સરકાર કરી રહી છે.આ મુદ્દા ને લીધે મોજુદા સરકાર નું શાસન એકચક્રીય રહશે. સેક્યુલર નું પંપૂડું માં બુધ્ધિશાળી વર્ગ આબાદ રીતે ફસાઈ જાય છે એનું મુખ્ય કારણ ધર્મ ને તો માનવું છે પણ સમાજ માં અન્ય કરતા અલગ દેખાવવાની હરીફાઈ માં નંબર વન રહેવું છે.. સહેજ સ્માઈલ કરતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ સહેજ સ્મિત કરીને મનોમન બોલ્યા કે રાજનીતિ મેં પક્ષ વિપક્ષ સબ એક થાલી કે ચટેબટે સમજો,સ્વાર્થ કે આગે ઈમાન કી કિંમત કુછ નહી..ખેર આ વખતે તો હાર માનીશ જ નહી ભલે ગૃહમંત્રી સિક્રેટ ફાઈલ પર તાળા લગાડી પણ ગુપ્તચર એજન્સી ના જાસૂસો નું બલિદાન એળે જશે નહી..

SINCE 1991 AHMEDABAD

VACHHANI® FurniturE

અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ

સર્વોત્તમ ગુણવત્તા
સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...

બેસ્ટ ક્વોલિટી,
સ્માર્ટ પ્રાઈઝ...




વાછાણી ફર્નિચર પ્રા. લી.

હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ

**ફર્નિચર ફેક્ટરી આઉટલેટ**
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્ક્લેવ,
કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ
પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221

**ફર્નિચર મોલ**
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક
બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે,
કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221

**ફર્નિચર શોરૂમ**
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ
કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઇવે,
મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221

www.vachhanifurniture.in

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## 1 બોલ ફેંકવા માટે 100 કિલોમીટર દોડ્યો

● ઈંગ્લેન્ડના ક્રિકેટરે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ



(એજન્સી) લંડન । તા. 05

દુનિયાભરમાં અજીબોગરીબ અને અસાધારણ પરાક્રમો કરનારા લોકોની કોઈ કમી નથી, પરંતુ ઈંગ્લેન્ડના એક સ્થાનિક ક્રિકેટરે જે કારનામું કરી બતાવ્યું છે તેના પર પ્રથમ નજરે વિશ્વાસ કરવો પણ અશક્ય લાગે છે. ઈંગ્લેન્ડના સ્થાનિક ક્રિકેટર સેમ બોડોઆનોએ માત્ર એક જ બોલ ફેંકવા માટે પૂરા ૧૦૦ કિલોમીટરનું અંતર દોડીને એક અભૂતપૂર્વ અને આશ્ચર્યજનક રન-અપ લીધો છે. તેણે લંડનના ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડથી પોતાના આ અનોખા રન-અપની શરૂઆત કરી હતી અને સરેના વોકિંગ સ્થિત 'વેલી એન્ડ ક્રિકેટ ક્લબ' ખાતે પહોંચીને આ બોલ ફેંક્યો હતો. આ અસાધારણ સિદ્ધિને સત્તાવાર માન્યતા અપાવવા માટે તેણે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં અરજી પણ કરી દીધી છે.

સેમ બોડોઆનોને આ ૧૦૦ કિલોમીટર લાંબો રન-અપ પૂરો કરવામાં સતત ૧૪ કલાકનો સમય લાગ્યો હતો. આ ઐતિહાસિક અને કઠિન પ્રયાસ પાછળનો મુખ્ય હેતુ કેન્સરના દર્દીઓ માટે ચેરિટી ફંડ એકત્ર કરવાનો હતો. તેણે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન એન્ડ્રુ સ્ટ્રોસ દ્વારા પોતાની સ્વર્ગસ્થ પત્ની રૂથની યાદમાં સ્થાપવામાં આવેલી કેન્સર ચેરિટી સંસ્થા 'ધ રૂથ સ્ટ્રોસ ફાઉન્ડેશન' માટે કુલ 6,000 (અંદાજે ૬,૦૦૦ પાઉન્ડ) જેટલું માતબર ભંડોળ એકત્ર કર્યું છે.

આ અનોખા રેકોર્ડના કડક નિયમો અનુસાર, સેમ બોડોઆનોએ દોડતી વખતે આખો સમય ક્રિકેટના પરંપરાગત સફેદ કપડાં પહેરી રાખવાના હતા અને હાથમાં સતત ક્રિકેટ બોલ પકડી રાખવાનો હતો. એટલું જ નહીં, ૧૦૦ કિલોમીટર પૂરા કરીને બોલ ફેંક્યા બાદ તેણે ત્યાં એક આખી ક્રિકેટ મેચ પણ રમવાની હતી. આ અદભુત પરાક્રમ સાથે તેણે વર્ષ ૨૦૨૪માં ટોમ ડન દ્વારા બનાવવામાં આવેલા ૨૪ કિલોમીટરના રન-અપના જૂના રેકોર્ડને ખૂબ પાછળ છોડી દીધો છે અને ક્રિકેટ જગતમાં એક નવો ઈતિહાસ રચ્યો છે.

7 છગ્ગા, 124 રન... 8 વર્લ્ડરેકોર્ડ સાથે

# દુનિયાની નંબર 1 બેટર બની સ્મૃતિ મંધાના; આંકડા જોઈ ગર્વ થશે

- હોંગકોંગ સામેની મેચમાં 64 બોલમાં 124 રનની ઐતિહાસિક ઈનિંગ્સ રમીને સ્મૃતિ મંધાનાએ રચ્યો નવો ઈતિહાસ
- મિતાલી રાજનો 10,868 રનનો રેકોર્ડ તોડી 10,880 રન સાથે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સર્વોચ્ચ સ્થાન મેળવ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

મહિલા ટી20 એશિયા કપ ૨૦૨૬માં હોંગકોંગ સામે રમાયેલી એક રોમાંચક મેચમાં ભારતીય સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાએ ધમાકેદાર બેટિંગ કરીને આખો ઈતિહાસ બદલી નાખ્યો છે. મંધાનાએ માત્ર ૬૪ બોલમાં ૭ છગ્ગા અને આક્રમક ચોગ્ગાની મદદથી ૧૨૪ રનની તોફાની ઈનિંગ્સ રમીને એકસાથે અડધો ડઝનથી વધુ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધા છે. આ શાનદાર પ્રદર્શનના દમ પર તે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારી વિશ્વની નંબર-૧ બેટર બની ગઈ છે.

આ ઐતિહાસિક ઈનિંગ્સ દરમિયાન સ્મૃતિ મંધાનાએ ભારતની જ પૂર્વ દિગ્ગજ કેપ્ટન મિતાલી રાજના ૧૦,૮૬૮ આંતરરાષ્ટ્રીય રનનો વિશાળ રેકોર્ડ તોડી નાખ્યો છે. હવે મંધાનાના નામે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૧૦,૮૮૦ રન નોંધાઈ ચૂક્યા છે, જે વિશ્વમાં કોઈપણ મહિલા બેટર દ્વારા બનાવવામાં આવેલા અત્યાર સુધીના સૌથી વધુ રન છે. આ ઉપલબ્ધિએ ભારતીય ક્રિકેટ જગતનું ગૌરવ અનેકગણું વધારી દીધું છે.

મહિલા ક્રિકેટમાં સૌથી વધુ સદીઓ ફટકારવાની બાબતમાં પણ હવે સ્મૃતિ મંધાના વિશ્વમાં સર્વોચ્ચ શિખરે પહોંચી ગઈ છે. આ તેની કારકિર્દીની ૧૮મી ઈન્ટરનેશનલ સદી હતી. તેણે ઓસ્ટ્રેલિયાની મહાન ખેલાડી મેગ લેનિંગ (૧૭ સદી) અને દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ટ (૧૭ સદી)ને પાછળ છોડીને આ નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. મંધાનાની આ સદીઓનું વિભાજન જોઈએ તો વનડેમાં ૧૪, ટેસ્ટમાં ૨ અને ટી૨૦ ઈન્ટરનેશનલમાં ૨ સદી સામેલ છે.

### ભારત અને એશિયા કપ માટે સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર

મંધાનાનો ૧૨૪ રનનો આ અણનમ સ્કોર મહિલા ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારત તરફથી કોઈપણ બેટર દ્વારા બનાવવામાં આવેલો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર છે. ખાસ વાત એ છે કે તેણે પોતાનો જ ૧૧૨ રનનો પાછલો રેકોર્ડ તોડ્યો છે, જે તેણે વર્ષ ૨૦૨૫માં ઈંગ્લેન્ડ સામે બનાવ્યો હતો. આ ઉપરાંત, મહિલા ટી૨૦ એશિયા કપના ઈતિહાસમાં પણ ૧૨૪ રન એ કોઈપણ ખેલાડી દ્વારા બનાવવામાં આવેલો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બની ગયો છે, જેણે આ ટુર્નામેન્ટને વધુ રોમાંચક બનાવી દીધી છે.

# 'જરા હુક્કો પીને આવું છું', ધોની અને રિષભ પંતનો પ્રાઈવેટ પાર્ટીનો વીડિયો વાયરલ





(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ભારતીય ક્રિકેટ ટીમના સૌથી સફળ પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને વર્તમાન સ્ટાર વિકેટકીપર-બેટર ઋષભ પંતનો એક કથિત પ્રાઈવેટ વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. આ ક્લિપમાં ધોની દ્વારા બોલાયેલા એક કથિત સંવાદે ક્રિકેટ ચાહકો વચ્ચે ભારે ઉત્સુકતા અને ચર્ચા જગાવી છે. વાયરલ વીડિયો અનુસાર ઋષભ પંત કેટલાક મિત્રો સાથે એક હોટેલ રૂમ જેવા સ્થળે સોફા પર બેઠેલા જોવા મળે છે, જે એક ખાનગી ગેટ-ટુગેધર જેવો માહોલ દર્શાવે છે.

આ ક્લિપમાં ધોની બેકગ્રાઉન્ડમાં નજરે પડે છે. કોઈની સાથે તસવીર ખેંચાવીને પરત ફર્યા બાદ, ધોની પંત સાથે હાથ મિલાવતા કથિત રીતે બોલે છે કે, "જરા હુક્કા પી કે આતા હું" (હું જરા હુક્કો પીને આવું છું). જોકે, આ વાયરલ વીડિયો ક્યાંનો છે, ક્યારે રેકોર્ડ કરવામાં આવ્યો હતો અને તેની સત્યતા કેટલી છે તેની કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી. પરંતુ ઈન્ટરનેટ પર આ 'હુક્કા' વાળા વાક્યને લઈને ફેન્સમાં જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે અને ઘણા ફેન્સ આને ખેલાડીઓની પ્રાયવસીનો ભંગ પણ ગણાવી રહ્યા છે.

ભારતીય ક્રિકેટના સૌથી સફળ પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને વર્તમાન સ્ટાર વિકેટકીપર-બેટર ઋષભ પંતનો એક કથિત પ્રાઈવેટ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ ક્લિપમાં ધોની દ્વારા બોલાયેલા એક કથિત સંવાદે ક્રિકેટ ચાહકો વચ્ચે ભારે ઉત્સુકતા અને ચર્ચા જગાવી છે. વાયરલ વીડિયો અનુસાર ઋષભ પંત કેટલાક મિત્રો સાથે એક હોટેલ રૂમ જેવા સ્થળે સોફા પર બેઠેલા જોવા મળે છે. જે એક ખાનગી ગેટ-ટુગેધર જેવો માહોલ દર્શાવે છે.

### ધોનીની હુક્કા પીવાની ટેવ અંગે અગાઉ પણ થઈ હતી ચર્ચા

નોંધનીય છે કે ધોનીની હુક્કો પીવાની ટેવ અંગે અગાઉ પણ ખૂબ ચર્ચાઓ થયેલી છે. અગાઉ ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન જ્યોર્જ બેઈલીએ ધોનીના રમતના દિવસોની યાદો વાગોળતાં દાવો કર્યો હતો કે ધોનીને હુક્કો પીવો ગમે છે. તેથી, તેઓ મોટાભાગે પોતાના રૂમમાં તેની વ્યવસ્થા કરતા હતા અને ત્યાં હંમેશા ઓપન-ડોર પોલિસી રહેતી હતી, જ્યાં ઘણીવાર યુવા ખેલાડીઓ પણ બેઠેલા જોવા મળતા હતા. વર્તમાન વાયરલ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ફરી એકવાર આ જૂની વાતો તાજી થઈ ગઈ છે.

## બધા એથ્લેટ્સ સરખા, ક્રિકેટર્સને 5-સ્ટાર સુવિધા નહીં મળે



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

જાપાનમાં યોજાનારી આગામી ૨૦૨૬ એશિયન ગેમ્સ પહેલાં ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) વચ્ચે ખેલાડીઓના રોકાણ અને સુવિધાઓને લઈને એક મોટો વળાંક સામે આવ્યો છે. IOA એ સ્પષ્ટ કરી દીધું છે કે જાપાન ખાતે યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ક્રિકેટ ટીમો માટે કોઈપણ પ્રકારની વિશેષ આવાસ વ્યવસ્થા કરવામાં આવશે નહીં. સંઘે સ્પષ્ટતા કરી છે કે રમતોત્સવમાં ભાગ લઈ રહેલા તમામ ૩૬ રમતોના ખેલાડીઓ બિલકુલ સમાન છે અને ક્રિકેટર્સ માટે અલગથી કોઈ વીઆઈપી વ્યવસ્થા નહીં થાય.

IOA ના CEO રઘુરામ અય્યરે જણાવ્યું હતું કે, જો આયોજકો દ્વારા આપવામાં આવેલી ગેમ્સ હોટેલ્સ BCCI ની જરૂરિયાતોને અનુરૂપ ન હોય, તો બોર્ડ પોતાની સ્વતંત્ર વ્યવસ્થા કરવા માટે સંપૂર્ણપણે મુક્ત છે. તેમણે ઉમેર્યું કે BCCI ના CEO સાથે સાર્થક ચર્ચા થઈ છે અને તેઓ સુવિધાઓની સમીક્ષા કરવા માટે જાપાનમાં એક એડવાન્સ ટીમ મોકલવાનું વિચારી રહ્યા છે, જેમાં IOA ને કોઈ વાંધો નથી. સામાન્ય રીતે ભારતીય ક્રિકેટર્સ દેશ કે વિદેશ પ્રવાસ દરમિયાન ૫-સ્ટાર લક્ઝરી હોટેલ્સમાં રહેવા ટેવાયેલા હોય છે. પરંતુ આ વખતે એશિયન ગેમ્સમાં ભારતીય મેન્સ ટીમને થ્રી સ્ટાર અને વિમેન્સ ટીમને ફોર સ્ટાર હોટલ ફાળવવામાં આવી છે.

# 'હું ઈમ્પેક્ટ પ્લેયર તરીકે નહીં રમું...' IPL 2027 પહેલા જ ધોનીના નિવેદનથી CSKને ટેન્શનમાં



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

મહેન્દ્ર સિંહ ધોનીના IPL ભવિષ્યને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ બેટ્સમેન સુબ્રમણ્યમ બદ્રીનાથ દ્વારા એક મોટું અપડેટ સામે આવ્યું છે. બદ્રીનાથના જણાવ્યા પ્રમાણે, ધોનીએ સ્પષ્ટ કરી દીધું છે કે જો તેઓ આગળ IPLમાં રમશે, તો તેઓ ઈમ્પેક્ટ પ્લેયરની ભૂમિકા ક્યારેય સ્વીકારશે નહીં. એટલે કે માહી મેદાન પર ફક્ત બેટિંગ કરવા માટે ઊતરવાને બદલે એક ફુલ-ટાઈમ વિકેટકીપર તરીકે આખી મેચ રમવા માગે છે.

વાસ્તવમાં, ૪૫ વર્ષના ધોની માટે ઈમ્પેક્ટ પ્લેયરનો વિકલ્પ ખૂબ જ મહત્વનો માનવામાં આવી રહ્યો હતો. વધતી ઉંમર અને ફિટનેસ સાથે જોડાયેલા પડકારો વચ્ચે આ નિયમની મદદથી તેઓ વિકેટકીપિંગની ૨૦ ઓવરોના શારીરિક બોજથી બચી શકતા હતા અને જરૂરિયાત મુજબ બેટિંગ માટે મેદાન પર ઊતરી શકતા હતા. પરંતુ ધોનીનો વિચાર આનાથી તદ્દન અલગ છે. બદ્રીનાથે પોતાની યુટ્યુબ ચેનલ પર જણાવ્યું કે ધોનીએ તેમને વ્યક્તિગત રીતે કહ્યું છે કે, "હું ઈમ્પેક્ટ પ્લેયર તરીકે નહીં રમું. જો હું રમીશ તો ફુલ-ટાઈમ વિકેટકીપર તરીકે જ ઊતરીશ અને આખી ૨૦ ઓવર મેદાન પર રહીશ." બદ્રીનાથનું માનવું છે કે વર્તમાન સ્થિતિમાં ઈમ્પેક્ટ પ્લેયરની ભૂમિકા ધોની માટે તદ્દન યોગ્ય સાબિત થઈ શકી હોત. તેમના શરીર પર લાંબા સમય સુધી મેદાનમાં રહેવાની માઠી અસર પડે છે અને કોચ સ્ટીફન ફ્લેમિંગ પણ અગાઉ આ વાતનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. ધોની સામાન્ય રીતે ઈનિંગ્સના અંતમાં બેટિંગ કરવા આવે છે, અને એવામાં જો તેમને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે ઉપયોગમાં લેવામાં આવે તો CSK ને તેમની ફિનિશિંગ ક્ષમતાનો ફાયદો મળતો રહે અને તેમના શરીર પરનો બોજ પણ ઘટી જાય .

આ જ કારણ છે કે હવે આ નિર્ણય ધોનીના ૨૦૨૭માં રમવા સામે સૌથી મોટો સવાલ ઊભો કરે છે. જો માહી ઈમ્પેક્ટ પ્લેયર બનવા નથી માગતા અને વિકેટકીપર તરીકે આખી ૨૦ ઓવર મેદાન પર રહેવા આગ્રહી છે, તો તેમની ફિટનેસ જ સૌથી મોટો ફેક્ટર બનશે. હવે સમય જ નક્કી કરશે કે આગામી સીઝનમાં ધોની ફરી એકવાર પીળી જર્સીમાં નજરે પડશે કે નહીં.

# બુમરાહ ફીટ નહીં થાય તો કોને મળશે ટીમ ઈન્ડિયામાં ચાન્સ? BCCIએ વિકલ્પ નક્કી કર્યા

બુમરાહ 10 સપ્ટેમ્બરે દિલ્હીમાં મેચ-સિમ્યુલેશન ટેસ્ટમાંથી પસાર થશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને અફઘાનિસ્તાન સામે રમાનારી આગામી T20I શ્રેણી તેમજ ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે ભારતીય સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યા છે, પરંતુ તેમનું મેદાન પર ઉતરવું સંપૂર્ણપણે તેમની ફિટનેસ પર નિર્ભર છે. બુમરાહ લાંબા સમયથી ઘૂંટણની ઈજા અને ફિટનેસની સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે. ગત ૧૬ જુલાઈના રોજ ઈંગ્લેન્ડ સામે રમાયેલી બીજી વનડે મેચ દરમિયાન તેમના ઘૂંટણમાં ઈજા થઈ હતી, જેના કારણે તેમની જૂની ઈજા ફરી ઉથલો મારી ગઈ હતી. તે મેચ બાદ તેમણે હજુ સુધી સ્પર્ધાત્મક ક્રિકેટમાં એકપણ બોલ ફેંક્યો નથી અને હાલ તેમની રિકવરી પ્રક્રિયા ચાલી રહી છે.

બુમરાહની ઉપલબ્ધતા અંગે અનિશ્ચિતતા પ્રવર્તતી હોવાથી ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI)ના સિલેક્ટર્સે સાવચેતીના પગલા રૂપે યુવા બોલર પ્રિન્સ યાદવને "સંભવિત બેકઅપ" તરીકે પસંદ કરી લીધા છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, બુમરાહ, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર અને હર્ષિત રાણા સાથે આગામી ૧૦ સપ્ટેમ્બરે દિલ્હી ખાતે ટીમ સાથે જોડાવાની અંતિમ મંજૂરી મેળવતા પહેલાં એક અઠવાડિયા સુધી સઘન મેચ-સિમ્યુલેશન ટેસ્ટમાંથી પસાર થશે. મેડિકલ ટીમ દ્વારા આ ટેસ્ટમાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા બાદ જ તેમને રમવા માટે ગ્રીન સિગ્નલ આપવામાં આવશે.

**એશિયન ગેમ્સ** // એશિયન ગેમ્સ માટે શ્રેયસ અય્યર સંભાળશે નેતૃત્વ, વીવીએસ લક્ષ્મણ બન્યા હેડ કોચ

# ગૌતમ ગંભીર નહીં પણ આ દિગ્ગજ બનશે હેડ કોચ, શ્રેયસ અય્યર કેપ્ટન

(એજન્સી) ટોક્યો/નવી દિલ્હી । તા. 05



જાપાનમાં યોજાનારી આગામી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતીય ક્રિકેટ ટીમે પોતાની તૈયારીઓ ખૂબ જ તેજ કરી દીધી છે. આગામી ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમનું નેતૃત્વ શ્રેયસ અય્યર કરશે. જોકે, ટીમના નિયમિત હેડ કોચ ગૌતમ ગંભીર ટીમ સાથે જાપાન પ્રવાસે જઈ શકશે નહીં. એશિયન ગેમ્સ અને વેસ્ટ ઈન્ડિઝ સામેની ભારતની મલ્ટી-ફોર્મેટ સીરિઝની તારીખો એકબીજા સાથે ટકરાઈ રહી છે, જેના કારણે ભારતીય ક્રિકેટ ટીમે એકસાથે બે અલગ મોરચે મેદાનમાં ઉતરવું પડશે. મુખ્ય ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે, જ્યારે શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની બીજી ટીમ એશિયન ગેમ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.

ગૌતમ ગંભીરની ગેરહાજરીમાં પૂર્વ દિગ્ગજ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણ હેડ કોચની મહત્વપૂર્ણ જવાબદારી સંભાળશે. પીટીઆઈના અહેવાલ મુજબ, લક્ષ્મણની સાથે સુનીલ જોશી, ઋષિકેશ કાનિટકર અને શુભદીપ ઘોષ સપોર્ટ સ્ટાફનો ભાગ બનશે, જ્યારે મારુફ ફર્જંદર સપોર્ટ સ્ટાફ લીડરની ભૂમિકા ભજવશે. ભારતીય ટીમમાં અનેક સ્ટાર ટી-૨૦ ખેલાડીઓ સામેલ હોવાથી ભારતને આ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલનું પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યું છે.

એશિયન ગેમ્સમાં એથ્લેટિક્સ બાદ ક્રિકેટ ટીમનો સપોર્ટ સ્ટાફ સૌથી મોટો હશે. ઉત્તમ રેન્કિંગના કારણે ભારતીય ટીમે ગ્રુપ સ્ટેજના મુકાબલા રમવાની જરૂર નહીં પડે અને તેને સીધો જ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મળ્યો છે. શ્રેયસ અય્યર બ્રિગેડ ટુર્નામેન્ટની બીજી ક્વાર્ટર ફાઈનલ રમશે, જે એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતની પ્રથમ મેચ હશે. ભારતીય ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓનું ઉત્તમ સંતુલન જોવા મળે છે. કેપ્ટન ઉપરાંત અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન અને ૧૫ વર્ષીય યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશી જેવા ખેલાડીઓ બેટિંગ વિભાગને મજબૂત બનાવે છે. ઓલરાઉન્ડર તરીકે શિવમ દુબે, તિલક વર્મા, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદર સામેલ છે. સ્પિન વિભાગની કમાન વરુણ ચક્રવર્તી અને રવિ બિશ્નોઈ સંભાળશે, જ્યારે ફાસ્ટ બોલિંગમાં જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને હર્ષિત રાણા જેવા શાનદાર વિકલ્પો ઉપલબ્ધ છે.

**મોહસિન નકવીને આપી ઓફર**

# નાનકડાં દેશે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની જોરદાર મજાક ઉડાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના વડા મોહસિન નકવીની સોશિયલ મીડિયા પર વધુ એક વખત આકરી મજાક ઉડી છે અને તેમની ભારે ફજેતી થઈ રહી છે. પાકિસ્તાની ક્રિકેટ ટીમની સતત કંગાળ રમત અને બોર્ડના વિચિત્ર નિર્ણયો વચ્ચે નાનકડા દેશ આઈસલેન્ડ ક્રિકેટ દ્વારા નકવીની ટીમ પસંદગીની રણનીતિ પર ખુલ્લેઆમ સવાલ ઉઠાવવામાં આવ્યા છે. આઈસલેન્ડ ક્રિકેટે એક અનોખી કટાક્ષભરી ઑફર આપી છે, જેમાં ખર્ચ સાથેની શૈક્ષણિક યાત્રા જીતવાની વાત કરવામાં આવી છે.

આઈસલેન્ડ ક્રિકેટના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પરથી મોહસિન નકવી (Mohsin Naqvi)ને નિશાન બનાવવામાં આવ્યા છે. ટ્વીટમાં લખવામાં આવ્યું છે કે, 'અમે દરિયાકાંઠાના વિસ્તારોના ક્રિકેટરો માટે એક નવો ક્રિકેટ પડકાર શરૂ કરવા જઈ રહ્યા છીએ. એક આઈસબર્ગ પાર કરો અને તમે મોહસિન નકવીને મળવા તથા તેમની પસંદગીની વ્યૂહરચના વિશે જાણવા માટે સંપૂર્ણ ખર્ચ સાથેની શૈક્ષણિક યાત્રા જીતી શકો છો. જો તમે ઈચ્છો તો આ યાત્રા વન-વે પણ હોઈ શકે છે.'



આ પોસ્ટમાં 'વન-વે' યાત્રાનો ઉલ્લેખ કરીને મોહસિન નકવીની પસંદગી નીતિ પર ભારે કટાક્ષ કરવામાં આવ્યો છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમની નબળી રમત અને બોર્ડના મનસ્વી નિર્ણયોને કારણે દુનિયાભરમાં પાકિસ્તાનની સતત મજાક બની રહી છે. ટીમની કથળેલી સ્થિતિ વચ્ચે બોર્ડના નેતૃત્વ અને ખેલાડીઓની અણઘડ પસંદગી પ્રક્રિયા સામે ક્રિકેટ ચાહકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણી ૨-૦થી ગુમાવ્યા બાદ પાકિસ્તાની ટીમ અને બોર્ડ વડાની આ પ્રકારે ખુલ્લેઆમ મજાક ઉડી રહી છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે પીસીબીની છબીને મોટો ધક્કો પહોંચાડ્યો છે.

### ચીન-નેપાળ સરહદ પર સર્જાયેલી કુદરતી આફતના સત્તાવાર આંકડા જાહેર થયા

# ચીને ભૂસ્ખલન-પૂરમાં મોતનો આંકડો જાહેર કર્યો

(એજન્સી) બેઇજિંગ | તા. 05

ચીન દ્વારા નેપાળ સરહદ નજીક આવેલા ગિરોંગ વિસ્તારમાં થયેલા ભયાનક ભૂસ્ખલન અને પૂરની દુર્ઘટના અંગે પ્રથમ વખત સત્તાવાર આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ચીની અધિકારીઓ દ્વારા શુક્રવાર સાંજ સુધીની સ્થિતિના આધારે આપવામાં આવેલી માહિતી મુજબ, ગિરોંગ વિસ્તારમાં આવેલી ઈમિગ્રેશન અને કસ્ટમ્સ ઓફિસની ઈમારતમાંથી અત્યાર સુધીમાં ૩૧ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૫૩૧ લોકો હજુ પણ ગુમ છે. ગત ૨૯ ઓગસ્ટે પહાડ ધસી પડ્યા બાદ નદીમાં આવેલા ભીષણ પૂરના કારણે આ મોટી તબાહી સર્જાઈ હતી, જેના કારણે સરહદી વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે.

ચીનની સરકારી સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, પહાડ તૂટી પડ્યા બાદ નદીમાં ઘોડાપૂર આવ્યું હતું અને પાણી સીધા સરહદ પર બનેલી ઈમિગ્રેશન અને કસ્ટમ્સ ઓફિસની ઈમારતમાં ઘૂસી ગયા હતા. આ જ ઈમારતમાં હાજર ૫૩૧ લોકોનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી, અને બચાવ ટુકડીઓ સતત કાટમાળ તથા આસપાસના વિસ્તારોમાં સઘન શોધખોળ ચલાવી રહી છે. ઘટનાસ્થળેથી ગુમ થયેલા લોકોનો ૯૮૭ જેટલો વ્યક્તિગત સામાન પણ મળી આવ્યો છે, જેના આધારે તેમની ઓળખ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ ભયાનક દુર્ઘટના બાદ રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં તંત્ર માટે સૌથી મોટો પડકાર જી-૨૧૬ હાઈવે બની રહ્યો છે. ગિરોંગ પોર્ટ તરફ જતો આ મુખ્ય



હાઈવે પૂરના પ્રચંડ પ્રવાહના કારણે વચ્ચેથી તૂટી ગયો છે, જેના લીધે બચાવ દળના વાહનો અને ટીમોને ઘટનાસ્થળે પહોંચવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ચીની અધિકારીઓએ રસ્તાનું નિરીક્ષણ કરતી વખતે એવી ૫૮ જોખમી જગ્યાઓ શોધી કાઢી છે જ્યાં આગામી સમયમાં પણ ભૂસ્ખલન થવાનું મોટું જોખમ રહેલું છે. આ ઉપરાંત, પૂરના પ્રકોપથી અનેક ઈમારતોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે અને વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે, જેથી બચાવ કામગીરી અત્યંત પડકારજનક બની ગઈ છે.

સ્થાનિક તંત્ર અને ચીની સત્તાવાળાઓ દ્વારા સરહદી વિસ્તારના તમામ સંવેદનશીલ ઝોનની ઝીણવટભરી તપાસ કરી લેવામાં આવી છે અને સંભવિત ખતરાનું આંકલન પણ પૂર્ણ કરાયું છે. પૂર અને ભૂસ્ખલનની આ કુદરતી આફતના કારણે બેઘર બનેલા અસરગ્રસ્ત નાગરિકોને તાત્કાલિક સુરક્ષિત આશરો મળી રહે તે માટે બે અલગ-અલગ સ્થળોએ ઈમરજન્સી શેલ્ટર હોમ (અસ્થાયી આશ્રયસ્થાન) તૈયાર કરવામાં આવ્યા છે. જ્યાં રાહત સામગ્રી પૂરી પાડવાની સાથે લોકોને સુરક્ષિત રાખવાની તમામ આવશ્યક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

## બોલિવિયામાં સૈન્ય મથકે પ્રચંડ ધડાકો, 10થી વધુ લોકોના મોત



(એજન્સી) લા પાઝ | તા. 05

દક્ષિણ અમેરિકાના બોલિવિયા દેશમાંથી એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ગત ૪ સપ્ટેમ્બરના રોજ રાજધાની લા પાઝથી લગભગ ૩૦ કિલોમીટર દૂર આવેલા વિયાચા વિસ્તારમાં એક લશ્કરી મથકે ભયાનક વિસ્ફોટ થયો હતો. આ ગંભીર અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૦ થી ૧૫ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૬૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. વિસ્ફોટનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

સ્થાનિક અધિકારીઓ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ અકસ્માત બપોરે આશરે ૨:૩૦ વાગ્યે થયો હતો. વિસ્ફોટની શરૂઆત સૈન્ય મથકના એ ભાગમાંથી થઈ હતી જ્યાં બોલિવિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા સત્તાવાર સરકારી કાર્યક્રમો અને ઉત્સવોમાં વાપરવા માટે રાખવામાં આવેલો ફટાકડા અને આતશબાજીની સામગ્રીનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. આ કોઈ યુદ્ધના હથિયારો કે દારૂગોળો નહોતા, પરંતુ સત્તાવાર રીતે વપરાતા આતશબાજીના ફટાકડા જ હતા. જોકે, આ ફટાકડાના સ્ટોરેજમાં શોર્ટ સર્કિટ કે ગરમી જેવા કયા ચોક્કસ કારણસર વિસ્ફોટ થયો, તેની સાચી માહિતી મેળવવા માટે હાલ ગંભીરતાથી તપાસ હાથ ધરવામાં આવી છે.

સ્થાનિક આરોગ્ય અધિકારી રીટાના જણાવ્યા મુજબ, આ દુર્ઘટનામાં ૧૦ થી ૧૫ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે અને ૬૨ જેટલા લોકો ઘાયલ થયા છે. તેમાંથી ગંભીર રીતે દાઝી ગયેલા અને દર્દીઓને તાત્કાલિક લા પાઝની મોટી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્ફોટની પ્રચંડતા એટલી વધારે હતી કે તેના આંચકાથી આસપાસના ૫૦થી વધુ મકાનોના કાચ તૂટી ગયા હતા અને દીવાલોને નુકસાન પહોંચ્યું હતું.

ઘટનાની જાણ થતા જ એમ્બ્યુલન્સ, મેડિકલ ટીમ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવાનું યુદ્ધના ધોરણે કામ શરૂ કર્યું હતું.

સ્થાનિક અધિકારીઓ દ્વારા મળતી વિગતો મુજબ, આ અકસ્માત બપોરે આશરે 2:30 વાગ્યે થયો હતો. વિસ્ફોટની શરૂઆત સૈન્ય મથકના એ ચોક્કસ ભાગમાંથી થઈ હતી જ્યાં બોલિવિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા સત્તાવાર સરકારી કાર્યક્રમો અને ઉત્સવોમાં વાપરવા માટે રાખવામાં આવેલો ફટાકડા અને આતશબાજીની સામગ્રીનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો.

આ કોઈ યુદ્ધના હથિયારો કે દારૂગોળો નહોતા, પરંતુ સત્તાવાર રીતે વપરાતા આતશબાજીના ફટાકડા જ હતા.

### બીજા વિસ્ફોટનો ખતરો અને નાગરિકો માટે ચેતવણી

ઘટનાસ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડ અને સુરક્ષા દળના અધિકારીઓએ ચેતવણી જારી કરતા જણાવ્યું છે કે વિસ્ફોટવાળી જગ્યાએ હજુ પણ ગરમી અને આતશબાજીના અવશેષો સળગી રહ્યા છે, જેના કારણે બીજો વિસ્ફોટ થવાનું જોખમ હજુ પણ ટળ્યું નથી. આ સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને પ્રશાસન દ્વારા સ્થાનિક નાગરિકોને ઘટનાસ્થળથી ઓછામાં ઓછા ૧૫૦ મીટર દૂર રહેવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે. સુરક્ષા દળો દ્વારા વિસ્તારને કોર્ડન કરીને સ્થિતિ પર ચુસ્ત નજર રાખવામાં આવી રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### ભારતે સાચું કહ્યું હતું, અમે સમજવામાં મોડું કર્યું!



નવી દિલ્હી | બેલ્જિયમના વડાપ્રધાન બાર્ટ ડી વેવરે નવી દિલ્હી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે વિદેશી દેશો પર વધુ પડતી આર્થિક અને વ્યૂહાત્મક નિર્ભરતા રાખવી યુરોપિયન દેશો માટે અત્યંત નુકસાનકારક સાબિત થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુરોપને આ જોખમ વિશે ખૂબ પહેલાં જ ચેતવ્યું હતું, પરંતુ તે સમયે તેમની વાતને ગંભીરતાથી લેવામાં આવી નહોતી. હવે પોતાની ભૂલ સમજાતાં યુરોપ જાગૃત થયું છે અને ભારત જેવા સાચા તથા વિશ્વાસપાત્ર ભાગીદારો સાથે પોતાના વ્યાપારી સંબંધો વધુ મજબૂત કરવા ઈચ્છે છે. નવી દિલ્હી ખાતે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ના મંચ પરથી બોલતા બાર્ટ ડી વેવરે ચીનનું સીધું નામ લીધા વગર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે યુરોપે લાંબા સમય સુધી સસ્તા વિદેશી સામાનને પોતાના બજારમાં બિનશરતી પ્રવેશવા દીધો, જેના કારણે સ્થાનિક ઉદ્યોગો અને કંપનીઓ નબળી પડી ગઈ. પરંતુ હવે યુરોપ કોઈપણ દેશના સામાન માટે 'ડમ્પિંગ ઝોન' નહીં બને.

### અમેરિકાથી ભારત માટે 100% ટેરિફનો ખતરો લાંબા સમય સુધી ટળી શકે!



વોશિંગ્ટન | અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી ઓઈલની ખરીદી કરવા બદલ ભારત સહિતના દેશો પર ૧૦૦% ટેરિફ લાદવાની તૈયારીઓ વચ્ચે ભારત માટે અત્યંત રાહતજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકી સેનેટમાંથી આ ટેરિફ બિલ પાસ થઈ ગયું હોવા છતાં, અમેરિકાની પ્રતિનિધિ સભા (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ) માં આ બિલનો સખત વિરોધ થઈ રહ્યો છે. આગામી નવેમ્બર મહિનામાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણી અને સાંસદો વચ્ચેના મતભેદોને કારણે આ બિલ લાંબા સમય સુધી અટવાઈ શકે છે, જે ભારતીય અર્થવ્યવસ્થા અને વ્યાપાર માટે મોટી રાહત સમાન છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા રજૂ કરવામાં આવેલા આ પ્રસ્તાવિત કાયદા હેઠળ ટ્રમ્પને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદતા અથવા પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરતા દેશો પર ૧૦૦% સુધીનો ટેરિફ લાદવાની સત્તા મળી શકે છે. હાલમાં ચીન, ભારત અને તુર્કી રશિયન ઓઈલના સૌથી મોટા ખરીદદારો છે. યુક્રેન સમર્થકો તેને રશિયા પર આર્થિક દબાણ વધારવાના શસ્ત્ર તરીકે જુએ છે, પરંતુ આ સત્તાનો વાસ્તવિક ઉપયોગ કરવામાં આવશે કે નહીં તે અંગે અગાઉથી અનિશ્ચિતતા પ્રવર્તી રહી હતી.

### આફ્રિકા મોટું અને યુરોપ-અમેરિકા નાનું દેખાશે તેવો નકશો સ્વીકારાયો

# સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દુનિયાના નવા નકશાને સત્તાવાર મંજૂરી

(એજન્સી) ન્યૂ યોર્ક | તા. 05

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UN) દ્વારા દુનિયાનો એક નવા વિશ્વ નકશાને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી છે, જેમાં પૃથ્વીના ખંડોનું કદ અગાઉના નકશાની સરખામણીમાં વધુ સચોટ અને વાસ્તવિક રીતે દર્શાવવામાં આવ્યું છે. આ નવા નકશાના અમલીકરણથી હવે વૈશ્વિક સ્તરે આફ્રિકા પહેલાં કરતાં ઘણું મોટું નજરે પડશે, જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકાનું ક્ષેત્રફળ નાનું દેખાશે. આ મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવના સમર્થનમાં કુલ 164 દેશોએ મતદાન કર્યું હતું, જ્યારે 6 દેશો વોટિંગથી દૂર રહ્યા હતા. જોકે, અમેરિકા એકમાત્ર એવો દેશ હતો જેણે આ પ્રસ્તાવનો સખત વિરોધ કર્યો હતો.

આ નવા નકશાને 'ઈક્વલ અર્થ' (Equal Earth) નામ આપવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વના વિવિધ ભૌગોલિક ભાગોને તેમના સાચા અને વાસ્તવિક વિસ્તારની નજીક દર્શાવવાનો છે. અગાઉ સદીઓથી ઉપયોગમાં લેવાતા ૧૫૬૯ના ગેરાર્ડસ મર્કેટર દ્વારા તૈયાર કરાયેલા નકશામાં દરિયાઈ મુસાફરોને સીધી દિશા બતાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગોળ પૃથ્વીને સપાટ કાગળ પર ઉતારવાને કારણે ધ્રુવીય વિસ્તારો જરૂર કરતાં ઘણા મોટા દેખાવા લાગ્યા હતા, જેના લીધે યુરોપ અને ગ્રીનલેન્ડ જેવા પ્રદેશો તેમના વાસ્તવિક કદ કરતા અનેકગણા મોટા દેખાતા હતા, જ્યારે વિષુવવૃત્ત પાસે આવેલા આફ્રિકા અને ભારત જેવા વિશાળ પ્રદેશો સંકોચાઈને નાના દેખાતા હતા. વાસ્તવિકતા એ છે કે આફ્રિકા એકલું ગ્રીનલેન્ડ કરતાં ૧૪ ગણું મોટું છે, પરંતુ જૂના નકશામાં બંને લગભગ સરખા દેખાતા હતા.

વર્ષ ૨૦૧૮માં કાર્ટોગ્રાફર્સ (નકશાકારો) દ્વારા તૈયાર કરાયેલા આ 'ઈક્વલ અર્થ' પ્રોજેક્શનમાં તમામ ખંડોને તેમના સાચા ક્ષેત્રફળ મુજબ ગોઠવવામાં આવ્યા છે. આ નવા નકશાના કારણે આફ્રિકા, લેટિન અમેરિકા, દક્ષિણ એશિયા અને ઓશેનિયા હવે પહેલાં કરતાં વધુ વિશાળ જોવા મળશે,



જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકાનું કદ વાસ્તવિક સ્થિતિ મુજબ નાનું દેખાશે. આ પ્રસ્તાવ ટોગો દેશના વિદેશ મંત્રી રોબર્ટ ડુસી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે સ્પષ્ટ કર્યું હતું કે નકશા માત્ર ભૌગોલિક સ્થળોની જાણકારી નથી આપતા, પરંતુ તે લોકોના વૈશ્વિક દ્રષ્ટિકોણ અને સમજને પણ ઊંડી અસર કરે છે. ખોટા કદ દર્શાવતા નકશાઓથી પેઢીઓ સુધી ખોટી માન્યતાઓ જળવાઈ રહે છે.

આ પ્રસ્તાવ સામે અમેરિકાએ પોતાનો સખત વાંધો નોંધાવ્યો હતો. અમેરિકન પ્રતિનિધિએ દલીલ કરી હતી કે જ્યારે વર્તમાન સમયમાં વિશ્વ અનેક ગંભીર વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે સંયુક્ત રાષ્ટ્ર સોળમી સદીના નકશાઓ પર ચર્ચા કરીને સમય બગાડી રહ્યું છે. આમ છતાં, બહુમતી દેશોના સમર્થનને કારણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ પ્રસ્તાવને સ્વીકારી લીધો છે અને તમામ સભ્ય દેશોને મર્કેટર પ્રોજેક્શનના સ્થાને 'ઈક્વલ અર્થ' નકશાનો ઉપયોગ કરવા માટે સત્તાવાર અપીલ કરી છે, જેથી આવનારી પેઢીઓ વિશ્વના ભૂગોળને તેની સાચી અને સચોટ બનાવટ સાથે સમજી શકે.

નવા નકશાને 'ઈક્વલ અર્થ' (Equal Earth) નામ આપવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ વિશ્વના વિવિધ ભાગોને તેમના વાસ્તવિક વિસ્તારની નજીક દર્શાવવાનો છે. અગાઉ 1569માં ગેરાર્ડસ મર્કેટર દ્વારા તૈયાર કરાયેલા મર્કેટર નકશામાં દરિયાઈ મુસાફરોને સીધી દિશા બતાવવા પર ધ્યાન આપવામાં આવ્યું હતું.

## તેલની ચોરી કરવાનો પ્રયાસ ભારે પડ્યો, 37 લોકોના મોત, નાઈજીરિયામાં બની ઘટના

(એજન્સી) અબુજા | તા. 05

આફ્રિકન દેશ નાઈજીરિયાના ક્રૂડ ઓઈલથી સમૃદ્ધ એવા રિવર્સ રાજ્યમાં એક અત્યંત ગંભીર અને કરુણ દુર્ઘટના સામે આવી છે. અહીં એક જહાજમાંથી ગેરકાયદેસર રીતે કાચું તેલ (ક્રૂડ ઓઈલ) ચોરવાનો પ્રયાસ કરી રહેલા લોકોમાં ઓછા ૩૭ લોકોના દર્દનાક મોત નીપજ્યાં છે. તેલ ચોરી કરતી વખતે અચાનક ભારે માત્રામાં ઝેરી ગેસ લીક થવા લાગ્યો હતો, જેને શ્વાસમાં લેવાથી ગૂંગળામણ થવાને કારણે સ્થળ પર હાજર લોકોના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ હજુ પણ અનેક લોકો લાપતા હોવાના અહેવાલ છે, જેઓની શોધખોળ ચાલી રહી છે.

પર્યાવરણ ક્ષેત્રે સક્રિય સંસ્થા 'યુથ્સ એન્ડ એન્વાયરમેન્ટલ એડવોકેસી સેન્ટર' દ્વારા આ દુર્ઘટનાના અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે. સંસ્થાના જણાવ્યા અનુસાર, આ ઘટના ગુરુવારે બની હતી જ્યારે કેટલાક લોકો ક્રૂડ ઓઈલ ભરેલા એક જહાજમાંથી ગેરકાયદે પોઈન્ટ મારફતે પોતાની નાની હોડીઓમાં તેલ ભરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ખૂબ જ ઊંચા દબાણ સાથે ઝેરી ગેસ અને ઘાતક ધુમાડો બહાર નીકળવા લાગ્યો હતો. ક્ષણભરમાં જ આ ઝેરી વાયુ આસપાસના વિસ્તારમાં ફેલાઈ જવાથી ત્યાં હાજર લોકો તેની ઝપેટમાં આવી ગયા હતા અને નાસભાગ મચી ગઈ હતી.

ઝેરી ગેસની તીવ્ર અસરથી બેભાન થઈને કેટલાક લોકો નજીકની નદીના પાણીમાં પડી ગયા હોઈ શકે છે અથવા તો ઘાતક ધુમાડાના કારણે તેઓ ઘટનાસ્થળેથી સુરક્ષિત બહાર નીકળી શક્યા નહોતા. બચાવ અને રાહત ટુકડીઓ દ્વારા નદી અને આસપાસના વિસ્તારમાં લાપતા લોકોની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

## થાઈલેન્ડ પહોંચ્યું અમેરિકાનું વિશાળ યુદ્ધજહાજ, ખરાબ હાલત જોઈ ચીન થયું ખુશ, ઉડાવી મજાક

(એજન્સી) બેંગકોક | તા. 05

થાઈલેન્ડના લેમ ચાબંગ બંદર પર પહોંચેલા અમેરિકી નૌકાદળના અત્યંત શક્તિશાળી અને વિશાળ એરક્રાફ્ટ કેરિયર 'યુએસએસ અબ્રાહમ લિંકન' પર ચીનના સરકારી અખબાર 'ગ્લોબલ ટાઈમ્સ' દ્વારા તીખો કટાક્ષ કરવામાં આવ્યો છે. મિડલ ઈસ્ટના સંવેદનશીલ ક્ષેત્રમાં એક અત્યંત મુશ્કેલ અને લાંબુ મિશન પૂરું કર્યા બાદ આ જહાજ સેન ડિએગો સ્થિત પોતાના હોમ પોર્ટ પર પરત ફરી રહ્યું હતું. સતત ૨૮૯ દિવસ સુધી સમુદ્રમાં સક્રિય રહેવાના કારણે આ ૧,૧૦૦ ફૂટ લાંબા મહામશીન પર અનેક જગ્યાએ ભારે કાટ લાગેલો જોવા મળ્યો, જેણે વૈશ્વિક સ્તરે અમેરિકી સૈન્ય પ્રભુત્વ અને દબંગાઈના પોકળ દાવાઓની પોલ ખોલી નાખી છે.

સોશિયલ મીડિયા અને આંતરરાષ્ટ્રીય મંચો પર વાયરલ થયેલી તસવીરોમાં આ યુદ્ધપોત આગળથી પાછળ સુધી કાટથી ઢંકાયેલું નજરે પડ્યું હતું. સોશિયલ મીડિયા યુઝર્સે કટાક્ષ કર્યો હતો કે આ



જહાજ માંડ-માંડ પર્શિયન ગલ્ફમાંથી સુરક્ષિત બચીને નીકળ્યું છે અથવા તેને હવે સીધું કબાડખાને મોકલવાની જરૂર છે. ખુદ આ જહાજના કેપ્ટને પણ જાહેરમાં સ્વીકાર્યું હતું કે આ કેરિયર પાર્કિંગ પ્લોટમાં લાંબા સમયથી ઊભેલી કોઈ ગંદી અને જર્જરિત કાર જેવું દેખાઈ રહ્યું છે. ચીની લશ્કરી નિષ્ણાતોના મતે, આટલી મોટી માત્રામાં કાટ લાગવો તે જહાજના ખૂબ જ વ્યસ્ત મિશન, અતિશય ઉપયોગ અને લાંબા સમય સુધી જાળવણી વગર સક્રિય રહેવાનું સીધું પરિણામ છે. ચીની અખબારે અમેરિકી રક્ષા તૈયારીઓની આંતરિક ખામીઓ પર પ્રહાર કરતા જણાવ્યું છે કે શિપયાર્ડની મર્યાદિત ક્ષમતા, અપૂરતું મેન્ટેનન્સ અને કુશળ ટેકનિકલ કર્મચારીઓની તીવ્ર અછતના કારણે અમેરિકી સેનાની આ દુર્દશા સર્જાઈ છે. એશિયા-પેસિફિક, યુરોપ અને મિડલ ઈસ્ટ જેવા અનેક સંવેદનશીલ મોરચાઓ પર સૈનિકો અને યુદ્ધસાધનોની અતિશય તૈનાતીના કારણે વોશિંગ્ટને પોતાના જહાજો, સ્ટાફ અને લોજિસ્ટિક્સ સિસ્ટમ પર સહન ન થઈ શકે તેવો ભારે બોજ નાખી દીધો છે. વિશ્લેષકોનું માનવું છે કે આ ઘટના માત્ર એક જહાજના બગાડ પૂરતી સીમિત નથી, પરંતુ તે વૈશ્વિક સ્તરે અમેરિકી સૈન્ય મશીનરી પર પડી રહેલા ભારે દબાણ અને સંરક્ષણ પ્રણાલીના પાયામાં રહેલી ગંભીર ખામીઓને ઉજાગર કરે છે. પ્રખ્યાત રણનીતિજ્ઞ હેનરી કિસિંજર દ્વારા એરક્રાફ્ટ કેરિયરને 'એક મિલિયન ટનની કૂટનીતિ' તરીકે ઓળખવામાં આવી હતી, પરંતુ આજે એ જ તાકાતમાં કાટ લાગેલો જોવા મળી રહ્યો છે.


મોબાઈલ | મિડલ-ઈસ્ટમાં સૈનિકોની સુરક્ષા માટે અમેરિકન સેનાએ એડવર્ટાઈઝિંગ આઈડેન્ટિફાયર્સ કર્યા ડિસેબલ

## અમેરિકન સૈનિકોને નિશાન બનાવાતા ટ્રમ્પે લીધો મોટો નિર્ણય

(એજન્સી) વોશિંગ્ટન | તા. 05

અમેરિકન સેના દ્વારા મિડલ-ઈસ્ટમાં તહેનાત પોતાના સૈનિકોને દુશ્મનો દ્વારા નિશાન બનાવવામાં આવતા હોવાના ગંભીર અહેવાલો સામે આવ્યા બાદ એક મોટો અને ત્વરિત નિર્ણય લેવામાં આવ્યો છે. કોમર્શિયલ લોકેશન ડેટાના દુરુપયોગ દ્વારા સૈનિકોના મોબાઈલ લોકેશન ટ્રેક થવાની માહિતી મળતા જ અમેરિકન મિલિટરીએ પોતાના કોમ્પ્યુટર્સ અને મોબાઈલ ફોન્સમાં એડવર્ટાઈઝિંગ આઈડેન્ટિફાયર્સ (જાહેરાત ટ્રેકર્સ) ડિસેબલ કરી દીધા છે. સીનેટર રોન વાઈડન દ્વારા જાહેર કરાયેલા પત્રો અને 'રોયટર્સ'ના અહેવાલમાં આ બાબતનો ખુલાસો કરવામાં આવ્યો છે, જેનાથી સુરક્ષા તંત્રમાં હલચલ મચી ગઈ છે.

અમેરિકન વાયુસેના તરફથી સીનેટર રોન વાઈડનને સત્તાવાર રીતે જાણ કરવામાં આવી હતી કે સૈનિકોની સુરક્ષાના સર્વોચ્ચ હેતુથી બે મહિના પૂર્વે જ તમામ મોબાઈલ ફોન્સ અને કોમ્પ્યુટર્સમાંથી એડવર્ટાઈઝિંગ આઈડેન્ટિફાયર્સ સંપૂર્ણપણે ડિસેબલ



કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અમેરિકન સ્પેશિયલ ઓપરેશન્સ કમાન્ડે પણ એક સ્વતંત્ર પત્ર દ્વારા માહિતી આપી છે કે તેમણે પણ તાજેતરમાં જ પોતાના વિન્ડોઝ ડિવાઈસમાં આ પ્રકારના તમામ ટ્રેકિંગ ફીચર્સ બંધ કરી દીધા છે, જેથી ડિજિટલ માધ્યમથી થતી જાસૂસીને અટકાવી શકાય.

લોકેશન ડેટા લીક થવાને કારણે મિડલ-ઈસ્ટમાં તહેનાત અમેરિકન જવાનોના જીવન પર સતત તોળાતા જોખમને ગંભીરતાથી લઈને સીનેટર રોન વાઈડન અને પ્રતિનિધિ પેટ હેરિગને પેન્ટાગોન (અમેરિકન સંરક્ષણ મંત્રાલય) સમક્ષ આ મામલે ઉચ્ચસ્તરીય વિશેષ તપાસની માંગ કરી છે. તેમણે સંરક્ષણ અધિકારીઓ અને સૈન્ય જવાનો સાથે જોડાયેલા સુરક્ષા ઉપાયોની ઝીણવટભરી સમીક્ષા કરવાની અપીલ કરી છે, જેથી ભવિષ્યમાં આવા કોમર્શિયલ ડેટા લીક કે ટ્રેકિંગ દ્વારા સૈન્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા સામે કોઈ ખતરો ઊભો ન થાય.

વર્તમાન સમયમાં સ્માર્ટફોન અને એપ્લિકેશન્સમાં વપરાતા એડવર્ટાઈઝિંગ ટ્રેકર્સ દ્વારા યુઝર્સનું રિયલ-ટાઈમ લોકેશન સરળતાથી ટ્રેક કરી શકાતું હોય છે. યુદ્ધ ક્ષેત્રો કે સંવેદનશીલ સૈન્ય મથકો પર તહેનાત સૈનિકોના ઉપકરણોમાં આ ટ્રેકર્સ સક્રિય રહેવાથી વિરોધી દેશો કે આતંકવાદી સંગઠનો સૈનિકોની હિલચાલ પર નજર રાખીને હુમલા કરતા હોય છે. આ ઘટના સાબિત કરે છે કે આધુનિક યુગમાં માત્ર ભૌતિક હથિયારો જ નહીં, પરંતુ ડિજિટલ ડેટાની સુરક્ષા પણ એટલી જ અનિવાર્ય છે, અને આ જ કારણસર અમેરિકન સરકારે તાત્કાલિક ધોરણે આ કડક સુરક્ષાત્મક પગલાં અમલમાં મૂક્યા છે.

## ઈરાનના ન્યૂક્લિયર બંકર પર હુમલો કરીશું...', ટ્રમ્પની ધમકી

(એજન્સી) વોશિંગ્ટન | તા. 05

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો ભૌગોલિક અને સૈન્ય સંઘર્ષ હવે અત્યંત ખતરનાક અને નિર્ણાયક તબક્કામાં પ્રવેશી રહ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે પત્રકારો સાથેની વાતચીતમાં ખુલ્લેઆમ જણાવ્યું હતું કે અમેરિકા ટૂંક સમયમાં જ ઈરાનના 'પિકેક્સ માઉન્ટેન' (Pickaxe Mountain) પર સૈન્ય હુમલો કરી શકે છે. ટ્રમ્પ અગાઉ પણ આ પહાડ અને તેની અંદર આવેલા પરમાણુ ઠેકાણાઓને નિશાન બનાવવાની ચેતવણી આપી ચૂક્યા છે, જેનાથી મિડલ ઈસ્ટમાં તણાવ વધુ ચરમસીમાએ પહોંચ્યો છે.

પિકેક્સ માઉન્ટેન એ ઈરાનના મુખ્ય નતાંજ યુરેનિયમ સંવર્ધન કેન્દ્રની તદ્દન નજીક આવેલો એક વિશાળ પહાડ છે, જેની જમીનની અંદર અત્યંત ઊંડે બે સુરંગ સંકુલ (ટનલ કોમ્પ્લેક્સ) તૈયાર કરવામાં આવ્યા છે. રક્ષા વિશ્લેષકોના મતે આ એક અત્યંત મજબૂત અને કિલ્લેબંધી ધરાવતી સુરક્ષિત જગ્યા છે. એવું માનવામાં આવે છે કે ઈરાને આ પહાડની નીચે પોતાનો અત્યંત ગુપ્ત યુરેનિયમ એનરિચમેન્ટ પ્લાન્ટ અથવા પરમાણુ હથિયારો બનાવવા માટે જરૂરી યુરેનિયમનો સુરક્ષિત ભંડાર છુપાવી રાખ્યો છે. નતાંજ ન્યૂક્લિયર સાઈટથી માત્ર બે કિલોમીટર દૂર સ્થિત આ સંકુલને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવા માટે અમેરિકન સેના દ્વારા એક ખતરનાક વોર પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે.

મીડિયા સાથેની ચર્ચા દરમિયાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના વર્તમાન સૈન્ય સંઘર્ષને એક સામાન્ય અને 'નાની વાત' ગણાવી હતી. વાઇસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સનો બચાવ કરતા તેમણે દાવો કર્યો હતો.

## વરસાદમાં મહેમાનો સામે નીચાજોણું થાય તેવા દૃશ્યો

# ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટથી લઈને દિલ્હીના માર્ગો સુધી પાણી જ પાણી

(એજન્સી) નવી દિલ્હી | તા 05

દિલ્હીમાં 12-13 સપ્ટેમ્બરે યોજાનારી BRICS સમિટ પહેલાં શુક્રવારે બપોરે મુસળધાર વરસાદે રાજધાનીને પાણી-પાણી કરી દીધી. ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ 2 અને 3 બહાર ઘૂંટણસમા પાણી ભરાયા હતા. 11 ફ્લાઈટ્સ ડાયવર્ટ કરાઈ અને 400થી વધુમાં વિલંબ થયો. હવામાન વિભાગે શનિવાર માટે 'યલો અલર્ટ' જાહેર કર્યું છે.રાજધાની દિલ્હીમાં 12-13 સપ્ટેમ્બરે આયોજિત થનારી BRICS સમિટના બરાબર આઠ દિવસ પહેલાં શુક્રવારે બપોરે પડેલા મુસળધાર વરસાદે નાગરિક સંસ્થાઓ અને દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (DIAL)ના દાવાઓની હવા કાઢી નાખી હતી. આ મુશળધાર વરસાદના કારણે દિલ્હી પાણી-પાણી થઈ ગઈ છે. જ્યારે બીજી તરફ દિલ્હીમાં એક અઠવાડિયા પછી BRICS સમિટ યોજાવા જઈ રહી છે. ત્યારે આ સમિટ પહેલા વરસાદના કારણે સર્જાયેલા દશ્યોએ સરકારના વિકાસના દાવાઓની પોલ ખોલ નાખી છે.ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ 2 અને 3 ની બહાર ઘૂંટણસમા ભરાયેલા પાણી વચ્ચે મુસાફરો પોતાના પેન્ટ વાળીને અને ટ્રોલી બેગ ખેંચીને નીકળતા જોવા મળ્યા હતા. બીજી તરફ ખરાબ હવામાનના કારણે ઉડ્ડયન સેવાઓ ગંભીર રીતે પ્રભાવિત થઈ હતી.ખરાબ હવામાન અને 76 કિમી પ્રતિ કલાકની ઝડપે ફેંકાયેલા તેજ પવનોને કારણે એરપોર્ટ પર કામગીરી ઠપ થઈ ગઈ છે.11 ફ્લાઈટ્સ ડાયવર્ટ: બપોરે 3:30થી સાંજે 7:00 વાગ્યા વચ્ચે 11 ફ્લાઈટ્સને અન્ય શહેરોમાં ડાયવર્ટ કરવામાં આવી હતી. આમાંથી 5 ફ્લાઈટ જયપુર, 4 લખનઉ અને 1-1 ફ્લાઈટ



અમદાવાદ અને ચંદીગઢ મોકલવામાં આવી હતી.400 થી વધુ ફ્લાઈટ્સમાં વિલંબ: ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા પ્રમાણે દિલ્હી એરપોર્ટથી આવતી-જતી 400થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી.સફાઈનો દાવો: DIALના જણાવ્યા પ્રમાણે ભારે વરસાદને કારણે થોડા સમય માટે જળભરાવ થયો હતો, જેને બાદમાં પંપોની મદદથી દૂર કરવામાં આવ્યો હતો.કનૉટ પ્લેસથી લઈને મહિપાલપુર સુધી જળભરાવ જન્માષ્ટમીની રજા હોવાને કારણે રસ્તાઓ પર વાહનોની સંખ્યા ઓછી હતી, જેથી ટ્રાફિક જામમાંથી થોડી રાહત મળી હતી. જોકે, લુટિયન્સ દિલ્હી અને આસપાસના વિસ્તારોની હાલત ખરાબ રહી હતી.મહિપાલપુરમાં બાળકો ભરાયેલા પાણીમાં તરતા જોવા મળ્યા હતા, જ્યારે કનૉટ પ્લેસ (CP)ના રસ્તાઓ પર વાહનો ડૂબતા નજરે પડ્યા હતા. સુબ્રતો પાર્ક પાસે ફ્લાયઓવર પરથી પાણી ઝરણાની જેમ વાહનો પર પડતું જોવા મળ્યું હતું. માલવીય નગર મેટ્રો સ્ટેશન પાસે અને અક્ષરધામથી આઈટીઓ તરફ જતા લૂપ રોડ પર વૃક્ષો ધરાશાયી થવાથી ટ્રાફિક ખોરવાયો હતો.દિલ્હી-ગુરુગ્રામ બોર્ડર (શિવ મૂર્તિ પાસે) જળભરાવ બાદ ગુરુગ્રામ પોલીસે વાહનચાલકો માટે રૂટ ડાયવર્ઝન એડવાઈઝરી જાહેર કરી હતી.સ્કાયમેટ વેધરના ઉપાધ્યક્ષ મહેશ પલાવતના જણાવ્યા પ્રમાણે દક્ષિણ-પશ્ચિમ ઉત્તર પ્રદેશ પર લો પ્રેશર એરિયા બનવા અને મોનસૂન ટ્રફ દિલ્હી-હરિયાણા પરથી પસાર થવાને કારણે આ મુસળધાર વરસાદ પડ્યો છે.IMDએ શનિવાર માટે 'યલો અલર્ટ' જાહેર કર્યું છે, જેમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રવિવારથી શુષ્ક પશ્ચિમી પવનોની અસરથી વરસાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો થવાની અપેક્ષા છે.ક્યારથી ક્યાં સુધી યોજાશે BRICS સમિટ? દિલ્હીમાં 12-13 સપ્ટેમ્બર 2026ના રોજ 18મી બ્રિક્સ શિખર સંમેલન યોજાવાનું છે, જેની અધ્યક્ષતા ભારત કરી રહ્યું છે. આ સમિટ ભારત મંડપમ, પ્રગતિ મેદાન ખાતે યોજાશે. 11 સપ્ટેમ્બરે BRICS બિઝનેસ ફોરમ અને 12-13 સપ્ટેમ્બરે લીડર્સ સમિટ યોજાશે.બ્રિક્સ સમિટનું ફોકસ વૈશ્વિક દક્ષિણ (ગ્લોબલ સાઉથ)ની પ્રાથમિકતાઓ, ક્લાઈમેટ એક્શન, ડિજિટલ સહયોગ, ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને આર્થિક વિકાસ જેવા મુદ્દાઓ પર રહેશે.11 સભ્ય દેશોના નેતાઓ કે પ્રતિનિધિઓ - બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન, સાઉદી અરેબિયા, યુએઈ સાથે સાથે પાર્ટનર/આઉટરીચ દેશોના નેતાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓ પણ તેમાં ભાગ લેશે.

## કેરલમમાં ગમખ્વાર અકસ્માત, ટ્રકમાં કાર ઘૂસી જતાં તમિલનાડુના 8 વિદ્યાર્થીઓને કાળ ભરખી ગયો



(એજન્સી) નવી દિલ્હી | તા 05

કેરલમથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં ત્રિશૂર જિલ્લામાં શુક્રવારે મોડી રાતે તમિલનાડુના એન્જિનિયરિંગ ભણતાં 8 વિદ્યાર્થીઓ એક ગમખ્વાર અકસ્માતમાં મોતને ભેટી ગયા. અકસ્માતની જાણ થયા બાદ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે જણાવ્યું કે અકસ્માત સર્જાયો ત્યારે ટ્રક તો ઊભી જ હતી. પરંતુ કાર તેમાં આવીને ઘૂસી ગઇ હતી જેના કારણે ધડાકાભેર ટક્કર થઇ હતી અને 8 વિદ્યાર્થીઓને મોતને ભેટી ગયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે બચાવ કામગીરી હાથ ધરી હતી પરંતુ અકસ્માત એટલો ભયાનક હતો કે તમામ વિદ્યાર્થીઓમાંથી કોઈ એકને પણ બચાવી શકાયો નહોતો.રાતે 11:40 વાગ્યે કેપમંગલમ વિસ્તારમાં આવેલા પનમ્બિકુનુમાં આ અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર 8 વિદ્યાર્થીઓ ગુરુવાયુરથી કોડુંગલ્લુર જઈ રહ્યા હતા તે સમયે જ ઊભી ટ્રકમાં કારની જોરદાર ટક્કર થઇ હતી. મૃત્યુ પામનારા તમામ વિદ્યાર્થી તમિલનાડુના ડિંડીગુલમાં આવેલી એક એન્જિનિયર કોલેજમાં ભણતા હતા. કારનું રજિસ્ટ્રેશન તમિલનાડુના મદુરૈનું હતું.

## News Brief

### સહારનપુરમાં જિલ્લા કલેક્ટરના પરિસરમાં 115 વર્ષ જૂની મસ્જિદ તોડી પાડવામાં આવતા રોષ

(એજન્સી) નવી દિલ્હી | તા 05

પશ્ચિમ યુપીના સહારનપુરમાં કલેક્ટ્રેટ પરિસરમાં આવેલી 3000 ચોરસ ફૂટની મસ્જિદ પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. શનિવારે વહેલી સવારે 4 વાગ્યે 6 બુલડોઝર દ્વારા કાર્યવાહી શરૂ થતા તણાવ વ્યાપ્યો છે. કોર્ટે મસ્જિદને ગેરકાયદે ઠેરવતા 6.41 કરોડનો દંડ પણ ફટકાર્યો હતો. સુરક્ષા માટે 200 જવાનો તૈનાત કરાયા છે. સપા સાંસદ ઈકરા હસનને હાઉસ અરેસ્ટ કરાયા છે. કોંગ્રેસે આ કાર્યવાહીને બંધારણનો ભંગ ગણાવી છે.પશ્ચિમ યુપીના સહારનપુર જિલ્લાના કલેક્ટ્રેટ પરિસરમાં આવેલી એક મસ્જિદ પર કરવામાં આવેલી બુલડોઝર કાર્યવાહીને પગલે ભારે વિવાદ સર્જાયો છે. આ બુલડોઝર કાર્યવાહીના પગલે વિસ્તારમાં તણાવની સ્થિતિ છે. પોલીસ અને વહીવટી તંત્રના ચુસ્ત બંદોબસ્ત છતાં લોકો પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. ઘટનાસ્થળે જઈ રહેલાં સપા સાંસદ ઈકરા હસનને હાઉસ અરેસ્ટ કરવામાં આવ્યા હોવાના અહેવાલ પણ સામે આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં આગામી થોડા મહિનાઓમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, ત્યારે ચૂંટણી પહેલા જ મસ્જિદ તોડી પાડવાની આ કાર્યવાહીથી રાજકારણ ગરમાયું છે. સમાજવાદી પાર્ટીની સાથે કોંગ્રેસે પણ તંત્રની આ કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે પણ મસ્જિદ પર બુલડોઝર ચલાવવાની આ કાર્યવાહીને બંધારણના લીરેલીરા ઉડાડનારી કાર્યવાહી ગણાવી છે. બીજી તરફ વહીવટી તંત્રનું કહેવું છે કે સિટી મેજિસ્ટ્રેટે ગત મહિને કલેક્ટર કચેરી પરિસરમાં આવેલી મસ્જિદને ગેરકાયદે ગણાવીને તેને ધ્વસ્ત કરવાનો આદેશ આપ્યો હતો. જે બાદ મુસ્લિમ પક્ષે આ આદેશને ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો.ડિસ્ટ્રિક્ટ જજ (DJ) કોર્ટે સિટી મેજિસ્ટ્રેટના આદેશ પર સ્ટે આપ્યો હતો. પરંતુ શુક્રવારે ડિસ્ટ્રિક્ટ જજ કોર્ટે મુસ્લિમ પક્ષ દ્વારા કરવામાં આવેલા દાવાને ફગાવી દીધો હતો. ત્યારબાદ વહીવટી તંત્ર દ્વારા મસ્જિદ તોડી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.પ્રાપ્ત માહિતી પ્રમાણે શનિવારે સવારે આશરે 4:00 વાગ્યાથી સહારનપુરના જિલ્લા કલેક્ટર કચેરી પરિસરમાં સ્થિત મસ્જિદને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘટનાસ્થળે 6 બુલડોઝર મસ્જિદને ધ્વસ્ત કરવાના કામમાં લાગેલા છે. મસ્જિદનો એક હિસ્સો અત્યાર સુધીમાં તોડી પડાયો છે. આ કાર્યવાહીને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે, જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા અર્થે 200 જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.પોલીસ-પ્રશાસન દ્વારા કોઈ પણ વ્યક્તિને મસ્જિદ નજીક જવા દેવામાં આવી રહી નથી. વહીવટી તંત્રની આ કાર્યવાહીના વિરોધમાં સહારનપુર આવી રહેલાં કૈરાનાના સાંસદ ઈકરા હસનને હાઉસ અરેસ્ટ કરી લેવામાં આવ્યા છે.

### ઝીરામ ઘાટી નક્સલી હુમલાના 13 વર્ષ બાદ NIA કોર્ટ આજે ચુકાદો આપશે

જગદલપુર : 2013ના ઝીરામ ઘાટી નક્સલી હુમલાના 13 વર્ષ બાદ, જેમાં કોંગ્રેસના કેટલાક નેતાઓ સહિત ઓછામાં ઓછા 29 લોકોના મોત થયા હતા, જગદલપુરની NIA સ્પેશિયલ કોર્ટ શનિવારે તેનો ચુકાદો આપવા માટે તૈયાર છે, જે એક લાંબી કાનૂની પ્રક્રિયાને પૂર્ણ કરી રહી છે, જે છત્તીસગઢમાં રાજકીય રીતે મહત્વની રહી છે. ખીણ, બસ્તર, 25 મે, 2013ના રોજ, જ્યારે સશસ્ત્ર માઓવાદીઓએ 2013ની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા 'પરિવર્તન યાત્રા'માંથી પરત ફરી રહેલા કોંગ્રેસના નેતાઓના કાફલા પર હુમલો કર્યો. આ હુમલામાં લગભગ 29-32 લોકોના મોત થયા હતા, જે બાદમાં તેમની ઈજાઓને કારણે મૃત્યુ પામેલા પીડિતોના આધારે અલગ-અલગ આંકડાઓ ટાંકતા જુદા જુદા અહેવાલો હતા. આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં કોંગ્રેસના તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ નંદ કુમાર પટેલ, વિપક્ષના ભૂતપૂર્વ નેતા મહેન્દ્ર કર્મા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન વિદ્યા ચરણ શુક્લા સહિત કોંગ્રેસના નેતાઓનો સમાવેશ થાય છે. બસ્તર પોલીસે શરૂઆતમાં કેસ નોંધ્યો હતો, જે બાદમાં હુમલાના દિવસો બાદ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને સોંપવામાં આવ્યો હતો, કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્ય સરકાર અને પોલીસ તરફથી સુરક્ષામાં ખામી હોવાના આક્ષેપો બાદ. એનઆઈએએ સપ્ટેમ્બર 2014માં જગદલપુરની વિશેષ અદાલતમાં તેની ચાર્જશીટ દાખલ કરી હતી અને તેની તપાસ દરમિયાન, સહાયક દસ્તાવેજો સાથે 101 સાક્ષીઓ રજૂ કર્યા હતા. 2023 માં, એજન્સીએ કેસ સંબંધિત વધુ માહિતી મેળવવા માટે એક જાહેર જાહેરાત પણ બહાર પાડી હતી.

## જ્યારે ચેટજીપીટી વર્ગખંડમાં પ્રવેશ કરે છે: શું શિક્ષકો જનરલ ઝેડ સાથે તાલમેલ રાખી શકે છે?

નવી દિલ્હી : એક વિદ્યાર્થીને હોમવર્ક મળે છે. શિક્ષકને પૂછવા કે પાઠ્યપુસ્તક ખોલવાને બદલે, તેઓ પોતાનો ફોન કાઢે છે અને ચેટજીપીટી અથવા જેમિનીમાં ટાઈપ કરે છે: 'આને એવી રીતે સમજાવો કે હું 15 વર્ષનો છું.' થોડીક સેકન્ડોમાં, તેમની પાસે જવાબ, ઉદાહરણો અને કદાચ ક્વિઝ પણ હોય છે. બીજા દિવસે સવારે, શિક્ષક વર્ગમાં એક ખૂબ જ અલગ પડકારનો સામનો કરે છે - પ્રકરણ સમજાવવાનો નહીં, પરંતુ AI નો જવાબ કેમ ખોટો હોઈ શકે છે તે સમજાવવાનો. પેઢીઓથી, શિક્ષક વિદ્યાર્થી અને જ્ઞાન વચ્ચે ઊભા રહ્યા. જનરલ ઝેડ માટે, તે દરવાજો શાંતિથી અદૃશ્ય થઈ ગયો છે.દેશ શિક્ષક દિવસ ઉજવી રહ્યો છે, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે, જેમના શબ્દો - 'સાચા શિક્ષકો તે છે જે આપણને પોતાના માટે વિચારવામાં મદદ કરે છે' - ભારતીય શિક્ષણના માર્ગદર્શક દર્શન તરીકે રહ્યા છે, એક નવો પ્રશ્ન વર્ગખંડોમાં પોતાને મજબૂર કરી રહ્યો છે: જો માહિતી દરેક જગ્યાએ ઉપલબ્ધ હોય, તો શિક્ષકે બરાબર શું શીખવવું જોઈએ? પ્રગતિ ઝડપી રહી છે - શિક્ષક, પછી પાઠ્યપુસ્તક, પછી ગૂગલ, પછી યુટ્યુબ, પછી સોશિયલ મીડિયા, અને હવે જનરેટિવ એઆઈ. અગાઉ, વિદ્યાર્થીઓ શિક્ષકો દ્વારા ખ્યાલ સમજાવવાની રાહ જોતા હતા. ગૂગલે માહિતીને શોધી શકાય તેવી બનાવી. યુટ્યુબે તેને દ્રશ્ય બનાવ્યું. જનરેટિવ એઆઈએ તેને ઈન્ટરેક્ટિવ અને વ્યક્તિગત બનાવ્યું છે. એઆઈ ફક્ત પ્રકાશસંશ્લેષણને વ્યાખ્યાયિત કરતું નથી. વિદ્યાર્થી હવે કહી શકે છે: 'તેને એવી રીતે સમજાવો જેમ હું પાંચ વર્ષનો છું,' 'તેને હિન્દીમાં સમજાવો,' 'મને એક ઉદાહરણ આપો,' 'મને પ્રશ્નો પૂછો,' અથવા 'મને કહો કે હું ક્યાં ભૂલ કરી.

## કોને મળશે આ મફત યોજનાનો લાભ અને કયા દસ્તાવેજો જોઈશે?

# 3 ફ્રી સિલિન્ડર, 3000 રૂપિયા સીધા ખાતામાં... આ રાજ્યમાં ભાજપ સરકારનું મફત રેવડી વિતરણ

(એજન્સી) ગોવા | તા 05

ગોવા સરકારે નાગરિકો માટે મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે જણાવ્યું કે, રાજ્યના મૂળ નિવાસીઓને દર વર્ષે 3 LPG ગેસ સિલિન્ડર મફત મળશે. આ યોજના હેઠળ વાર્ષિક 3,000 સીધા લાભાર્થીઓના બેન્ક ખાતામાં જમા થશે. 5 સપ્ટેમ્બરથી ફોર્મ મળશે અને 9 સપ્ટેમ્બરથી રકમ ટ્રાન્સફર શરૂ થશે. આ ચૂંટણી વચન પૂરું કરાયું છે. વિધાનસભા ચૂંટણીઓ વખતે જનતાને મોટા-મોટા દાવાઓ અને મફતની યોજનાઓની લ્હાણીઓ કરીને મત લેવાની ઘટના નવી નથી. આ જ બાબતમાં હવે ગોવાની ભાજપ સરકારે પણ રાજ્યના નાગરિકો માટે મફત રેવડી વિતરણની એક મોટી જાહેરાત કરી દીધી છે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે જાહેરાત કરી છે કે રાજ્ય સરકાર લોકોને દર વર્ષે 3 LPG ગેસ સિલિન્ડર મફત આપશે. આ યોજના હેઠળ દર વર્ષે 3,000ની રકમ સીધી જ લાભાર્થીઓના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. આ યોજના માટેના અરજી ફોર્મ 5 સપ્ટેમ્બરથી પંચાયતો અને



ધારાસભ્યોની ઑફિસમાંથી મળવાના શરૂ થશે, જ્યારે 9 સપ્ટેમ્બરથી આ રકમ ખાતામાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે.પણજીમાં એક કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી સાવંતે જણાવ્યું હતું કે, 'આ યોજના 2022ની રાજ્ય વિધાનસભા ચૂંટણી દરમિયાન કરવામાં આવેલા વચનનો એક ભાગ છે. ચૂંટણી સમયે ભાજપે રાજ્યના લોકોને દર વર્ષે ત્રણ મફત એલપીજી સિલિન્ડર આપવાનું આશ્વાસન આપ્યું હતું.

## ભારતે નેપાળને રાહત અને પુનર્નિર્માણમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી

# વિનાશક પૂર માટે વળતરની માગ કરનારા નેપાળને ભારતનો જવાબ, કહ્યું- 'ક્લાઈમેટ ચેન્જ સંયુક્ત પડકાર...'

(એજન્સી) નવી દિલ્હી | તા 05

નેપાળમાં ભયાનક પૂરથી 1200થી વધુ લોકોના મોત થતાં, વિદેશ મંત્રીએ ક્લાઈમેટ ચેન્જ માટે ચીન, અમેરિકા, ભારત પાસેથી વળતરની વાત કરી. જોકે, બાદમાં તેમણે સ્પષ્ટતા કરી કે આ અપીલ વૈશ્વિક સહયોગ માટે હતી. ભારતે ક્લાઈમેટ ચેન્જને સહિયારો પડકાર ગણાવી, વિકાસશીલ દેશોને મદદ કરવા વિકસિત દેશોને આગળ આવવા જણાવ્યું. ભારતે નેપાળને રાહત અને પુનર્નિર્માણમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી. નેપાળમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂરને કારણે ભારે તારાજી સર્જાઈ છે. આ કુદરતી આપદામાં અત્યાર સુધીમાં 1200થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે હજારો લોકો હજુ પણ લાપતા છે. આ ગંભીર હોનારત બાદ નેપાળના વિદેશ મંત્રી શિશિર ખાનલે એક નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે નેપાળનું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન લગભગ શૂન્ય સમાન છે, તેમ છતાં દેશ વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જની ભારે કિંમત ચૂકવી રહ્યો છે.શરૂઆતમાં નેપાળના વિદેશ મંત્રીએ વિશ્વમાં સૌથી વધુ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન કરતા ત્રણ દેશો–ચીન, અમેરિકા અને ભારત–પાસેથી આ નુકસાનની ઐતિહાસિક જવાબદારી લેવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે આ દેશોએ નેપાળ જેવા નબળા દેશોને વળતર આપવું જોઈએ. આ કોઈ 'દાન' નથી પરંતુ તે દેશોની 'કાનૂની અને નૈતિક ફરજ' છે. જોકે, બાદમાં તેમણે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે નેપાળ સરકાર કે તેમણે ખાસ કરીને ભારત, ચીન કે અમેરિકા પાસે વળતર નથી માંગ્યું, પરંતુ તેમની આ અપીલ સમગ્ર વૈશ્વિક સમુદાયને ક્લાઈમેટ ચેન્જની અસર સમજીને લાંબા ગાળાના સહયોગ માટે હતી.નેપાળના આ નિવેદન પર ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે જણાવ્યું કે, 'ક્લાઈમેટ ચેન્જ એ એક સહિયારો અને વૈશ્વિક પડકાર છે.

## શિક્ષક દિવસ પર રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2026 ના 82 વિજેતાઓ સાથે પ્રહલાદ જોશીએ વાર્તાલાપ કર્યો

નવી દિલ્હી: કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ શનિવારે શિક્ષક દિવસ નિમિત્તે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2026 ના 82 વિજેતાઓ સાથે વાર્તાલાપ કર્યો. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ શિક્ષકોને 'વિકસિત ભારત 2047' માં બાળકોને તૈયાર કરવાની સલાહ આપી. શિક્ષકોની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડતા, જોશીએ ભારપૂર્વક જણાવ્યું કે વિદ્યાર્થીઓ રાષ્ટ્રની અંતિમ સંપત્તિનું પ્રતિનિધિત્વ કરે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમને સર્વાંગી વ્યક્તિ બનવા માટે તૈયાર કરવા જોઈએ. "કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી @JoshiPralhad 2026 ★NationalTeachersAwards ના વિજેતાઓ સાથે વાર્તાલાપ કરે છે. કહે છે કે શિક્ષકોએ બાળકોને ★ViksitBharat2047 માટે તૈયાર કરવા જોઈએ. વિદ્યાર્થીઓ રાષ્ટ્રની અંતિમ સંપત્તિ છે અને તેમને સર્વાંગી વ્યક્તિ બનવા માટે તૈયાર કરવા જોઈએ.... રાજ્ય મંત્રી શ્રી @jayantrld અને @DrSukantaBJP પણ હાજર હતા," શિક્ષણ મંત્રાલયે જણાવ્યું.બાદમાં, X ના રોજ એક પોસ્ટમાં, કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો માટે પસંદ કરાયેલા 82 શિક્ષકોને અભિનંદન પાઠવ્યા, અને ભારપૂર્વક જણાવ્યું કે તેમના ઉત્કૃષ્ટ યોગદાન દ્વારા, પ્રાપ્તકર્તાઓ દેશભરના અસંખ્ય વિદ્યાર્થીઓને વધુ ઊંચાઈ સુધી પહોંચવા માટે પ્રેરણા આપતા રહે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે શિક્ષકો ફક્ત જ્ઞાન આપવા ઉપરાંત બાળકોના ભવિષ્યને આકાર આપે છે. "શિક્ષકો જ્ઞાન આપવા કરતાં વધુ કાર્ય કરે છે; તેઓ ભવિષ્યને આકાર આપે છે. રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો માટે પસંદ કરાયેલા 82 શિક્ષકોને હાર્દિક અભિનંદન. તેમના સમર્પણ, નવીનતા અને ઉત્કૃષ્ટ યોગદાન દ્વારા, તેઓ દેશભરના અસંખ્ય વિદ્યાર્થીઓને મોટા સ્વપ્નો જોવા અને વધુ ઊંચાઈઓ સુધી પહોંચવા માટે પ્રેરણા આપી રહ્યા છે. તમામ શિક્ષકો પ્રત્યે મારો હૃદયપૂર્વકનો આભાર, જેઓ દરરોજ, જ્ઞાન આપવાથી આગળ વધીને આગામી પેઢીને સશક્ત બનાવવા અને વિકાસ ભારતનો પાયો મજબૂત બનાવે છે. શિક્ષક દિવસ પર બધા શિક્ષકોને હાર્દિક શુભેચ્છાઓ!", કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું. વધુમાં, કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી જયંત ચૌધરી અને કેન્દ્રીય શિક્ષણ અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના શિક્ષણ અને વિકાસ રાજ્યમંત્રી સુકાંત મજુમદારે પણ રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2026 ના 82 પ્રાપ્તકર્તાઓ સાથે વાતચીત કરી.

## છોટા ઉદેપુર-ધાર નવા રેલ પ્રોજેક્ટ હેઠળ ટાંડા રોડ સ્ટેશન સુધી રેલ લાઇન પહોંચશે; ટાંડા રોડ અને પ્રતાપનગર વચ્ચે નવી રેલ સેવા ટૂંક સમયમાં આવી રહી છે

પશ્ચિમ રેલ્વે | વડોદરા

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગ હેઠળ આવતા છોટા ઉદેપુર-ધાર નવા રેલ પ્રોજેક્ટ પર કામ હાલમાં પ્રગતિમાં છે. તાજેતરમાં, આ પ્રોજેક્ટ હેઠળ દેકાકુંડથી ટાંડા રોડ સ્ટેશન સુધી 16 કિલોમીટર લાંબી નવી રેલ લાઇન બનાવવામાં આવી હતી. આનાથી ટાંડા રોડ-પ્રતાપનગર રેલ વિભાગ પર મુસાફરોની સેવાઓના સંચાલનનો માર્ગ મોકળો થયો છે, અને આ માર્ગ પર ટૂંક સમયમાં નવી રેલ સેવા શરૂ કરવામાં આવશે. આ નવી રેલ લાઇન પ્રોજેક્ટ આદિવાસી અને દૂરના વિસ્તારોને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે. ગુજરાતના છોટા ઉદેપુરથી મધ્યપ્રદેશના ધારને જોડતો 157 કિલોમીટર લાંબો નવો રેલ લાઇન પ્રોજેક્ટ બંને રાજ્યોના રહેવાસીઓ માટે એક મહત્વપૂર્ણ પહેલ છે. ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે કનેક્ટિવિટી સુધારવા ઉપરાંત, આ પ્રોજેક્ટ આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોના સામાજિક-આર્થિક વિકાસને વેગ આપશે.૧૫૭ કિલોમીટર લાંબા છોટા ઉદેપુર-ધાર રેલ પ્રોજેક્ટમાંથી આશરે ૭૨.૩ કિલોમીટર મધ્યપ્રદેશ રાજ્યમાં આવેલું છે. મધ્યપ્રદેશમાં, આ લાઇન છોટા ઉદેપુર, અલીરાજપુર અને ધાર જિલ્લામાંથી પસાર થશે, જેનો આશરે ૬૮ કિલોમીટરનો વિસ્તાર ધાર જિલ્લામાં આવેલો છે. આ પ્રોજેક્ટનો કુલ મંજૂર ખર્ચ ૧,૪૪૭.૨૬ કરોડ છે, અને તેના પૂર્ણ થવા અને કાર્યરત થવાનો લક્ષ્યાંક ડિસેમ્બર ૨૦૨૭ છે.આ રેલ પ્રોજેક્ટ વડોદરા (ગુજરાત) અને ઈન્દોર (મધ્યપ્રદેશ) વચ્ચે કનેક્ટિવિટી સુધારવામાં મદદ કરશે. વધુમાં, તે આદિવાસી અને દૂરના વિસ્તારો - જેમ કે અલીરાજપુર અને ધાર - ને દેશના વ્યાપક રેલ નેટવર્ક સાથે જોડવાનો માર્ગ મોકળો કરશે.છોટા ઉદેપુર-ધાર નવા રેલ પ્રોજેક્ટ હેઠળ, જોબત અને ટાંડા રોડ વચ્ચે ૨૮ કિલોમીટર લાંબી નવી રેલ લાઇનનું બાંધકામ પૂર્ણ થયું છે. આશરે ૩૩૪ કરોડના ખર્ચે બનેલી આ રેલ લાઇન ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે રેલ જોડાણને વધુ મજબૂત બનાવશે અને પ્રદેશના આદિવાસી અને દૂરના વિસ્તારોને રાષ્ટ્રીય રેલ નેટવર્કની નજીક લાવશે.નવી રેલ લાઇનના ઉદ્ઘાટનથી સ્થાનિક રહેવાસીઓને પરિવહનનું વધુ અનુકૂળ અને સુલભ માધ્યમ મળશે. તે કૃષિ પેદાશો, સ્થાનિક માલસામાન અને અન્ય ચીજવસ્તુઓના પરિવહનને પણ વેગ આપશે, જેનાથી સ્થાનિક વેપાર અને અર્થતંત્રને ફાયદો થશે.

## ઓગસ્ટમાં ગરમી બાદ હવે શિયાળા પર સંકટ, ખેડૂતોની ચિંતા વધી

(એજન્સી) નવી દિલ્હી | તા 05

WMOએ ચેતવણી આપી છે કે પ્રશાંત મહાસાગરમાં સક્રિય 'અલ નીનો' વધુ મજબૂત બની ફેબ્રુઆરી 2027 સુધી અસર કરશે. ભારતમાં ચોમાસા પર તેની સીધી અસરથી ઓછો વરસાદ અને શિયાળામાં પણ વરસાદ જોવા મળશે. IMD મુજબ, ઓગસ્ટમાં 16% ઓછો વરસાદ નોંધાયો અને સપ્ટેમ્બરમાં પણ ઓછો રહેવાની શક્યતા છે. આ બદલાવ ઘઉંના ઉત્પાદન માટે ખતરો છે. એક તરફ વિશ્વના અનેક ભાગો પૂર અને દુષ્કાળનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ પ્રશાંત મહાસાગરમાં બની રહેલી સ્થિતિ આવનારા મહિનાઓમાં હવામાનની ચાલ સંપૂર્ણપણે બગાડી શકે છે. વિશ્વ હવામાન સંસ્થા (WMO)એ ચેતવણી આપી છે કે પ્રશાંત મહાસાગરમાં હાલમાં સક્રિય 'અલ નીનો' વધુ મજબૂત બનીને અત્યંત શક્તિશાળી રૂપ ધારણ કરી શકે છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે તેની અસર ફેબ્રુઆરી 2027 સુધી જળવાઈ રહેવાની શક્યતા છે. આ લાંબા ગાળાના બદલાવને કારણે વિશ્વભરમાં વરસાદ, તાપમાન અને વિપરીત હવામાનની ઘટનાઓ પર ઊંડી અસર જોવા મળી શકે છે.ભારતમાં અલ નીનોની અસર મુખ્યત્વે ચોમાસા પર જોવા મળે છે. સામાન્ય રીતે અલ નીનોના કારણે ભારતમાં નબળો વરસાદ નોંધાય છે. ભારતીય મૌસમ વિજ્ઞાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, ઓગસ્ટ મહિનામાં દેશભરમાં સામાન્ય કરતાં 16 ટકા ઓછો વરસાદ નોંધાયો હતો, જ્યારે 1901 પછી આ વર્ષનો ઓગસ્ટ મહિનો સૌથી ગરમ રહ્યો છે. IMDએ સપ્ટેમ્બર મહિનામાં પણ દેશભરમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ (LPAના 91 ટકાથી ઓછો) રહેવાની ધારણા વ્યક્ત કરી છે. ચોમાસું પૂરું થયા પછી પણ અલ નીનોની ચિંતા હળવી થાય તેમ નથી, કારણ કે તેની અસર શિયાળાના તાપમાન પર પણ પડી શકે છે. દિલ્હી સ્થિત રિસર્ચ સંસ્થા 'ક્લાઈમેટ ટ્રેન્ડ્સ'ના અભ્યાસ મુજબ, ઉત્તર ભારતમાં શિયાળાનો સમયગાળો ટૂંકો થઈ રહ્યો છે અને ગરમી વહેલી શરૂ થઈ રહી છે.


### ધ્યાની ટ્રેડવેન્ચર્સ લિમિટેડ

(પહેલાં ધ્યાની ટાઈલ એન્ડ માર્બલ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
સીઆઈએન (CIN): U51900GJ2014PLC081004
રજિસ્ટર્ડ ઓફિસ: બ્લોક-ડી, ૧૦૧, પ્રહલાદનગર ટ્રેડ સેન્ટર, ટાઈટેનિયમ સિટી સેન્ટરની પાછળ, રેડિયો મિર્ચી રોડ, જોધપુર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાત, ભારત.
વેબસાઈટ: [https://www.dhyaaniinc.com/](https://www.dhyaaniinc.com/) ઈમેલ: cs@dhyaaniinc.com

**કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે યોજાનારી ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (AGM) અને બુક ક્લોઝર અંગેની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે ધ્યાની ટ્રેડવેન્ચર્સ લિમિટેડના સભ્યોની ૧૨મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') સોમવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે (IST) કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ, બ્લોક-ડી, ૧૦૧, પ્રહલાદનગર ટ્રેડ સેન્ટર, ટાઈટેનિયમ સિટી સેન્ટરની પાછળ, રેડિયો મિર્ચી રોડ, જોધપુર ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાત, ભારત ખાતે AGM ની નોટિસમાં જણાવ્યા મુજબના કામકાજ માટે મળશે.
એમસીએ (MCA) અને સેબી (SEBI) ના પરિપત્રોના અનુપાલનમાં, ૧૨મી AGM ની નોટિસ વાર્ષિક અહેવાલ (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬) સાથે માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તે સભ્યોને મોકલવામાં આવી છે, ઈમેલ સરનામા કંપની અથવા રજિસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા છે.
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈઓ સાથે વંચાણમાં લેવાયેલ કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ (સમયસમય પર સુધારેલ) અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાઈર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ તથા જનરલ મીટિંગ અંગેના સેક્રેટરીયલ ધોરણો (SS-2) અનુસાર, કંપની તમામ સભ્યોને AGM ની નોટિસમાં જણાવેલા તમામ ઠરાવો પર their મત આપવા માટે રિમોટ ઈ-વોટિંગ સુવિધા ('રિમોટ ઈ-વોટિંગ') પ્રદાન કરતાં આનંદ અનુભવે છે. આ ઉપરાંત, જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત નથી આપ્યા તેવા તમામ સભ્યો માટે AGM દરમિયાન બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા પણ પૂરી પાડવામાં આવી રહી છે. આ અંગેની પ્રક્રિયા/સૂચનાઓ AGM ની નોટિસમાં આપવામાં આવી છે.

**ઇ-વોટિંગ સુવિધા અંગેની વિગતો નીચે મુજબ છે:**
a. રિમોટ ઈ-વોટિંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશે:

| | |
|---|---|
| મતદાન કરવા માટે હકદાર સભ્યો નક્કી કરવાની કટ-ઓફ તારીખ | સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ |
| ઈ-વોટિંગ સમયગાળાની શરૂઆત | શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬, સવારે ૯:૦૦ વાગ્યે (IST) |
| ઈ-વોટિંગ સમયગાળાનો અંત | રવિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬, સાંજે ૫:૦૦ વાગ્યે (IST) |

રવિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા પછી NSDL દ્વારા ઈ-વોટિંગ નિષ્ક્રિય કરવામાં આવશે અને સભ્યોને ઉપરોક્ત તારીખ અને સમય પછી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
b. સભ્યોના મતદાનના હક્કો સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ('કટ-ઓફ તારીખ') ના રોજ કંપનીની ભરપાઈ થયેલ ઈક્વિટી શેર મૂડીના તેમના હિસ્સાના પ્રમાણમાં રહેશે. AGM દરમિયાન પણ ઈ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે અને AGM માં હાજરી આપનાર સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ મીટિંગ દરમિયાન તેમના અધિકારનો ઉપયોગ કરવા માટે પાત્ર બનશે. કટ-ઓફ તારીખ મુજબ સભ્યોના રજિસ્ટર / બેનિફિશિયલ ઓનર્સના રજિસ્ટરમાં જે વ્યક્તિનું નામ નોંધાયેલું છે તે જ વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ અથવા AGM માં ઈ-વોટિંગની સુવિધાનો લાભ મેળવવા માટે હકદાર રહેશે.
c. જે કોઈ વ્યક્તિ કંપનીના શેર મેળવે છે અને નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ મુજબ શેર ધરાવે છે, તે NSDL દ્વારા પૂરા પાડવામાં આવ્યા મુજબ evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને રિમોટ ઈ-વોટિંગ માટે લોગિન-આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
d. જે સભ્યોએ AGM પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ AGM માં હાજરી આપી શકે છે, પરંતુ ફરીથી મતદાન કરવા માટે હકદાર રહેશે નહીં.
આથી વધુમાં નોટિસ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાઈર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૨ અનુસાર સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર પુસ્તકો મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી સોમવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.
સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ AGM ની નોટિસમાં દર્શાવેલ તમામ નોંધો અને AGM માં જોડાવાની સૂચનાઓ, AGM દરમિયાન રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપવાની પદ્ધતિ કાળજીપૂર્વક વાંચે.
જો તમને NSDL ઈ-વોટિંગ સિસ્ટમમાંથી AGM માં હાજરી આપવા અને ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે evoting@nsdl.co.in પર ઈમેલ મોકલી શકો છો અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦ પર સંપર્ક કરી શકો છો.

આપનો વિશ્વાસુ,
ધ્યાની ટ્રેડવેન્ચર્સ લિ. માટે
(પહેલાં ધ્યાની ટાઈલ એન્ડ માર્બલ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
ચિંતન નયનભાઈ રાજ્યગુરુ
મેનેજિંગ ડિરેક્ટર
DIN : 08091654

સ્થળ: અમદાવાદ
તારીખ: ૦૫.૦૯.૨૦૨૬

સિટી
એક્સપ્રેસ
SUNDAY 06 SEPTEMBER-2026
AHMEDABAD



અમદાવાદ સહિત ૮ જિલ્લાઓના પ્રાથમિક-માધ્યમિક-મદદનીશ શિક્ષકો, વિદ્યાસહાયકો તથા એસટી કર્મચારીઓ માટે બદલી પ્રક્રિયા સરળ બનશે

# અમદાવાદ સિવિલનું ભારણ ઘટાડવા સોલા GMERSમાં પણ સ્થાયી તબીબી મંડળની રચના

ગાંધીનગર, 05 સપ્ટેમ્બર

રાજ્યના કર્મચારીઓને તબીબી પ્રમાણપત્ર મેળવવામાં વધુ સુવિધા મળે અને અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતેના સ્થાયી તબીબી મંડળ (પરમાનેન્ટ મેડિકલ બોર્ડ)નું કાર્યભારણ ઘટે; તે હેતુથી રાજ્ય સરકારે અમદાવાદની GMERS હૉસ્પિટલ, સોલા ખાતે ત્રણ સભ્યોનું નવું સ્થાયી તબીબી મંડળ રચવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય તથા પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાની મંજૂરીથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવી વ્યવસ્થા હેઠળ શિક્ષણ વિભાગના વર્ગ-3ના કર્મચારીઓ તથા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓને તબીબી કારણોસર બદલી અથવા કક્ષાબદલી માટે જરૂરી પ્રમાણપત્ર સોલા GMERS હૉસ્પિટલ ખાતે મળી શકશે. શિક્ષણ વિભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો, વિદ્યાસહાયક તથા મદદનીશ શિક્ષકોને ગંભીર અને અસાધ્ય બીમારીના કિસ્સામાં



આંતરિક અથવા જિલ્લા ફેરબદલી માટે તબીબી પ્રમાણપત્રની જરૂર પડે છે. નવી વ્યવસ્થા હેઠળ અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લાના આવા કર્મચારીઓનું તબીબી પરીક્ષણ સોલા GMERSના સ્થાયી મેડિકલ બોર્ડ દ્વારા કરવામાં આવશે. આ આઠ જિલ્લાઓ સિવાયના કર્મચારીઓ માટે નજીકના સ્થાયી તબીબી મંડળ મારફતે પ્રમાણપત્ર મેળવવાની અગાઉની વ્યવસ્થા યથાવત રહેશે. GSRTCના કક્ષાબદલી સંબંધિત કેસોમાં અમદાવાદ, મહેસાણા, હિંમતનગર અને પાલનપુર વિભાગના વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓને પણ આ નવી સુવિધાનો લાભ મળશે. તેમના તબીબી પરીક્ષણ બાદ કાયમી 'ફિટ' અથવા 'અનફિટ' પ્રમાણપત્ર સોલા GMERSના મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. અન્ય વિભાગોના કર્મચારીઓ માટે સંબંધિત જિલ્લા તબીબી બોર્ડની વ્યવસ્થા ચાલુ રહેશે. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 હેઠળ અમદાવાદ સહિત જામનગર, વડોદરા અને સુરતમાં તબીબી મંડળો કાર્યરત છે. અત્યાર સુધી ઉપરોક્ત શિક્ષણ વિભાગના આઠ જિલ્લાઓ તેમજ GSRTCના ચાર વિભાગના કર્મચારીઓની મોટી સંખ્યામાં તબીબી પ્રમાણપત્ર સંબંધિત કામગીરી અમદાવાદ સિવિલના સ્થાયી તબીબી મંડળ સાથે જોડાયેલી હતી. તેના કારણે ત્યાં કાર્યભારણ વધતું હતું. સોલા GMERS ખાતેના નવા મંડળમાં ત્રણ સભ્યો રહેશે. તેના અધ્યક્ષ તરીકે સિવિલ સર્જન અથવા મેડિસિનના સિનિયર પ્રોફેસરની નિમણૂક કરવામાં આવશે. અધ્યક્ષ અને અન્ય સભ્યોની સત્તાવાર નિમણૂક સંબંધિત મેડિકલ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલના તબીબી અધિક્ષક દ્વારા કરવામાં આવશે. આ નિર્ણયથી તબીબી પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ થશે. એક તરફ કર્મચારીઓને નિર્ધારિત મેડિકલ બોર્ડની સુવિધા મળશે, તો બીજી તરફ અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સ્થાયી તબીબી મંડળ પરનો કાર્યભાર ઘટશે. પરિણામે શિક્ષણ વિભાગ તથા એસ.ટી. નિગમના નિર્ધારિત કર્મચારીઓની તબીબી આધારિત બદલી અને કક્ષાબદલી પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બનવાની અપેક્ષા છે.

## જન્માષ્ટમી અને વિકેન્ડની રજાઓમાં ગિરિમથક સાપુતારા પ્રવાસીઓથી છલકાયુ

સુશીલ પવાર | ડાંગ

જન્માષ્ટમી પર્વ સાથે વિકેન્ડની રજાઓનો સંયોગ થતા ગુજરાતના પ્રખ્યાત ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓનો જનસેલાબ ઉમટી પડ્યો હતો.સાપુતારા સહિત તળેટી વિસ્તારમાં આવેલી હોટલ, હોમસ્ટે,



રિસોર્ટ તેમજ ટેન્ટ સિટીઓ હાઉસફુલ થઈ જતા પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી. સાપુતારાને અડીને મહારાષ્ટ્ર તરફ આશરે ૧૦ કિલોમીટરના વિસ્તારમાં આવેલી હોટલ, હોમસ્ટે અને વિલાઓમાં પણ પ્રવાસીઓની ભારે ભીડને પગલે તમામ રૂમો હાઉસફુલ જોવા મળ્યા હતા.રાજ્યમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ખાનગી વાહનો મારફતે સાપુતારા તરફ ઉમટી પડતા સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સાપુતારાના સ્વાગત સર્કલ, બોટિંગ, ટેબલ પોઈન્ટ, સ્વાગત સર્કલથી પેટ્રોલ પંપ તેમજ આનંદો સર્કલ સહિતના વિસ્તારોમાં પ્રવાસીઓનાં નાના-મોટા વાહનોનો કાફલો વધી જતાં સમયાંતરે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.કેટલાક સ્થળોએ તો કલાકો સુધી ટ્રાફિક જામ રહેતાં પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સાપુતારામાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે.કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.સાપુતારા પોલીસ કર્મચારીઓ દ્વારા ટ્રાફિક વાળા સ્થળ પર પહોંચી વાહનવ્યવહારને વ્યવસ્થિત કરવાના પ્રયાસો કરવામાં આવતા ધીમે ધીમે ટ્રાફિક હળવો બન્યો હતો.ગિરિમથક સાપુતારા ખાતે મોટી સંખ્યામાં આવેલા પ્રવાસીઓએ બોટિંગ, રોપ-વે અને એડવેન્ચર પાર્ક સહિતનાં વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ રજાઓની મોજ માણી હતી. પ્રવાસીઓનાં ભારે ઘસારાને પગલે સાપુતારાનું સમગ્ર વાતાવરણ પ્રવાસીઓના કિલકિલાટથી ગુંજી ઉઠ્યું હતું.સાપુતારા ઉપરાંત વઘઈનો ગીરાધોધ, ગીરમાળનો ગીરાધોધ સહિત ડાંગ જિલ્લાના અન્ય વિવિધ પ્રવાસન સ્થળોએ પણ રજાઓ દરમિયાન પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી.જન્માષ્ટમી અને વિકેન્ડની રજાઓમાં સમગ્ર ડાંગ જિલ્લો જાણે પ્રવાસીઓથી તરબોળ બની ગયો હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતુ.

# રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૬' યોજાયો: ૪૦ ઉત્કૃષ્ટ શિક્ષકોનું રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું

ગાંધીનગર, 05 સપ્ટેમ્બર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિન અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કર્યા હતા. આજીવન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની શિક્ષણ સેવા સાધનાની સ્મૃતિરૂપે પાંચમી સપ્ટેમ્બરને દેશભરમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. આ સંદર્ભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના 40 શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, પ્રશસ્તિપત્ર અને સન્માન રાશિથી સન્માનિત કર્યા હતા. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'રાજ્ય સ્તરીય શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર' વિતરણ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત રહીને તમામ શિક્ષકોને શિક્ષક દિનની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવનનું સ્મરણ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની પ્રાચીન સંસ્કૃતિથી ગુરુનું સ્થાન સર્વોપરી રહ્યું છે. માં શરીર રૂપે જન્મ આપે છે, પરંતુ ગુરુ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથરીને શિષ્યને સાચા અર્થમાં દ્વિજ બનાવે છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, મેકોલેની શિક્ષણ પદ્ધતિ માત્ર ભૌતિકવાદ અને વ્યવસાયલક્ષી શિક્ષણ પર ભાર મૂકે છે. પ્રાચીન ભારતમાં વૃક્ષ નીચે બેસીને પણ બાળકને માનવતા અને સંસ્કારના પાઠ ભણાવવામાં આવતા હતા. ફક્ત ભૌતિક સમૃદ્ધિ, ધન કે વૈભવ માણસને સ્થાયી સુખ આપી શકતા નથી, જ્યાં સુધી તેનામાં માનવતા, દયા, પરોપકાર અને માતા-પિતા તથા ગુરુઓ પ્રત્યે સમર્પણ ભાવ ન હોય. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે ભારત પ્રાચીન કાળથી જ ખગોળ વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં વિશ્વમાં અગ્રેસર રહ્યું છે. આજના યુગમાં ભૌતિક સાધનો અને ટેકનોલોજીનું જ્ઞાન જેટલું જરૂરી છે, એટલું જ આત્મજ્ઞાન અને નૈતિક મૂલ્યોનું જ્ઞાન પણ અનિવાર્ય છે. જો શિક્ષણમાં સંસ્કારોનો અભાવ હશે તો સમાજમાં અશાંતિ અને પતન વધશે. 'સા વિદ્યા યા વિમુક્તયે' નો મંત્ર આપતા તેમણે કહ્યું કે સાચું જ્ઞાન એ જ છે જે મનુષ્યને સંસ્કારી અને સુખી બનાવે. રાજ્યપાલશ્રીએ તમામ શિક્ષકોને અનુરોધ કર્યો હતો કે વર્ગખંડમાં વિષય ભણાવતા પહેલાં દરરોજ પાંચ મિનિટ બાળકોને જીવન જીવવાની કળા, દેશભક્તિ, સંસ્કાર અને માતૃ-પિતૃ ભક્તિ વિશે માર્ગદર્શન આપે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર



કરવા શિક્ષકો ટેકનોલોજી અને સંસ્કૃતિ બંનેનો સુમેળ સાધીને ઉત્તમ પેઢીનું નિર્માણ કરે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પારિતોષિક વિજેતા શિક્ષકોની સેવા સાધનોની પ્રશંસા કરતા કહ્યું કે, શિક્ષક માત્ર વ્યવસાય નથી તે એક રાષ્ટ્રધર્મ છે અને વ્યક્તિના જીવન ઘડતરથી રાષ્ટ્ર નિર્માણનું મહત્વનું કાર્ય શિક્ષક કરે છે. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણની પરંપરાગત વિરાસત તથા અદ્યતન ટેક્નોલોજીના સમન્વયથી શિક્ષણ વ્યવસ્થા અને બાળકોને ભવિષ્ય માટે તૈયાર કરવાનું સમગ્ર શિક્ષક સમુદાયને આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, શિક્ષકના વાણી, વર્તન અને વ્યવહારથી વિદ્યાર્થીને હંમેશા સકારાત્મક ઊર્જા મળે તેવું શ્રેષ્ઠ દાયિત્વ શિક્ષક સમુદાયે નિભાવવાનું છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણને રોજગાર મેળવવાનું સાધન નહીં રાષ્ટ્ર ઘડતરનું શક્તિશાળી માધ્યમ ગણાવ્યું છે, તેમની વિઝનરી લીડરશીપ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાથી દેશની શિક્ષણ વ્યવસ્થામાં મોટું ટ્રાન્સફોર્મેશન આવ્યું છે.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ નેશનલ એજ્યુકેશન પોલીસી દ્વારા હોલીસ્ટિક ડેવલપમેન્ટ માટે શિક્ષણને સ્કીલ બેઈઝ્ડ અને ફ્યુચરિસ્ટિક બનાવવાનો આયામ આદર્યો છે. તેમના દિશાદર્શનમાં ગુજરાતે શિક્ષણ સેવાનો અને કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવનો યજ્ઞ જન આંદોલન સ્વરૂપે ઉપાડીને રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી દીધું છે તેમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉમેર્યું હતું.આજે વિદ્યાર્થી એ.આઈ. ડિજિટલ ટેકનોલોજી, ગુગલ જેવા અદ્યતન સંસાધનોના સહારે વિશ્વના પ્રવાહો સાથે સતત જોડાયેલો રહે છે. આવા સમયે શિક્ષકોએ પણ ટેકનોલોજીથી સતત અપડેટ થતા રહેવું આવશ્યક છે. એટલુ જ નહીં, એ ટેકનોલોજીનો ઉપયોગ સમજદારી અને જવાબદારી પૂર્વક થાય તે દિશામાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોને પ્રેરણા આપતા જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત 2047 માટે 'સપ્તધારા'નો જે સંકલ્પ આપ્યો છે તેને ગતિ આપતી સામર્થ્યવાન પેઢીના ઘડતરનું સેવા કાર્ય નિષ્ઠાપૂર્વક શિક્ષક સમુદાય નિભાવે તેવો અનુરોધ કરતા મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકની સજ્જતાથી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો કોલ આપ્યો હતો.

## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો



રાજ્યની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવોને યાદ કરવાની ઉત્તમ પરંપરાના ભાગરૂપે આજે ૦૫ સપ્ટેમ્બરના રોજ ગુજરાત વિધાનસભા બિલ્ડીંગ ખાતે ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ, મહાન તત્વચિંતક, વિચારક અને ઉત્કૃષ્ટ શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૮મી જન્મજયંતિ ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભા બિલ્ડીંગના પ્રથમ માળે આવેલા પોડિયમમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના તૈલચિત્રને ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ શ્રી સી. બી. પંડ્યાની વિશેષ ઉપસ્થિતિમાં ભાવપૂર્ણ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ગરીમામય કાર્યક્રમમાં વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ભવ્ય ઉત્સાહ અને ભક્તિભાવ સાથે જન્માષ્ટમીની ઉજવણી







હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે શુક્રવાર, 4 સપ્ટેમ્બર 2026ના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિર ખાતેની જન્માષ્ટમીની ઉજવણી તેની વિશિષ્ટતા અને ભક્તો માટેના આધ્યાત્મિક તથા ભાવનાત્મક અનુભવ માટે જાણીતી છે. મહા અભિષેક, ઝુલન ઉત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્વર્ણ રથ ઉત્સવ વગેરે દ્વારા સમગ્ર ઉત્સવ વધુ ભવ્ય અને આકર્ષક બન્યો.







### યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો

1. શ્રીકૃષ્ણ સંકીર્તન કોન્સર્ટ - શ્રી નંદલાલ છાંગા અને તેમની ટીમ દ્વારા રાત્રે 10:00 વાગ્યાથી. 2. સમગ્ર ઉત્સવ દરમિયાન સવારે 9:00 વાગ્યાથી રાત્રે 12:00 વાગ્યા સુધી વિવિધ કલાકારો દ્વારા કૃષ્ણ ભજનોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવની વિશેષ વિશેષતાઓ: 1. ઉત્સવ દરમિયાન લાખો ભક્તો અને મુલાકાતીઓએ મંદિરની મુલાકાત લીધી. સૌને ફરાળી કૃષ્ણ પ્રસાદમ મેળવવાની તક મળી.2. વિવિધ પ્રકારની મીઠાઈઓ, દૂધની વાનગીઓ, ફરસાણ વગેરે સહિત 1008થી વધુ પ્રકારની વાનગીઓ ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરવામાં આવી અને ભક્તોમાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવી. આ ઉપરાંત 151 કિલોગ્રામ વજનની વિશેષ શુદ્ધ શાકાહારી કેક પણ ભગવાનને અર્પણ કરવામાં આવી. 3. વિશેષ જન્માષ્ટમી અલંકાર - આ જન્માષ્ટમી નિમિત્તે હરેકૃષ્ણ મંદિરના શ્રી શ્રી રાધા માધવને સુગંધિત અને મનમોહક વસ્ત્રો ધારણ કરાવવામાં આવ્યા હતા. ભગવાનને ભક્તો દ્વારા વિશેષ રીતે તૈયાર કરાયેલ શુદ્ધ રેશમી વસ્ત્રો અને પથ્થરોથી શણગારવામાં આવ્યા હતા. દેવવિગ્રહના વસ્ત્રોને અનુરૂપ કિંમતી અને રત્નજડિત પથ્થરોના નવા આભૂષણો વૃંદાવનથી તૈયાર કરાવવામાં આવ્યા હતા. રંગ, ડિઝાઈન અને સામગ્રી અંગે છેલ્લા બે મહિનાથી વિશેષ આયોજન અને વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે દેવવિગ્રહના દિવ્ય દર્શન ભક્તો માટે વિશેષ આનંદનો વિષય રહ્યા. સમગ્ર મંદિરને ભારતના વિવિધ ભાગોમાંથી લાવવામાં આવેલા સુગંધિત અને રંગબેરંગી ફૂલોથી સજાવવામાં આવ્યું હતું. 4. ઝુલન (હિંડોળા) સેવા - સમગ્ર દિવસ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ માટે ઝુલન સેવા અર્પણ કરવામાં આવી હતી. 5. મહા અભિષેક - આશરે પાંચ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય સમયે મહારાજ નંદ અને માતા યશોદાએ દૂધ, ઘી, મધ વગેરે જેવા મંગલકારી પદાર્થોથી બાલકૃષ્ણને સ્નાન કરાવ્યું હતું. એ જ ભાવનાને અનુસરીને હરેકૃષ્ણ મંદિર, ભાડજના ભક્તોએ શ્રી શ્રી રાધા માધવના દેવવિગ્રહોનો વિશેષ અભિષેક કર્યો. પંચગવ્ય, ઔષધીય વનસ્પતિઓ, ફળોના રસ અને પુષ્પો સહિત વિવિધ મંગલકારી પદાર્થોથી દેવવિગ્રહોને અભિષેક કરવામાં આવ્યો. આ અભિષેકની વિશેષતા એ હતી કે સાત પવિત્ર નદીઓમાંથી એકત્રિત કરવામાં આવેલા જળથી ભરેલા 108 કળશ દ્વારા ભગવાનનો અભિષેક કરવામાં આવ્યો. મધ્યરાત્રિએ પરંપરાગત દીવાઓ સાથે ભવ્ય મહા આરતી કરવામાં આવી. 6. મહા આરતી - ભગવાન શ્રીકૃષ્ણના જન્મ સમયે રાત્રે 12:00 વાગ્યે સંકીર્તન સાથે ભવ્ય મહા આરતી કરવામાં આવી. 7. 5 સપ્ટેમ્બરના રોજ મંદિરમાં નંદોત્સવ અને વ્યાસ પૂજાની ઉજવણી કરવામાં આવી. વૈષ્ણવ ગુરુના પ્રાગટ્ય દિવસને વ્યાસ પૂજા તરીકે ઓળખવામાં આવે છે. આચાર્ય શ્રીલ પ્રભુપાદનો પ્રાગટ્ય નંદોત્સવના દિવસે, એટલે કે જન્માષ્ટમીના બીજા દિવસે થયો હોવાથી આ દિવસની વ્યાસ પૂજા મહોત્સવ તરીકે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.8. ભક્તોએ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ માટે ભગવાનને પ્રાર્થના સ્વરૂપે શ્રીકૃષ્ણના 21 લાખ નામોના જપનો સંકલ્પ કર્યો હતો. તમામ મુલાકાતીઓએ પણ આ જપ-યજ્ઞમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.9. રાજ્ય અને શહેરના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ મંદિરની મુલાકાત લઈ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો અને ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.10. ગુજરાતના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, શ્રી અનુપમ સિંહ ગેહલોત, કમિશનર પોલીસ, અમદાવાદ સહિત અનેક અગ્રણી મહાનુભાવોએ પોતાના પરિવાર સાથે મંદિરની મુલાકાત લઈ વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બની ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કર્યા.